અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૭

વર્ષ : ૧૭
અંક : ૯૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**UNમાં એસ.જયશંકરના પાકિસ્તાન પર આકરા પ્રહાર**

ભારતના વિદેશ મંત્રી જયશંકરે કહ્યું હતું કે, "ભારતે સ્વતંત્રતા પછી આ પડકારનો સામનો કર્યો છે કારણ કે તેનો પાડોશી વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર છે

## ભારતનો પડોશી દેશ આતંકવાદનું કેન્દ્ર છે : વિદેશમંત્રી જયશંકર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ના ૮૦મા સત્રમાં પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે પ ાકિસ્તાનને "વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર" ગણાવ્યું અને દાયકાઓથી આંતરરાષ્ટ્રીય આતંકવાદી હુમલાઓ પાછળ જવાબદાર હોવાનો આરોપ લગાવ્યો હતો. જયશંકરે કહ્યું હતું કે, "ભારતે સ્વતંત્રતા પછી આ પડકારનો સામનો કર્યો છે કારણ કે તેનો પાડોશી વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર છે. દાયકાઓથી મોટા આંતરરાષ્ટ્રીય આતંકવાદી હુમલાઓના મૂળ તે દેશ સાથે જોડાયેલા છે. યુએનની આતંકવાદી યાદીમાં ઘણા નામો તે દેશના નાગરિકો છે." પહલગામ હુમલાનો ઉલ્લેખ કરતા વિદેશ મંત્રીએ આ વર્ષે એપ્રિલમાં પહલગામમાં નિર્દોષ પ્રવાસીઓની હત્યાને તાજેતરના સરહદ પાર આતંકવાદી ક્રૂરતાના ઉદાહરણ તરીકે ટાંક્યું. તેમણે કહ્યું હતું કે, "ભારતે તેના લોકોની સુરક્ષા માટે બદલો લીધો અને આ ઘટનાના ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવ્યા." જયશંકરે કહ્યું હતું કે, "આતંકવાદનો સામનો કરવો એ આપ ણી પ્રાથમિકતા છે કારણ કે તે કટ્ટરતા, હિંસા, અસહિષ્ણુતા અને ભયને જોડે છે. તેથી આપણે આપણા અધિકારોનું રક્ષણ કરતી વખતે આવા જોખમોનો હિંમતપૂર્વક સામનો કરવો જોઈએ." તેમણે ભાર મૂક્યો કે આતંકવાદ એક



સામાન્ય ખતરો છે અને આંતરરાષ્ટ્રીય સહયોગને વધુ ગાઢ બનાવવો જરૂરી છે. જયશંકરે કહ્યું, "જ્યારે દેશો ખુલ્લેઆમ આતંકવાદને તેમની નીતિ તરીકે અપનાવે છે, જ્યારે આતંકવાદી અડ્ડાઓ મોટા પાયે કાર્યરત હોય છે અને જ્યારે આતંકવાદીઓની જાહેરમાં પ્રશંસા કરવામાં આવે છે ત્યારે આવી ક્રિયાઓની સખત નિંદા કરવી જોઈએ. આતંકવાદી ભંડોળ બંધ કરવું જોઈએ અને મોટા આતંકવાદીઓને પ્રતિબંધિત કરવા જોઈએ." વિદેશ મંત્રીએ ચેતવણી આપી હતી કે આતંકવાદને ટેકો આપ તા અને સમર્થન આપતા દેશો પર સતત દબાણ લાવવું જોઈએ. તેમણે કહ્યું, "આતંકવાદને પ્રાયોજિત કરનારાઓનું રક્ષણ કરનારા દેશો પણ પરિણામોનો સામનો કરશે." જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે સંસ્થાને ખરેખર પ્રતિનિધિત્વ આપવા માટે કાઉન્સિલના કાયમી અને બિન-કાયમી બંને સભ્યપદનો વિસ્તાર કરવો જોઈએ. ભારત આવી કાઉન્સિલનો ભાગ બનીને મોટી જવાબદારીઓ નિભાવવા તૈયાર છે. વિદેશ મંત્રીએ ચેતવણી આપી હતી કે આતંકવાદને ટેકો આપતા અને સમર્થન આપતા દેશો પર સતત દબાણ લાવવું જોઈએ. તેમણે કહ્યું, "આતંકવાદને પ્રાયોજિત કરનારાઓનું રક્ષણ કરનારા દેશો પણ પરિણામોનો સામનો કરશે."

જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં તાત્કાલિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે સંસ્થાને ખરેખર પ્રતિનિધિત્વ આપવા માટે કાઉન્સિલના કાયમી અને બિન-કાયમી બંને સભ્યપ દનો વિસ્તાર કરવો જોઈએ. ભારત આવી કાઉન્સિલનો ભાગ બનીને મોટી જવાબદારીઓ નિભાવવા તૈયાર છે.

### અભિનેતા વિજયની રેલીમાં નાસભાગમાં ૩૯ના મોત

। કરૂર, તા.૨૮ ।

શનિવારે તમિલનાડુના કરૂરમાં અભિનેતાથી રાજનેતા બનેલા વિજયની રેલીમાં નાસભાગ થઈ હતી. કરૂર ભાગદોડમાં અત્યાર સુધી ૩૯ લોકોના મોત થયા છે. મુખ્યમંત્રી સ્ટાલિને હોસ્પિ ટલમાં દાખલ બધા લોકોને સારી સારવાર મળે તે માટે નિર્દેશ આપ્યો છે. આ વચ્ચે પોલીસે જણાવ્યું કે નાસભાગમાં ઈજાગ્રસ્ત ૯૫ લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. કરૂરના ડીએમકે ધારાસભ્ય સેંથિલ બાલાજીએ જણાવ્યું કે જિલ્લાના બધા ડોક્ટર ડ્યુટી પર છે અને બીજા જિલ્લામાંથી પણ મેડિકલ સ્ટાફ બોલાવવામાં આવ્યો છે. બાલાજીએ કહ્યુ કે નાસભાગમાં ઈજાગ્રસ્ત લોકોને ખાનગી હોસ્પિટલમાં પણ દાખલ કરવામાં આવ્યા છે. ખાનગી હોસ્પિટલોને ઈજાગ્રસ્તો પાસે કોઈ પૈસા ન લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ઘટના પર ચિંતા વ્યક્ત કરી અને તત્કાલ તપાસના આદેશ આપ્યા છે. નાસભાગની ઘટના ત્યારે બની જ્યારે વિજય કરૂરમાં ભાષણ આવી રહ્યો હતો. ટીવીકે પ્રમુખે પોતાનું ભાષણ વચ્ચે રોકી દીધું અને કાર્યકર્તાઓને પાણીની બોટલ આપી. તેમણે ભીડમાંથી એમ્બ્યુલન્સ માટે રસ્તો બનાવવાનો આગ્રહ કર્યો.

લતા મંગેશકરને આપી શ્રદ્ધાંજલિ

## PM મોદીએ તહેવારમાં સ્વદેશી વસ્તુ ખરીદવાની અપીલ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૨૬મા એપિસોડમાં દેશને સંબોધન કર્યું. તેમણે ભારતની સાંસ્કૃ તિક વારસાને વૈશ્વિક ઓળખ અપાવવા માટેના પ્રયાસો, નારીશક્તિ અને નૌસેનાના પરાક્રમની પ્રશંસા, તેમજ સ્વદેશી ઉત્પાદનો અપનાવવાનો સંદેશ આપ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે રેડિયો કાર્યક્રમ મન કી બાત ના ૧૨૬મા એપિસોડથી દેશને સંબોધન કર્યું. આ દરમિયાન તેમણે દેશની સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક ઓળખ અપાવવાની, સ્વદેશી ઉત્પાદનોને અપનાવવાની અને નારી શક્તિ સાથે નૌસેનાના પરાક્રમની પ્રશંસા કરી. પીએમ મોદીએ ભારતની સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક મંચ પર લઈ જવાના સંકલ્પ પર



વાત કરી. પીએમએ ખુશી વ્યક્ત કરી કે ભારત સરકાર છઠ મહાપર્વને UNESCOની અમૂર્ત સાંસ્કૃતિક વારસા યાદીમાં સામેલ કરવા માટે પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું, "જ્યારે છઠ પૂજા UNESCO યાદીમાં સામેલ થશે, ત્યારે દુનિયાના દરેક ખૂણે લોકો તેની ભવ્યતા અને દિવ્યતાનો અનુભવ કરી શકશે." તેમણે કહ્યું કે, તહેવારો અમારી સંસ્કૃતિને જીવંત રાખે છે. છઠ પૂજા સૂર્ય દેવને સમર્પિત એક પવિત્ર તહેવાર છે, જે હવે માત્ર દેશ જ નહીં, પરંતુ વૈશ્વિક તહેવાર બની રહ્યો છે. પીએમએ આ પણ યાદ અપાવ્યું કે સરકારના આવા જ પ્રયાસોથી થોડા સમય પહેલા કોલકાતાની દુર્ગા પૂજાને પણ UNESCOની યાદીમાં સ્થાન મળ્યું હતું. પીએમ મોદીએ કોકિલા કંઠ લતા મંગેશકરને તેમની જન્મજયંતી પર ભાવભીની શ્રદ્ધાંજલિ આપી અને સ્વદેશીને અપનાવવાનું આહ્વાન કર્યું. પીએમએ કહ્યું કે, લતા દીદીના ગીતો માનવીય ભાવનાઓને ઝકઝોર કરનારા છે. તેમના દેશભક્તિ ગીતો પ્રેરણા આપે છે. તેમણે જણાવ્યું કે લતા દીદી દર વર્ષે તેમને રાખડી મોકલવાનું ક્યારેય ભૂલતા નહોતા. પીએમ મોદીએ ૨ ઓક્ટોબર, ગાંધી જયંતીનો ઉલ્લેખ કરતા સ્વદેશી અને ખાદી અપનાવવા પર ભાર મૂક્યો.

દિલ્હી પોલીસે કરી કાર્યવાહી

## ૧૭ યુવતીઓનું યૌન શોષણ કરનાર સ્વામી ચૈત્યાનંદની આખરે ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હી આશ્રમ અશ્લીલ કાંડમાં મોટા સમાચાર સામે આવ્યા છે. આરોપી સ્વામી ચૈતન્યાનંદ સરસ્વતીની આગ્રાથી દિલ્હી પોલીસે ધરપકડ કરી છે.ધરપકડ બાદ દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ૧૭ વિદ્યાર્થીનીઓના જાતીય શોષણ સહિત અનેક આરોપોનો સામનો કરી રહેલા ચૈતન્યનંદની પૂછપરછ બાદ, આશા છે કે બધા રહસ્યો ખુલશે. ચાલો આપણે સ્વામી ચૈતન્યનંદ સરસ્વતી સાથે સંકળાયેલા આ કેસની સંપૂર્ણ હદ શોધી કાઢીએ. ખુદને ધાર્મિક ગુરૂ ગણાવનાર સ્વામી ચૈત્યનાનંદ સરસ્વતી વિરુદ્ધ દક્ષિણ-પશ્ચિમ દિલ્હી સ્થિત એક ખાનગી મેનેજમેન્ટ સંસ્થામાં વિદ્યાર્થિનીઓનું યૌન શોષણ, નકલી રાજદ્વારી નંબર પ્લેટ અને પદો પર અયોગ્ય નિમણૂંકના આરોપ સામે



આવ્યા. માર્ચ ૨૦૨૫મા આર્થિક રૂપથી નબળા વર્ગની એક છાત્રએ ફરિયાદ દાખલ કરાવી હતી, ત્યારબાદ તપાસ શરૂ થઈ હતી. જેમ-જેમ તપાસ આગળ વધી તો ચોંકાવનારા ખુલાસા થયા અને આરોપી સ્વામી ફરાર થઈ ગયો હતો. ફરિયાદમાં કહેવામાં આવ્યું કે ૬૦,૦૦૦ રૂપિયાનું દાન આપ્યા બાદ વિદ્યાર્થિની પાસે વધારાની રકમ માંગવામાં આવી.

સમિતિના અહેવાલના આધારે કાર્યવાહી કરાશે : સ્ટાલિન

## સીએમ સ્ટાલિને કરુર ભાગદોડના ભોગ બનેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી

। (એજન્સી) કરુર, તા.૨૮ ।

તમિલનાડુના સીએમ એમ કે સ્ટાલિને કરુર ભાગદોડના ભોગ બનેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી અને ઘાયલોને મળવા હોસ્પિટલની મુલાકાત લીધી. સ્ટાલિનના જણાવ્યા મુજબ, ગઈકાલે ટીવીકે (તમિલાગા વેત્રી કઝગમ)ના વડા અને અભિનેતા વિજયના જાહેર કાર્યક્રમ દરમિયાન થયેલી ભાગદોડની ઘટનામાં અત્યાર સુધીમાં ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. અભિનેતા-પોલિટિશિયન વિજયની 'તમિલનાડુ વેત્રી કઝગમ' (ટીવીકે) ની રેલીમાં ૩૯ લોકોના મોત થયા બાદ કરુરની મુલાકાત લેતા તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને જણાવ્યું હતું કે, રિટાયર્ડ હાઈકોર્ટના ન્યાયાધીશ અરુણા જગતીસનની આગેવાની હેઠળના એક વ્યક્તિના કમિશનના અહેવાલના આધારે સંભવિત ધરપકડ સહિત કોઈપણ કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં જાણવા મળ્યું છે કે, ૧૩ પુરુષો, ૧૭ મહિલાઓ, ૪ છોકરાઓ અને ૫ છોકરીઓ સહિત ૫૧ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને મીડિયાને સંબોધન કર્યું અને કહ્યું કે, રાજકીય સભામાં આવી દુર્ઘટના અભૂતપૂર્વ હતી અને ક્યારેય ફરી ન થવી જોઈએ.

પછી જે થયું તે જોઈને શ્રદ્ધાળુ ચોંકી ઉઠ્યા!

## ગંગા કિનારે પહોંચી વિદેશી યુવતી, લગાવ્યા જય શ્રી રામના નારા

। (એજન્સી) ઋષિકેશ,, તા.૨૮ ।

ભારતની ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહર હંમેશાંથી દુનિયાભરના લોકોને આકર્ષિત કરતી આવી છે. ખાસ કરીને ઉત્તરાખંડના ઋષિકેશ જેવા પવિત્ર શહેરમાં, જ્યાં ગંગાના કિનારે દરરોજ શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મનો અદભુત સંગમ જોવા મળે છે. એ જ કારણ છે કે અહીં માત્ર ભારતીય જ નહીં પરંતુ વિદેશી પર્યટકો પણ મોટી સંખ્યામાં આવે છે અને ભારતીય સંસ્કૃ તિ સાથે ઊંડો જોડાણ અનુભવે છે. હાલમાં ઋષિકેશના ત્રિવેણી ઘાટ પરથી એવો જ એક વીડિયો સામે આવ્યો છે, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, એક વિદેશી મહિલા સિયેરા લિલિયન ત્રિવેણી ઘાટ પર હાજર છે. વાતાવરણ ભક્તિમય છે અને ગંગા કિનારે બધા લોકો પૂજા-પાઠ અને ભજન-કીર્તનમાં ડૂબેલા છે. એટલામાં જ તે ઉત્સાહપૂર્વક "જય શ્રી રામ"ના નારા લગાવે છે.

કરૂર નાસભાગ બાદ એક્ટર વિજયની મોટી જાહેરાત

## મૃતકોના પરિવારોને વિજય આપશે ૨૦-૨૦ લાખ રૂપિયા

। (એજન્સી) કરૂર, તા.૨૮ ।

કરૂર નાસભાગ બાદ તમિલગા વિત્રા કઝગમ (TVK) ચીફ અને અભિનેતા વિજયે મોટી જાહેરાત કરી છે. અભિનેતાએ કહ્યુ કે રેલીમાં જે લોકોના મોત થયા છે તેમના પરિવારજનોને ૨૦-૨૦ લાખ રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવશે. મહત્વનું છે કે શનિવારે તમિલનાડુના કરૂરમાં થયેલી નાસભાગમાં ૩૯ લોકોના મોત થયા છે. મુખ્યમંત્રી એમકે સ્ટાલિને મૃતકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. વિજયે કરુરમાં નાસભાગની દુઃખદ ઘટના પર પોતાનું પહેલું નિવેદન જારી કર્યું છે. તેમણે કહ્યું કે મારું દિલ તૂટી ગયું, મને અસહનીય પીડા થઇ રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરતા વિજયે લખ્યું કે, "મારું દિલ તૂટી ગયું છે. હું અસહ્ય, અવર્ણનીય પીડા અને આઘાત અનુભવી રહ્યો છું જે શબ્દોમાં વ્યક્ત નહીં કરી શકું. હું કરુરમાં જીવ ગુમાવનારા મારા પ્રિય ભાઈઓ અને બહેનોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના અને સહાનુભૂતિ વ્યક્ત કરું છું." શનિવારે અભિનેતાથી રાજનેતા બનેલા વિજયે એક મોટી રેલીનું આયોજન કર્યું હતું. તેમાં ૧૦ હજાર લોકો પહોંચવાનો અંદાજ હતો, પરંતુ પહોંચનારની સંખ્યા ૨૭ હજારને પાર પહોંચી ગઈ હતી.



**ન્યૂઝ બ્રિફ**

## સિવિલ હોસ્પિટલમાં દવા ખરીદી કૌભાંડમાં મોટી કાર્યવાહી કરવામાં આવી

। (એજન્સી) રાજકોટ, તા.૨૮ ।

રાજકોટ સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે. સિવિલ હોસ્પિટલમાં દવા ખરીદી કૌભાંડમાં મોટી કાર્યવાહી કરવામાં આવી. હોસ્પિટલમાં દવાનો કાળો કરનાર સામે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા. હોસ્પિટલમાં દવા ખરીદીમાં ગેરરીતિ આચરનાર એક શખ્સની બદલી કરવામાં આવી. જ્યારે અન્ય બે શંકાના દાયરામાં છે તેમના પર અત્યારે લટકતી તલવાર છે. આ બંને લોકો દોષિત હોવાનું સાબિત થતા યોગ્ય પગલાં લેવાશે.પ્રાપ્ત વિગત મુજબ સિવિલ હોસ્પિટલમાં ૨૦ કરોડ રૂપિયાના દવા ખરીદીના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. આ કૌભાંડની તપાસમાં હોસ્પિટલના સ્ટાફની સંડોવણી હોવાનું ખૂલ્યું હતું. સ્ટોર ઈન્ચાર્જ જે.કે. નથવાણી દવા ખરીદી કૌભાંડમાં મોટાપાયે સંડોવણી હોવાનું સામે આવતા બદલી કરવામાં આવી. સ્ટોર ઈન્ચાર્જ જે.કે. નથવાણીની દ્વારિકા ખાતે બદલી કરવામાં આવી. સ્ટોર ઈન્ચાર્જ દ્વારા ૨૦ કરોડ રૂપિયાની દવા બારોબાર ખરીદી કરતા હતા. આરોગ્ય કમિશ્નર જયારે રાજકોટ મુલાકાત ગયા ત્યારે દવા ખરીદી મામલે શંકા ગઈ હતી. તેમણે જે.કે. નથવાણી સહિત બિલો ની ફાઈલ લઈ ગાંધીનગર બોલાવી તપાસ કરી હતી. તપાસમાં ગોટાળા નિકળતા બદલી કરવામાં આવી. હજુ પણ બે કર્મચારી પર પણ લટકતી તળાવ જેવી સ્થિતિ.. અગાઉ બે વર્ષ પહેલા GMSCLમાં દવાના કૌભાંડ મુદ્દે તપાસ થઈ હતી. જેમાં ગોડાઉન મેનેજર રાણપરાનું રાજકોટ સિવિલમાં સેટિંગ સામે આવ્યું હતું.

## વીરપુર ગઢિયાના મહંત પર તલવારથી જીવલેણ હુમલો

। (એજન્સી) અમરેલી, તા.૨૮ ।

અમરેલીમાં ગઢિયાના સુપ્રસિદ્ધ દાન મહારાજની જગ્યાના મહંત હર્ષદબાપુ ભગત પર ચારેક અજાણ્યા શખસોએ જીવલેણ હુમલો કરતાં ચકચાર મચી ગઈ છે. હુમલાખોરોએ "દાન મહારાજની જગ્યા છોડી દેજે" કહીને તલવારથી હુમલો કર્યો હતો. આ હુમલામાં મહંતને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે, જેથી તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.આ ઘટનાએ ફરી એકવાર પોલીસ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. થોડા દિવસો પહેલાં જ આ જ વિસ્તારમાં કોંગ્રેસના નેતા પ્રતાપ દુધાત પર પણ હુમલો થયો હતો, જેના આરોપીઓ હજુ સુધી પકડાયા નથી. આ બે ઘટનાઓ દર્શાવે છે કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે અને ગુનેગારો બેફામ બન્યા છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો પોલીસની નિષ્ફળતા અને ગુનેગારો પ્રત્યેની ઢીલી નીતિ સામે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

### પ્રમુખ કમલ રાવલે આક્રોશ વ્યક્ત કર્યો

# ગરબાના નામે અશ્લીલતાનો વિરોધ, ભગવા સેનાએ કિંજલ દવે સામે પણ અરજી કરી

### આ મુદ્દે તાત્કાલિક પોલીસ અને ગૃહ વિભાગને કડક કાર્યવાહી કરવા માટે માંગ કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।



ગુજરાતમાં નવરાત્રિના પર્વ દરમિયાન ગરબાના સ્થળો પર અશ્લીલ વીડિયો અને રીલ્સ બનાવવાનો મુદ્દો જોરદાર રીતે ગરમાયો છે. આ મામલે ભગવા સેનાના પ્રમુખ કમલ રાવલે આક્રોશ વ્યક્ત કરતા સ્પષ્ટ નિવેદન આપ્યું છે કે, 'ગરબા એ માત્ર મનોરંજન માટે કે સોશિયલ મીડિયા પર રીલ્સ બનાવીને પ્રસારિત કરવા માટે નથી.' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગરબા એ સનાતન ધર્મની સંસ્કૃતિ અને આસ્થાનું પ્રતીક છે. કમલ રાવલે ચેતવણી આપી છે કે, સનાતનના નામે થતી કોઈપણ પ્રકારની અશ્લીલતા કે અયોગ્ય પ્રવૃત્તિને ભગવા સેના ક્યારેય સાંખી નહીં લે. તેમણે આ મુદ્દે તાત્કાલિક પોલીસ અને ગૃહ વિભાગને કડક કાર્યવાહી કરવા માટે માંગ કરી છે. ભગવા સેનાના પ્રમુખ કમલ રાવલે ગરબામાં વધી રહેલા અશ્લીલ કન્ટેન્ટના નિર્માણ સામે તંત્રને સીધી ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો પોલીસ અને ગૃહ વિભાગ આ પ્રકારની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ નહીં લાવે, તો ભગવા સેના દ્વારા ગરબાનું આયોજન થવા દેવામાં નહીં આવે. આ ઉપરાંત, તેમણે પાર્ટી પ્લોટના ગરબાનો બહિષ્કાર કરવાની પણ અપીલ કરી છે, જ્યાં સંસ્કૃતિના નામે માત્ર વ્યાપારીકરણ અને અયોગ્યતા જોવા મળે છે. તેમના મતે, પાર્ટી પ્લોટના ગરબામાં સંસ્કૃતિના ધોરણો જાળવવામાં આવતા નથી, અને તેથી જ સમાજે તેનો બહિષ્કાર કરવો જરૂરી છે. આ નિવેદનથી સમગ્ર ગુજરાતના ગરબા આયોજકોમાં હલચલ મચી ગઈ છે.કમલ રાવલે આ વિવાદમાં ગુજરાતની જાણીતી લોકગાયિકા કિંજલ દવેનું નામ પણ લીધું છે. તેમણે જણાવ્યું કે ગરબાના માહોલને બગાડવા બદલ કિંજલ દવે વિરુદ્ધ પણ ભગવા સેના દ્વારા અરજી કરવામાં આવી છે. તેમણે આક્ષેપ કર્યો કે આ મુદ્દો સામે આવ્યા બાદ પણ કિંજલ દવે દ્વારા હજી સુધી જાહેરમાં માફી માંગવામાં આવી નથી, જે ગેરવ્યાજબી છે.

### બન્ને ઇસમો પાસેથી મળેલ તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી આ બન્ને ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરી

# વડોદરામાં અનેક જગ્યાએ ચોરી કરનાર બે રીઢા ચોર ઝડપાયા

### બંને ચોર પાસેથી પોલીસે રિક્ષા મોબાઈલ સહિત રૂ.૧.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગોરવા પોલીસને સોંપવામાં આવ્યો છે

। (એજન્સી) વડોદરા, તા.૨૮ ।

વડોદરાના ઈલોરાપાર્ક વિસ્તારમાં બંધ દુકાનનું શટર તોડી દુકાનમાંથી સામાનની ઘરફોડ ચોરી કરનાર રીઢા આરોપી સહીત બે લોકોને શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યા હતા. બંને ચોર પાસેથી પોલીસે રિક્ષા મોબાઈલ સહિત રૂ.૧.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગોરવા પોલીસને સોંપવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરી રહી હતી. દરમ્યાન મળેલ માહીતી આધારે ખાસવાડી સ્મશાન રોડથી અગાઉ મિલ્કત સંબધી ગુનાઓમાં પકડાયેલ શાહરૂખખાન સલીમખાન પઠાણ તથા જાવીદખાન યુસુફખાન પઠાણ (બન્ને રહે. એકતાનગર આજવા રોડ વડોદરા)ને ઓટોરીક્ષા તથા ઓટોરીક્ષામાં અને તેઓ પાસે રાખેલ શંકાસ્પદ મોબાઈલ, રજનીગંધા, આરએમડી તુલસી પાન મસાલા પેકેટો, ફોર સ્કવેર-ફ્લેક લીબર્ટી સિગરેટ પેકેટો, ખાંડ ૧૦ કીલો અને રોકડા રૂપિયા સાથે પકડી પાડયા હતા. આ બન્ને ઈસમો તેઓ પાસેથી મળેલ મુદ્દામાલ વધુ પુછપરછ કરતાં આ બન્ને ઈસમોએ આજથી આશરે ૨૦-૨૫ દીવસ પહેલા તેઓ પાસેની ઓટોરીક્ષામા ઈલોરાપાર્ક શાક માર્કેટ પાછળ જઈ બંધ દુકાનનું શટર તેઓ પાસેના વાંદરી પાના વડે તોડી દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કબાટમા પાન મસાલાના પેકેટ તથા સીગરેટના પેકેટ તથા ખાંડની બોરીની ચોરી કરી લઈ ગયા હતા. આ ચોરી કરેલ મુદ્દામાલ સંતાડી રાખેલ હોય આ મુદ્દામાલ ઓટોરીક્ષામાં રાખી તેમજ ત્રણ દિવસ પહેલા સયાજીપુરા પંડીત દીન દયાલ હોલ પાસેથી મોડી રાત્રે આરોપી જાવીદખાન મોબાઈલ ફોન ચોરી કરી લાવેલ હતો. આ ચોરી કરેલ મુદ્દામાલ વેચવા જતાં પકડાઈ ગયા હોવાનું જણાવ્યું હતું. બંને આરોપીઓ પાસેથી ઓટોરિક્ષા, મોબાઈલ, સિગારેટ તેમજ ખાંડ સહિત રૂપિયા ૧.૨૯ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. બન્ને ઈસમો પાસેથી મળેલ તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી આ બન્ને ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરી આ આરોપીઓ દ્વારા ઈલોરાપાર્ક ખાતે બંધ દુકાનમાં કરેલ ઘરફોડ ચોરીનો અંગે ગોરવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ હોય બંને આરોપીઓ અને મુદ્દામાલ અંગે ગોરવા પોલીસ સ્ટેશનના વધુ તપાસ માટે સોંપવામાં આવ્યા છે.

# સગીરાને નશાકારક પદાર્થો આપી ૧૦ દિવસમાં બે વાર વેચી

### સગીર દીકરીને નશાકારક પદાર્થો આપીને માત્ર ૧૦ દિવસના ટૂંકા ગાળામાં બે વખત વેચી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતના લિંબાયત વિસ્તારમાંથી માનવ તસ્કરીનો એક અત્યંત ગંભીર અને શરમજનક કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ગરીબ શ્રમજીવી પરિવારની એક ૧૫ વર્ષીય સગીર દીકરીને નશાકારક પદાર્થો આપીને માત્ર ૧૦ દિવસના ટૂંકા ગાળામાં બે વખત વેચી દેવામાં આવી હોવાનું અને તેના બળજબરીપૂર્વક લગ્ન કરાવવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. લિંબાયતના મીઠી ખાડી વિસ્તારમાં રહેતી આ સગીરા, જેના પિતા બીમાર રહે છે અને માતા કેટરિંગનું કામ કરીને ગુજરાન ચલાવે છે, તે પાંચ મહિના પહેલા આ કાવતરાનો ભોગ બની હતી. પડોશમાં રહેતી નૂરી વસીમ શેખ, તેનો રિક્ષાચાલક પતિ વસીમ, અને ફરઝાના નામની વોન્ટેડ મહિલાએ સગીરાની માતાને લાલચ આપી કે તેઓ દીકરીને લસકાણામાં કેટરિંગના કામ માટે લઈ જાય છે અને બે-ત્રણ દિવસમાં પાછા આવી જશે. માતાની જાણ બહાર, આરોપીઓ સગીરાને લસકાણા લઈ ગયા અને તેને શોએબ નામના વ્યક્તિ સાથે રાખી હતી. અહીં આ ટોળકીએ સગીરાને સતત નશામાં રાખવા માટે દિવસમાં બેથી ત્રણ વખત કોરેક્સ સિરપ જેવી નશાકારક કફ સિરપ પીવડાવતી હતી, જેથી તે ભાનમાં ન રહી શકે. આ નશાની હાલતમાં જ આરોપીઓએ પ્રથમવાર તેના બળજબરીપૂર્વક નિકાહ શોએબ સાથે કરાવ્યા અને તે બદલ રૂ. ૫૦,૦૦૦ લીધા હતા. આ સમય દરમિયાન સગીરા સાથે દુષ્કર્મ પણ આચરવામાં આવ્યું હતું. પ્રથમ લગ્નના માત્ર ૧૦ દિવસ બાદ જ, આ આરોપીઓએ ફરીથી માનવતા નેવે મૂકી. તેઓ સગીરાને મહારાષ્ટ્રના સોલાપુર લઈ ગયા અને ત્યાં લગ્નમાં કેટરિંગનું કામ હોવાનું જણાવ્યું. સોલાપુરમાં તેઓએ સગીરાને બીજા એક યુવકને વેચી દીધી અને તેની પાસેથી રૂ. ૨ લાખ પડાવ્યા હતા.

## સિક્યુરિટી ગાર્ડને બાઈકના ચાલકે હડફેટેમાં લેતા ગંભીર ઇજા થઇ

। (એજન્સી) જામનગર, તા.૨૮ ।

જામનગરમાં મહેશ્વરી નગર ચોક નંબર-૨ માં રહેતા અને ખાનગી સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હમીરભાઈ ડગરા (ઉંમર વર્ષ ૫૭) કે જેઓ ગત ૨૩મી તારીખે વહેલી સવારે પગપાળા ચાલીને જૂના રેલવે સ્ટેશન વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન પુરઝડપે આવી રહેલા જી.જે.૧૦ સી.એસ. ૦૫૫૬ નંબરના બાઈકના ચાલકે તેઓને હડફેટમાં લઈ લેતાં જમીન પર પટકાઈ પડ્યા હતા, અને માથાના ભાગે હેમરેજ સહિતની ઈજા થઈ હતી. તેઓને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્તના પુત્ર હિતેશ હમિરભાઈ ડગરાએ જામનગરના સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. જેને પોલીસ શોધી રહી છે.

### સમર્પણ ગર્લ્સ હોસ્ટેલમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી

# ગાંધીનગરમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી

### આપઘાતના સમાચાર મળતાં જ ગાંધીનગર પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગાંધીનગરમાં આવેલી સમર્પણ ગર્લ્સ હોસ્ટેલમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીએ આપઘાત કરી લીધો છે. આ ઘટનાને પગલે હોસ્ટેલ અને શૈક્ષણિક જગતમાં ગમગીની છવાઈ ગઈ છે. મૃતક વિદ્યાર્થિની એન્જિનિયરિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. આપઘાતના સમાચાર મળતાં જ ગાંધીનગર પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે વિદ્યાર્થિનીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને વધુ તપાસ શરૂ કરી છે. આપઘાતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ દ્વારા હોસ્ટેલના અન્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ દુઃખદ ઘટનાની જાણ થતાં જ વિદ્યાર્થિનીના પરિવારના સભ્યો હોસ્ટેલ ખાતે દોડી આવ્યા હતા. જોકે આ આઘાતજનક પરિસ્થિતિમાં પરિવારે હાલમાં મીડિયા સમક્ષ કંઈ પણ બોલવાનો ઈક્રાર કર્યો છે. પ્રાથમિક તપાસમાં પોલીસને કોઈ સુસાઈડ નોટ મળી છે કે કેમ તે અંગે હજી સુધી કોઈ સત્તાવાર માહિતી બહાર પાડવામાં આવી નથી. યુવાન વિદ્યાર્થિનીએ આત્યંતિક પગલું શા માટે ભર્યું તે અંગે પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. આ ઘટનાએ ફરી એકવાર વિદ્યાર્થીઓ પરના માનસિક દબાણ અને તણાવ જેવા ગંભીર મુદ્દાઓ તરફ સૌનું ધ્યાન દોર્યું છે.

### નર્સિંગ સ્ટાફ અને ડોક્ટરની અછત સામે લોકોમાં રોષ

# મેઘરજની હોસ્પિટલમાં દર્દીઓ તો છે પણ ડોક્ટર નથી

। (એજન્સી) અરવલ્લી, તા.૨૮ ।

અરવલ્લી હોસ્પટિલમાં લાલિયાવાડી ચાલતી હોવાની ઘટના સામે આવી છે. મેઘરજમાં કરોડો રૂપિયાના ખર્ચે અદ્યતન સરકારી હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. મેઘરજની હોસ્પિટલમાં દર્દી તો છે પણ ડોક્ટર નથી. કાયમી ડોક્ટર વિના સરકારી હોસ્પિટલમાં આવતા દર્દીઓ યોગ્ય સારવારથી વંચિત છે. સ્થાનિકો દ્વારા હોસ્પિટલમાં સ્પેશિયાલીસ્ટ ડોક્ટર અને નર્સિંગ સહિતનો પુરતો સ્ટાફ મુકવા માટે રજૂઆત કરાઈ છે.

મેઘરજમાં રોજના ચારસો જેટલા દર્દીઓ સારવાર માટે આવતા હોવા છતાં અનેક વિભાગોમાં ડોક્ટરોનો અભાવ દર્દીઓ માટે મોટી મુશ્કેલી ઉભી કરી રહ્યો છે. મેઘરજની સરકારી હોસ્પિટલમાં હાલ ગાયનેક,આંખ,ફિઝિશિયન અને બાળકોના વિભાગમાં કાયમી ડોક્ટરો નથી.આંખના ડોક્ટર તો મહિનામાં ફક્ત બે દિવસ જ શામળાજીથી આવે છે, જ્યારે બાળકોના ડોક્ટર સાંજે માત્ર ત્રણ કલાક માટે સેવા આપે છે. હાલ હોસ્પિટલમાં બે ડોક્ટર વાર્ષિક કોન્ટ્રાક્ટ પર છે અને માત્ર એક જ કાયમી ડોક્ટર સેવા આપી રહ્યા છે.હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ પણ પૂરતો ના હોવાથી સારવારની ગુણવત્તા પર પણ અસર પડી રહી છે. રેફરલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક સર્જનની જગ્યા ન હોવાને કારણે અકસ્માતના કેસોમાં તાત્કાલિક સારવાર ન મળતાં, દર્દીઓને મોડાસા રિફર કરવામાં આવે છે. અંતરિયાળ વિસ્તારોમાં વારંવાર અકસ્માત સર્જાતા હોવા છતાં સારવાર માટે લાંબો સમય બગડે છે. તો બીજી બાજુ સગર્ભા મહિલાઓને પણ ફરજીયાત ખાનગી હોસ્પિટલોમાં જવું પડે છે, જેના કારણે સામાન્ય જનતાને ભારે આર્થિક બોજ સહન કરવો પડે છે. હોસ્પિટલમાં તાત્કાલિક કાયમી ડોક્ટરો અને પૂરતો સ્ટાફ મુકવામાં આવે તેવી માગ સાથે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.હવે જોવાનું રહ્યું કે સરકાર આ ગંભીર પ્રશ્ન પર કઈ કામગીરી હાથ ધરે છે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત'ના ૧૨૬મા કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# 'મન કી બાત'માં વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને સ્વદેશી વસ્તુઓ ખરીદીને તહેવારોની ઉજવણી કરવા અનુરોધ કર્યો

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન-જન સુધી પહોંચવા ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ વિજયાદશમીના દિવસે 'મન કી બાત' કાર્યક્રમ શરૂ કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 'મન કી બાત' થકી નાગરિકો સાથે સંવાદ પણ સાધતા હોય છે. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત'ના ૧૨૬મા કાર્યક્રમમાં દેશવાસીઓને સંબોધિત કર્યા હતાં.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે 'મન કી બાત' એ એવો કાર્યક્રમ છે જેમાં સમાજજીવન અને જાહેરજીવનમાં પ્રેરણાદાયી કાર્યો કરનારા લોકોને દેશ જાણે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા નાના અને છેવાડાના માણસને મુખ્ય પ્રવાહમાં લાવવા કટિબદ્ધતા દર્શાવી છે. એટલે જ, દરેક સરકારી યોજનાને સામાન્ય માણસને કેન્દ્રમાં રાખીને બનાવવામાં આવે છે. સરકારી યોજનાના લાભો સેચ્યુરેશન સુધી પહોંચે એ વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આજે સરકાર ગામેગામ સુધી પહોંચીને સરકારી યોજનાના મળવાપાત્ર લાભો નાગરિકોને આપે છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે અનાજ વિતરણ, આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી અનેકવિધ યોજનાના લાભો પાત્રતા ધરાવતા લોકોને ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર સતત પ્રયાસરત છે. આયુષ્યમાન યોજના આજે ગરીબો અને સામાન્યવર્ગની સંજીવની બની છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીએ આત્મનિર્ભર ભારત સંકલ્પ યાત્રા સ્વરૂપે જનઆંદોલન શરૂ કર્યું છે. ૨૫ સપ્ટેમ્બરથી ૨૫ ડિસેમ્બર સુધીના ૯૦ દિવસ સુધી ચાલનારા આ જનઆંદોલનમાં સ્વદેશી અને આત્મનિર્ભર ભારતની મુહિમને વેગવંતી બનાવીને લોકોને સક્રિય રીતે સ્વદેશી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છતા અભિયાન, કેચ ધ રેન, એક પેડ માં કે નામ જેવા જનઅભિયાનોનો ઉલ્લેખ કરીને ઉપસ્થિત સૌને સ્વદેશી અપનાવવા અને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ચાંદખેડામાં ચંદ્રેશ્વર મહાદેવના મંદિરે દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ચાંદખેડામાં સ્થાનિક દુકાનદારોની દુકાને નવા જીએસટી દરોના લાભો અંગેના સ્ટીકર લગાવીને નાગરિકો માટે લાભદાયી એવા નવા જીએસટી દરોને આવકાર્યા હતા.

'મન કી બાત'ની ૧૨૬મી કડીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્રાંતિવીર શહીદ ભગતસિંહ અને જાણીતા ગાયિકા શ્રી લતા મંગેશકરની જયંતી નિમિત્તે તેમનું સ્મરણ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે નવરાત્રીના સમયમાં આપણે સૌ નારીશક્તિની ઉપાસના કરીએ છીએ. દેશની દીકરીઓ આજે દરેક ક્ષેત્રે સફળતાના શિખરો સર કરી રહી છે એમ જણાવીને વડાપ્રધાનશ્રીએ નાવિકા સાગર પરિક્રમા પૂર્ણ કરનાર લેફ્ટેનન્ટ કમાંડર શ્રી દિલના અને શ્રી રુપા સાથે સંવાદ સાધ્યો હતો.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે છઠ્ઠ પૂજા યુનેસ્કો સાંસ્કૃતિક ધરોહર સૂચિમાં સામેલ કરવા કેન્દ્ર સરકાર પ્રયત્નશીલ છે. તેમણે ઉમેર્યું હતું કે કોલકાતાની દૂર્ગા પૂજા પણ આવા પ્રયત્નોને લીધે આ સૂચિમાં સામેલ થઈ છે.

આગામી ૨જી ઓક્ટોબરના રોજ ઉજવાનાર ગાંધી જયંતીનો ઉલ્લેખ કરીને વડાપ્રધાનશ્રીએ સૌને ખાદીની ચીજવસ્તુઓ ખરીદવા અને સ્વદેશી અપનાવવા અનુરોધ કર્યો હતો. તેમણે 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના મંત્રને સાકાર કરવા પોતાનું સક્રિય યોગદાન આપવા સૌને અનુરોધ કર્યો હતો. જીએસટી બચત ઉત્સવનો ઉલ્લેખ કરીને આવનારા તહેવારો સ્વદેશી વસ્તુઓ સાથે ઉજવવા વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને અનુરોધ કર્યો હતો. સાથે જ, તેમણે તમિલનાડુ, ઝારખંડ અને બિહારના સ્થાનિક સ્વદેશી સ્ટાર્ટઅપ્સને બિરદાવ્યા હતા.

વડાપ્રધાનશ્રીએ આગામી વિજયાદશમીના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાનો ઉલ્લેખ કરીને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે રાષ્ટ્રનિર્માણમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહત્વપૂર્ણ યોગદાનનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આગામી ૭મી ઓક્ટોબરના રોજ મહર્ષિ વાલ્મિકી જયંતીનો ઉલ્લેખ કરીને મહર્ષિ વાલ્મિકીના રામાયણનો ઉલ્લેખ કરીને અયોધ્યામાં રામમંદિર, મહર્ષિ વાલ્મીકી અને નિશાદરાજ મંદિરની મુલાકાત લેવા વડાપ્રધાનશ્રીએ ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ શ્રીલંકાના કલાકારોએ શ્રી ભૂપેન હઝારિકાના ગીતોને તેમની સ્થાનિક ભાષામાં રૂપાંતરિત કર્યા છે એ વાતને યાદ કરીને આસામના જ લોકપ્રિય ગાયક શ્રી ઝુબીન ગર્ગના આકસ્મિક અવસાન પર શોક વ્યક્ત કરીને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમણે જાણીતા વિચારક એસ.એલ. ભૈરપ્પાને પણ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

વડાપ્રધાનશ્રીએ સૌને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થવા પણ અનુરોધ કર્યો હતો. તેમણે દેશવાસીઓને આગામી દિવાળી પર્વની આગોતરી શુભકામનાઓ પાઠવી હતી.

સ્થાનિક ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોરે આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીએ ચાંદખેડા વિસ્તારના વિકાસ માટે અને પાયાની જરૂરિયાતો માટે ૫૦૦ કરોડથી વધુની સહાય આપી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પણ વિસ્તારના વિકાસ માટે અને જનસુખાકારી માટે અનેકવિધ સુવિધાઓ ઉભી કરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# હાડકાં લોખંડ જેવા થઇ જશે મજબૂત! આ ફૂડને તમારા ડાયટમાં સામેલ કરો

**યોગ્ય ડાયટ અપનાવીને તમે માત્ર થોડા દિવસમાં જ તમારી હાડકાંની તાકાતમાં ઘણો સુધારો કરી શકો છો, જે તમારા હાડકાંને ઝડપથી મજબૂત બનાવવા માટે મદદરૂપ સાબિત થાય છે**

યોગ્ય ડાયટ અપનાવીને તમે માત્ર થોડા દિવસમાં જ તમારી હાડકાંની તાકાતમાં ઘણો સુધારો કરી શકો છો. જે તમારા હાડકાંને ઝડપથી મજબૂત બનાવવા માટે મદદરૂપ સાબિત થાય છે. ચાલો જાણીએ આ બધા વિશે વિગતવાર, આજકાલ હાડકાંની મજબૂતી પર ખાસ ધ્યાન આપવાની સલાહ વધી રહી છે, કારણ કે આપણી લાઈફસ્ટાઈલ, ખોરાક અને ઉંમર સાથે હાડકાં નબળા પડવા લાગે છે. પરંતુ યોગ્ય ડાયટ અપનાવીને તમે માત્ર થોડા દિવસમાં જ તમારી હાડકાંની તાકાતમાં ઘણો સુધારો કરી શકો છો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની એક રિપોર્ટમાં ૬ સામાન્ય ખાદ્ય પદાર્થોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે તમારી હાડકાંને ઝડપથી મજબૂત બનાવવા માટે મદદરૂપ સાબિત થાય છે. ચાલો જાણીએ આ બધા વિશે વિગતવાર. પહેલી વસ્તુ છે દૂધ, જે કેલ્શિયમ અને વિટામિન Dનો અદ્ભુત સ્રોત છે. કેલ્શિયમ હાડકાંનો મુખ્ય બાંધકામ છે, જ્યારે વિટામિન D કેલ્શિયમના શોષણમાં મદદ કરે છે. તેથી રોજ એક કે બે ગ્લાસ દૂધ તમને મજબૂત હાડકાં બનાવવા માટે સહાયક છે. સાથે સાથે દહીં અથવા યોગર્ટ પણ તમારી ડાયટનો ભાગ હોવો જોઈએ કારણ કે તેમાં કેલ્શિયમ સાથે પ્રોટીન અને પ્રોબાયોટિક્સ મળે છે, જે સાંધાના સોજા ઘટાડવામાં અને હાડકાંને મજબૂત રાખવામાં મદદ કરે છે. બીજું જરૂરી ફૂડ ગ્રુપ છે ડાર્ક ગ્રીન (લીલી પાનવાળી શાકભાજી) જેમ કે પાલક, કેળ, બ્રોકોલી, કોલાર્ડ ગ્રીન વગેરે. તેમાં કેલ્શિયમ, વિટામિન K, મેગ્નેશિયમ અને પોટેશિયમ ભરપૂર માત્રામાં હોય છે, જે



હાડકાંની ઘનતા (bone density) વધારવામાં સહાયક છે. આને સલાડ, સૂપ, દાળિયા અથવા સાબુત રોટીમાં મિક્સ કરીને દર અઠવાડિયે ૩-૪ વાર ખાઓ. ત્રીજું મહત્વપૂર્ણ છે સાર્ડિન્સ અને સૅલ્મન જેવી ફેટી ફિશ. આ ફિશમાં કેલ્શિયમ અને વિટામિન D ઉપરાંત ઓમેગા-૩ ફેટી એસિડ પણ હોય છે, જે હાડકાં અને સાંધાના સોજા ઘટાડે છે અને ઘનતા વધારવામાં મદદ કરે છે. ચોથું ફૂડ ઓપ્શન છે તોફુ અને સોયા ઉત્પાદનો, ખાસ કરીને કેલ્શિયમ-ફોર્ટિફાઈડ તોફુ. તે ફેટ રહિત પ્રોટીન સાથે કેલ્શિયમ પણ આપે છે અને શાકાહારીઓ માટે એક ઉત્તમ વિકલ્પ છે. આને શાકભાજીમાં મિક્સ કરો અથવા ગ્રીલ કરીને ખાઓ. આ ઉપરાંત, બીન્સ અને નટ્સ જેમ કે બદામ, અખરોટ, ચિયા અને તલના બીજમાં મેગ્નેશિયમ, કેલ્શિયમ અને પ્રોટીન હોય છે. આ હાડકાંની ગુણવત્તા જાળવવામાં મદદ કરે છે. પાંચમું જરૂરી તત્ત્વ છે સૂકા ફળો, ખજૂર, અંજીર. આમાં વિટામિન K, મેગ્નેશિયમ અને એન્ટિઓક્સિડન્ટ્સ ભરપૂર હોય છે, જે હાડકાંને મજબૂત અને ઈજા થવાના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. ઈંડાની જરદીમાં કુદરતી રીતે વિટામિન D હોય છે. તેના નિયમિત સેવનથી કેલ્શિયમનું શોષણ સારું થાય છે. આ તમામ ખાદ્ય પદાર્થોને મિશ્રિત રીતે તમારા રોજના ડાયટમાં સામેલ કરવાથી તમારી હાડકાંની મજબૂતી થોડા દિવસમાં જ દેખાવા લાગશે. સાથે સાથે કોશિશ કરો કે વધુ મીઠું અથવા સોડાવાળો ખોરાક ટાળો, કારણ કે તેમાં સોડિયમ અને ફોસ્ફરસ વધુ હોય છે, જે કેલ્શિયમને નષ્ટ કરે છે. ધીમે ધીમે તડકો (૨૦ મિનિટ રોજ) લો જેથી શરીર વિટામિન ડ બનાવી શકે અને ફેટી ફિશ સાથે મળીને કેલ્શિયમનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકે. ડેઈલી કસરત કરો જેથી તમે વધુ મજબૂત થઈ શકો. હાડકાં મજબૂત બનાવતી વધારાની ખાદ્ય વસ્તુઓ: મુલ્ઠી અને રાગી (Nachni) રાગી કે નાચણી એ કેલ્શિયમનો ખૂબ જ સારો સ્રોત છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે ખૂબ લાભદાયી છે.રાગીનો રોટલો, શીરા કે રાગી પોરિજ બનાવી શકો છો. સીસમ (તલના બીજ) માત્ર ૧ ચમચી તલમાં પણ સારી માત્રામાં કેલ્શિયમ અને મેગ્નેશિયમ હોય છે. ઉનાળામાં તલનાં લાડૂ, ચટણી અથવા તલવાળી રોટલી લેવાથી ફાયદો થાય છે. અમરણાથ (Rajgira) રાજગિરામાં કેલ્શિયમ ઉપરાંત પ્રોટીન પણ હોય છે. રાજગિરાનો લાડૂ, શીરો કે પોરિજ પણ બનાવી શકાય છે. ફોરટીફાઈડ ફૂડ્સ, બજારમાં એવી ઘણી વસ્તુઓ મળે છે જેમાં જાણબૂઝી વિટામિન ડિ અથવા કેલ્શિયમ ઉમેરવામાં આવે છે - જેમ કે ફોર્ટિફાઈડ મિલ્ક, બ્રેડ અથવા ફલેસ. જીવનશૈલીમાં ફેરફાર જે હાડકાં મજબૂત બનાવે છે.

# જીમમાં ગયા પછી પણ વજન ઓછું નથી થતું?

**લોકોમાં ફિટનેસ પ્રત્યેનો ટ્રેન્ડ વધી રહ્યો છે, જીમમાં જઈને કસરત કરવી એ સામાન્ય બાબત બની ગઈ છે**

આજકાલ લોકોમાં ફિટનેસ પ્રત્યેનો ટ્રેન્ડ વધી રહ્યો છે અને જીમમાં જઈને કસરત કરવી એ સામાન્ય બાબત બની ગઈ છે. પરંતુ ક્યારેક એવું બને છે કે મહિનાઓ સુધી જીમમાં જવા છતાં ન તો વજન ઓછું થાય છે, ન તો શરીર મજબૂત બને છે અને ન તો કોઈ મોટો ફેરફાર જોવા મળે છે. આજકાલ લોકોમાં ફિટનેસને લઈને ઘણું ધ્યાન આપે છે. આ માટે જ લોકો ફિટ રહેવા માટે વૉકિંગ અને એક્સરસાઈઝ કરતા હોય છે. આ સાથે જ હવે તો મોટાભાગના લોકો જિમ જઈને કસરત કરે છે, જે સામાન્ય થઈ ગયું છે. ખાસ કરીને જે લોકો વજન ઘટાડવા માટે જિમમાં જતા હોય છે તેમને એક પ્રશ્ન સામાન્ય રીતે જોવા મળે છે કે, મહિના સુધી જિમ જવા છતાં પણ ન તો વજન ઘટે છે, ન તો શરીર બને છે અને ન તો કોઈ મોટો ફેરફાર દેખાય છે. જો તમારા સાથે પણ કંઈક એવું જ થઈ રહ્યું છે, તો શક્ય છે કે તમે વર્કઆઉટ કરતી વખતે કેટલીક સામાન્ય પરંતુ ગંભીર ભૂલો કરી રહ્યા હોવ. ચાલો જાણીએ એવી ૪ મોટી ભૂલો વિશે જે તમારી મહેનત પર પાણી ફેરવી શકે છે. વોર્મ-અપને અવગણવું, ઘણા લોકો જિમમાં પહોંચતા જ સીધી ભારે કસરત શરૂ કરી દે છે, પરંતુ આ સૌથી મોટી ભૂલ છે. વોર્મ-અપ કર્યા વિના સીધું વર્કઆઉટ કરવું મસલ્સમાં ખેંચાણ અથવા ઈજાનું કારણ બની શકે છે. સાથે જ શરીર સંપૂર્ણ રીતે સક્રિય નથી થઈ શકતું, જેના કારણે કસરતની અસર ઓછી થઈ જાય છે. દરેક વર્કઆઉટ પહેલા ઓછામાં ઓછા ૫-૧૦ મિનિટનું વોર્મ-અપ જરૂર કરવું. દરરોજ એક જ પ્રકારની કસરત, જો તમે દરરોજ એક જ પ્રકારની કસરત કરો છો તો શરીર એક સમય પછી તે રૂટિનનો આદી થઈ જાય છે અને તેનો અસર અટકી જાય છે. નિષ્ણાતો કહે છે કે વર્કઆઉટમાં દરરોજ અલગ લેગ કરવી જરૂરી છે. કાર્ડિયો, સ્ટ્રેન્થ ટ્રેનિંગ, ફંક્શનલ અને ફ્લેક્સિબિલિટી બધાને મિક્સ કરીને કરો જેથી શરીર દરેક રીતે વળે અને તેને આદત પણ ન પડે. પૂરતી ઊંઘ અને ડાયટની કમી, શરીરને રિકવરી માટે ઊંઘ અને સરખું ડાયટ એટલું જ જરૂરી છે જેટલી કસરત.

# હોસ્ટેલ-પીજી વચ્ચે શું તફાવત? પહેલી વાર બહાર જતાં વિદ્યાર્થીઓ માટે કયું સારું?

**પીજીનું પૂરું નામ પેઇંગ ગેસ્ટ, તે ભાડાના રૂમ જેવું છે, હોસ્ટેલની સરખામણીમાં પીજીમાં ઓછા નિયંત્રણો લાદવામાં આવે**




૧૨મું ધોરણ પૂર્ણ કર્યા પછી, ઘણા બાળકો ઉચ્ચ શિક્ષણ માટે અન્ય શહેરોમાં આવેલી સંસ્થાઓમાં પ્રવેશ લે છે. આ માટે, તેમને ઘરના આરામદાયક વાતાવરણથી દૂર પીજી અથવા હોસ્ટેલમાં રૂમ લેવો પડે છે. માતાપિતા માટે તેમના બાળકને ઘરની બહાર મોકલવાનો નિર્ણય લેવો સરળ નથી. તેઓ તેમના તરફથી દરેક સ્તરની તપાસ કર્યા પછી જ પ્રથમ વખત તેમના બાળકને ઘરેથી દૂર મોકલે છે. જો તમે પણ આ વર્ષે ક્યાંક શિફ્ટ થવાનું વિચારી રહ્યા છો, તો પીજી અને હોસ્ટેલ વચ્ચેનો તફાવત સમજવો મહત્વપૂર્ણ છે. પીજીનું પૂરું નામ પેઈંગ ગેસ્ટ છે. તે ભાડાના રૂમ જેવું છે. હોસ્ટેલની સરખામણીમાં પીજીમાં ઓછા નિયંત્રણો લાદવામાં આવે છે. તમારા બાળકને પહેલી વાર બહાર મોકલવું આ ખૂબ જ ભાવનાત્મક નિર્ણય હોઈ શકે છે. આવી સ્થિતિમાં, બાળકને પીજી કે હોસ્ટેલમાં રાખવાનો નિર્ણય ખૂબ જ વિચારપૂર્વક લેવો જોઈએ. બંને વિકલ્પોના પોતાના ફાયદા અને ગેરફાયદા છે. તે બાળકની જરૂરિયાતો, વ્યક્તિત્વ અને તમારી પસંદગીઓ પર આધાર રાખે છે. હોસ્ટેલ અને પીજી વચ્ચેનો તફાવત, તેમના ફાયદા અને ગેરફાયદા અને સૂચનો જાણો. છાત્રાલયઃ સામાન્ય રીતે કોલેજો, યુનિવર્સિટીઓ અથવા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ છાત્રાલયમાં રહેવાની વ્યવસ્થા પૂરી પાડે છે. છાત્રાલયોમાં કડક નિયમો અને નિયમનો હોય છે (જેમ કે આગમન અને પ્રસ્થાનનો સમય, ભોજનનો સમય, વગેરે) અને શિસ્ત પ્રાથમિકતા છે. છાત્રાલયમાં સુવિધાઓ (જેમ કે ખોરાક, વીજળી, પાણી, Wi-Fi) એક નિશ્ચિત ફીમાં શામેલ છે. તે કોલેજ કેમ્પસની અંદર અથવા તેની નજીક સ્થિત છે, જે મુસાફરીનો સમય અને ખર્ચ બચાવે છે. પીજી (પેઈંગ ગેસ્ટ): ખાનગી મકાનમાલિકો અથવા પ્રોપર્ટી મેનેજરો તેમના ઘર અથવા મિલકતમાં ખાલી રૂમ પીજી તરીકે આપે છે. આમાં, ભાડૂઆતો મકાનમાલિક સાથે અથવા સ્વતંત્ર રીતે રૂમમાં રહે છે. પીજીના નિયમો હોસ્ટેલ કરતાં ઓછા કડક છે. અહીં તમારે ખોરાક, વીજળી અથવા ઈન્ટરનેટ માટે વધારાના પૈસા ચૂકવવા પડી શકે છે. તે કોલેજથી થોડા અંતરે હોઈ શકે છે. સ્થાન અને સુવિધાઓ પસંદ કરવાની વધુ સ્વતંત્રતા છે. હોસ્ટેલમાં રહેવાના ફાયદા, સુરક્ષા અને દેખરેખ : છાત્રાલયો ૨૪/૭ વોર્ડન, સુરક્ષા ગાર્ડ અને સીસીટીવી કેમેરાથી સજ્જ છે, જે પહેલી વાર બહાર રહેતા વિદ્યાર્થીઓ માટે સલામત બનાવે છે. બધી સુવિધાઓ મળી રહે : ખોરાક, વીજળી, પાણી અનu Wi-Fi જેવી સુવિધાઓ નિશ્ચિત ફીમાં શામેલ છે, જે બજેટ વ્યવસ્થાપનને સરળ બનાવે છે. કોલેજની નજીક હોય : છાત્રાલયો સામાન્ય રીતે કોલેજ કેમ્પ સમાં અથવા તેની નજીક સ્થિત હોય છે, જેનાથી સમય અને મુસાફરી ખર્ચ બચે છે. સામાજિક વાતાવરણ : સહપાઠીઓ સાથે રહેવાથી મિત્રતા, સહકારી વર્તન અને સામાજિક કૌશલ્ય વિકસાવવામાં મદદ મળે છે. શિસ્તબદ્ધ જીવન : નિયમિત દિનચર્યાઓ (જેમ કે ભોજનનો સમય, મુસાફરીનો સમય) વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ અને ધ્યાન કેન્દ્રિત રાખે છે. હોસ્ટેલમાં રહેવાના ગેરફાયદા શું છે? કડક નિયમોઃ હિલચાલના સમય પર કડક નિયંત્રણો, બહારના લોકોને મળવા પર પ્રતિબંધો અને અન્ય નિયમો સ્વતંત્રતાને મર્યાદિત કરી શકે છે. મર્યાદિત ગોપનીયતાઃ મોટાભાગની છાત્રાલયોમાં, ૨-૪ વિદ્યાર્થીઓ સાથે એક રૂમ શેર કરવો પડે છે, જે ગોપનીયતા ઘટાડે છે. ખોરાકની ગુણવત્તાઃ છાત્રાલયનું ભોજન એક નિશ્ચિત મેનુ પર આધારિત હોય છે, જેમાં વિવિધતા કે સ્વાદનો અભાવ હોઈ શકે છે. મર્યાદિત જગ્યાઃ રૂમની જગ્યા અને સુવિધાઓ (દા.ત., એસી, વ્યક્તિગત બાથરૂમ) મર્યાદિત હોઈ શકે છે.

# ગરમીમાં ભૂલથી પણ આ સમયે વોક ન કરો

**ફાયદાની જગ્યાએ થશે ભયંકર નુકસાન, જાણી લો સાચી રીત**

આ દિવસોમાં ભયંકર ગરમી પડી રહી છે. ગરમીમાં ખાસ કરીને હેલ્થનું ધ્યાન વધારે રાખવું પડે છે. આમ, ગરમીમાં તમે ખોટા સમયે વોક કરવા જાઓ છો તો હેલ્થને નુકસાન થઈ શકે છે. સ્વસ્થ રહેવા માટે વોક કરવું ખૂબ જરૂરી છે. એક્સપર્ટ પણ દરરોજ વોક કરવાની સલાહ આપે છે. વોકિંગ કરવાથી ઓવરઓલ હેલ્થને ફાયદો મળે છે. પરંતુ તમે ખોટા સમયે અને ખોટી રીતે વોક કરો છો તો હેલ્થને ફાયદાની જગ્યાએ નુકસાન થાય છે. ખાસ કરીને ભીષણ ગરમીમાં તમે ખોટી રીતે વોક કરો છો તો સ્વાસ્થ્ય પર ખોટી અસર પડી શકે છે.

આ હાર્ટ હેલ્થ માટે પણ સારું છે. તો જાણો ગરમીમાં વોક કેવી રીતે અને કયા સમયે કરવું જોઈએ. ગરમીમાં કયા સમયે વોક કરવું જોઈએ? એક્સપર્ટનું માનીએ તો ગરમીમાં તમારે સવારમાં ૫થી ૭ વાગ્યા સુધીમાં વોક કરી લેવું જોઈએ. ત્યારબાદ ધીરે-ધીરે ગરમી વધતી જાય છે જેના કારણે તડકામાં નીકળતા બચવું જોઈએ. તમે મોડાં વોક કરવા જાઓ છો તો જે જગ્યા પર છાંયડો વધારે હોય ત્યાં કરો. તડકામાં વોક કરવાથી ક્યારેક હિડાઈડ્રેશન, ચક્કર જેવી તકલીફો આવી શકે છે.

આ સમયે તમે જિમમાં વર્કઆઉટ કરી શકો છો. આ પાછળનું કારણ એ છે કે જિમમાં એસીની ઠંડક હોય છે જેમાં તમે વર્કઆઉટ કરો છો તો ચક્કર જેવી તકલીફો થવાનાં ચાન્સિસ ઓછાં રહે છે. વધારે ગરમી પડે ત્યારે વર્કઆઉટ કરશો નહીં. ગરમીમાં ખાસ કરીને અડધો કલાક તેમજ ૪૦ મિનિટ નોર્મલ સ્પીડમાં વોક કરો છો તો ફિટનેસ માટે સારું માનવામાં આવે છે. આનાથી વધારે



વર્કઆઉટ કરવુ સ્વાસ્થ્ય માટે સારું સાબિત થતુ નથી. વધારે ગરમી પડે ત્યારે વર્કઆઉટ કરશો નહીં. ગરમીમાં ખાસ કરીને અડધો કલાક તેમજ ૪૦ મિનિટ નોર્મલ સ્પીડમાં વોક કરો છો તો ફિટનેસ માટે સારું માનવામાં આવે છે. આનાથી વધારે વર્કઆઉટ કરવુ સ્વાસ્થ્ય માટે સારું સાબિત થતુ નથી.

આ ગરમીમાં ઘણાં લોકોને ઉભા-ઉભા પણ પરસેવો થતો હોય છે. આ સમયે તમે વર્કઆઉટ કરો છો તો યોગ્ય નથી. ગરમીમાં ઈન્ટેન્સ એક્સરસાઈઝ કરવી અઘરું પડી જાય છે, કારણકે આ એક્સરસાઈઝ કરો ત્યારે શરીરનું ટેમ્પરેચર વધી જાય છે. શરીરનું તાપમાન કંટ્રોલ કરવા માટે વધારે મહેનત કરવી પડે છે. વધારે પરસેવો નીકળવાથી ઈલેક્ટ્રોલાઈટ્સનું બેલેન્સ બગડી શકે છે. આ કારણે સ્વાસ્થ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

# મોટાભાગના લોકોને નુકસાન પહોંચાડતું હોય છે દૂધ! બગાડે છે પેટની તબિયત...

**મોટા ભાગના લોકો ગાય કે ભેંસનું દૂધ નિયમિત રીતે પીવે છે, કારણ કે દૂધ કેલ્શિયમનો મોટો સ્ત્રોત છે**

મોટા ભાગના લોકો ગાય કે ભેંસનું દૂધ નિયમિત રીતે પીવે છે. કારણ કે દૂધ કેલ્શિયમનો મોટો સ્ત્રોત છે. આથી હાડકાં મજબૂત થાય છે. ૨૫૦ ગ્રામ દૂધમાં ૧૫૨ કૅલરી ઊર્જા મળી શકે છે. પરંતુ હકીકત એ છે કે દૂધ બધાને માટે હેલ્ધી નથી. ઘણા લોકોને દૂધ પચવામાં તકલીફ થાય છે. દૂધ ખૂબ પૌષ્ટિક હોય છે. તેમાં દરેક જરૂરી પોષક તત્વો હોય છે જે માણસને સારી રીતે જીવવા માટે જરૂરી છે. બાળક ૬ મહિના સુધી માતાનું દૂધ જ પીતા હોય છે. જો શુદ્ધ દૂધ હોય તો માત્ર ૨૫૦ ગ્રામ દૂધમાં ૮.૧૪ ગ્રામ પ્રોટીન હોય છે. સાથે ૧૨ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૨ ગ્રામ શુગર અને ૮ ગ્રામ ફેટ હોય છે. એટલે કે બધું જ એક સાથે. તમે જાણતા જ હશો કે મોટા થયા પછી પણ લોકો ગાય કે ભેંસનું દૂધ નિયમિત રીતે પીવે છે. કારણ કે દૂધ કેલ્શિયમનો મોટો સ્ત્રોત છે. આથી હાડકાં મજબૂત થાય છે. ૨૫૦ ગ્રામ દૂધમાં ૧૫૨ કૅલરી ઊર્જા મળી શકે છે. પરંતુ હકીકત એ છે કે દૂધ બધાને માટે હેલ્ધી નથી. ઘણા લોકોને દૂધ પચવામાં તકલીફ થાય છે. શા માટે બધાને માટે હેલ્ધી નથી? સીકે બિર્લા હોસ્પિટલ, ગુડગાંવમાં ઈન્ટરનલ મેડિસિનના કન્સલ્ટન્ટ ડૉ. તુષાર તયલ સાથે વાત કરતા તેમણે કહ્યું કે, આપણા દેશમાં મોટા ભાગના લોકોને મિલ્ક ઈન્ટોલરન્સ છે. એટલે કે દૂધ પચાવવા માટે જરૂરી એન્ઝાઈમ્સ આંતરડામાં ઓછા હોય છે. દૂધમાં લેક્ટોઝ નામનું ફેટ હોય છે. તેને પચાવવા માટે આંતરડા લેક્ટેઝ નામના એન્ઝાઈમ્સ હોય છે. આ જ રીતે કેસિન નામના એન્ઝાઈમથી પણ દૂધ પચે છે. મોટા ભાગના ભારતીયોમાં લેક્ટેઝ અને કેસિન એન્ઝાઈમની કમી હોય છે. કેટલાકમાં તો બિલકુલ જ નથી. આ પાછળ ખરાબ જીન્સ જવાબદાર છે. જીન્સની ખામીઓના કારણે મોટા ભાગના લોકોની આંતરડામાં આ એન્ઝાઈમ્સ નથી હોતા અને તેથી જ્યારે દૂધ આંતરડામાં જાય છે તો તેનું પાચન યોગ્ય રીતે નથી થતું. આ જ કારણ છે કે દૂધ ઘણા લોકોના પેટને ખરાબ કરી દે છે. દૂધ ન પચે ત્યારે શરીરમાં દેખાતા લક્ષણો જો કોઈને મિલ્ક ઈન્ટોલરન્સ છે એટલે કે દૂધ પચતું નથી તો પાચન તંત્ર પર સૌથી મોટો અસર થાય છે. તેનું સૌથી મોટું લક્ષણ છે પેટ ફૂલવું. આ સાથે જ પેટમાં ગેસ થવો, ઘણા ઓડકાર આવવા, પેટમાં ખૂબ ગેસ થવો. કેટલાક લોકોને જમ્યા પછી પેટમાં મરોડ ઉઠે છે. કેટલાકને લૂઝ મોશન અથવા કબજિયાત પણ થઈ શકે છે. કેટલાક દિવસો સુધી સતત એવું થાય તો સમજવું જોઈએ કે દૂધના કારણે એવું થઈ રહ્યું છે. તેથી દૂધનું સેવન એકદમ




મર્યાદિત કરવું. આજકાલ દૂધ ન પચવાનું આર્ટિફિશિયલ કારણ પણ હોઈ શકે છે. કારણ કે આજકાલ દૂધમાં અનેક પ્રકારની મિલાવટ આવી ગઈ છે. જો દૂધમાં માત્ર પાણી ભળ્યું હોય તો કોઈ તકલીફ નથી પરંતુ દૂધમાં જ્યારે યુરિયા જેવા રસાયણ ભળે છે તો તે ખૂબ તકલીફ કરે છે. સાથે જ ગાય-ભેંસને ખેડૂત ઓક્સિટોસિન જેવા ઈન્જેક્શન આપી દૂધ કાઢે છે. ઓક્સિટોસિન એક હોર્મોન છે જે દૂધ દ્વારા માણસના શરીરમાં જઈ શકે છે. જ્યારે તે માણસના શરીરમાં પહોંચે છે તો કુદરતી રીતે શરીરમાં બનતા હોર્મોનને ખરાબ કરે છે. આથી અનેક પ્રકારની તકલીફો થાય છે. દૂધ - પૌષ્ટિક હોવા છતાં બધાને માટે યોગ્ય કેમ નથી? દૂધ એ ઔસત દ્રષ્ટિએ પૌષ્ટિક પીણું છે - તેમાં કેલ્શિયમ, વિટામિન B12, ફોસ્ફરસ, પ્રોટીન વગેરે પદાર્થો ભરપૂર હોય છે. પણ છતાં, દરેક વ્યક્તિ માટે એ હેલ્ધી નથી. ખાસ કરીને જેમજેમ ઉંમર વધી રહી છે તેમ લોકોમાં દૂધ પચાવવા માટે જરૂરી એન્ઝાઈમ્સ - ખાસ કરીને "લેક્ટેઝ" - ઓછું થતું જાય છે. જેને કારણે દૂધનું પાચન યોગ્ય રીતે નથી થતું અને પેટમાં તકલીફો શરૂ થાય છે. મિલ્ક ઈન્ટોલરન્સ શું છે અને કેટલાય લોકો કેમ પીડાઈ રહ્યાં છે? ભારતની મોટી વસ્તી "લેક્ટોઝ ઈન્ટોલરન્ટ" છે, એટલે કે એ લોકો દૂધમાં રહેલા લેક્ટોઝ નામના શર્કરાને પચાવી શકતા નથી. આવું તે માટે થાય છે કારણ કે તેમના આંતરડામાં "લેક્ટેઝ" નામનું એન્ઝાઈમ ઓછું કે નથી જ હોતું. માત્ર લેક્ટોઝ નહીં, પણ દૂધમાં રહેલું કેસિન (casein) નામનું પ્રોટીન પણ ઘણા લોકોના પાચનતંત્ર માટે ભારે બની શકે છે. લેક્ટેઝ અને કેસિન એન્ઝાઈમની ખોટનાં મૂળ કારણોમાં જીનેટિક તફાવત સૌથી મહત્વપૂર્ણ છે - એટલે કે કુદરતી રીતે મળેલી શરીરની ક્ષમતા.

# કેમ 'સુહાગરાત'ને લગ્નની પહેલી રાત કહેવામાં આવે છે?

**લગ્ન દરેક માટે ખૂબ જ ખાસ હોય છે, આ જન્મો-જન્મોનું બંધન છે, જે બે લોકોને એક પવિત્ર સંબંધમાં બાંધે**

લગ્ન દરમિયાન ઘણી વિધિઓ કરવામાં આવે છે. આ સમય દરમિયાન ઘણી વિધિઓનું પણ પાલન કરવામાં આવે છે. સુહાગરાત એ સદીઓ જૂની પરંપરાઓમાંથી એક છે. જોકે, આજે પણ ઘણા લોકો તેના વિશે ખુલ્લેઆમ વાત કરતા નથી કારણ કે ખૂબ ઓછા લોકો તેનો વાસ્તવિક અર્થ જાણે છે. ચાલો જાણીએ સુહાગરાતની રસપ્રદ વાર્તા. લગ્ન દરેક માટે ખૂબ જ ખાસ હોય છે. આ જન્મો-જન્મોનું બંધન છે, જે બે લોકોને એક પવિત્ર સંબંધમાં બાંધે છે. લગ્નના દિવસને ખાસ બનાવવા માટે લોકો ઘણી તૈયારીઓ કરે છે. બધા ધર્મો અને સમુદાયોમાં અલગ-અલગ રીતે લગ્ન થાય છે. ખાસ કરીને હિંદુ ધર્મમાં લગ્ન દરમિયાન ઘણી વિધિઓ કરવામાં આવે છે. લગ્નની શરૂઆતથી અંત સુધી આ દરમિયાન ઘણી વિધિઓ હોય છે. આ માટે જ તેને લઈને ઘણી તૈયારીઓ કરવામાં આવે છે. તેમની જ આ એક છે 'સુહાગરાત'.



લગ્ન દરમિયાન અને પછી કેટલીક પરંપરાઓનું પણ પાલન કરવામાં આવે છે. આમાંની જ એક છે સુહાગરાત, જેને લગ્નજીવનનો સૌથી મહત્વપૂર્ણ તબક્કો માનવામાં આવે છે. આ સદીઓથી ચાલતી આવી રહેલી પરંપરાઓમાંની એક છે, જેના વિશે જાણે તો બધા છે, પરંતુ તેનો સાચો અર્થ કદાચ જ કોઈને ખબર હશે. કારણ કે ખાસ કરીને આપણે ત્યાં સુહાગરાતને એક અલગ જ રીતે જોવામાં આવે છે. તો આજે આ આર્ટિકલમાં અમે તમને સુહાગરાતનો સાચો અર્થ અને તેનું મહત્વ શું છે તે જણાવીશું. સુહાગરાત શબ્દ તો આપણે બધા સાંભળ્યો હશે અને અમુક લોકો તેનો અર્થ પણ જાણતા હશે, પરંતુ તમે જે અર્થ જાણો છો તે સંપૂર્ણ સાચો નથી. આ શબ્દનો સાચો અર્થ અને મહત્વ વધુ છે. આ લગ્ન પછી દુલ્હા-દુલ્હનની પહેલી રાત હોય છે. આ ખાસ એટલા માટે માનવામાં આવે છે, કારણ કે આ દુલ્હા-દુલ્હનની પતિ-પત્ની તરીકેની પહેલી રાત હોય છે. સાથે જ આ અન્ય ઘણા અર્થોમાં પણ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સુહાગરાત કેમ ખાસ હોય છે? - સુહાગરાત એટલે કે લગ્નની પહેલી રાત ખાસ એટલા માટે માનવામાં આવે છે, કારણ કે આ પતિ-પત્ની તરીકેના નવા સંબંધની શરૂઆત હોય છે. આ પળ પ્રેમ અને વિશ્વાસનું પ્રતીક માનવામાં આવે છે. આ દરમિયાન બંને પાર્ટનર્સને એકબીજાને નજીકથી સમજવાનો મોકો મળે છે અને સાથે તેમના લગ્નજીવનની શરૂઆત થાય છે. સાથે જ આ પરિવારિક જીવનની શરૂઆત કરવાનો પણ એક મોકો હોય છે, પરંતુ એવું કરવું જરૂરી નથી. બંને પાર્ટનર્સની મરજી પછી જ સંબંધને તે સ્તરે પહોંચાડવો જોઈએ. સુહાગરાતને પહેલી રાત કેમ કહેવામાં આવે છે? સુહાગરાતનો સાચો અર્થ અને તેનો મહત્વ તો તમે જાણતા જ થયા હશો, પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે લગ્નની પહેલી રાતને સુહાગરાત કેમ કહેવામાં આવે છે? જો નહીં, તો ચાલો તમને તેનું કારણ જણાવીએ. હકીકતમાં, સુહાગરાત શબ્દ સંસ્કૃતના સૌભાગ્ય શબ્દ સાથે જોડાયેલો છે. આ જ શબ્દથી સુહાગની ઉત્પત્તિ માનવામાં આવે છે. સુહાગ અને સુહાગન બંને શબ્દો વિવાહિત મહિલાઓ માટે વપરાય છે. પતિના સૌભાગ્યને વધારવા માટે સુહાગની નિશાનીઓ જેમ કે મંગળસૂત્ર, ચૂડીઓ, સિંદૂર, પાયલ, બિછિયા પહેરે છે. આ રીતે સુહાગન બનેલી મહિલાની લગ્ન પછીની પહેલી રાતને સુહાગરાત કહેવામાં આવે છે.

## તંત્રી લેખ...

# એલ્વિશ યાદવ-અંજલિ અરોરાના ગરબા ઈવેન્ટને લઈને ભારે વિવાદ

છત્તીસગઢના અંબિકાપુર શહેરમાં ૨૭ અને ૨૮ સપ્ટેમ્બરના રોજ નવરાત્રિના પ્રસંગે એક ખાનગી હોટેલમાં આયોજિત ગરબા મહોત્સવને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. આ કાર્યક્રમમાં યુટ્યુબર એલ્વિશ યાદવ અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર અંજલિ અરોરાને બોલાવવામાં આવ્યા છે, જેનો હિન્દુ સંગઠનોએ કડક વિરોધ શરૂ કરી દીધો છે. સંગઠનોએ આ બંને કલાકારોને વિવાદિત ગણાવીને તેમના પોસ્ટરો સળગાવ્યા અને કાર્યક્રમ રદ કરવાની માગણી કરી. સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ સમજાવટ આપી રહી છે.

સર્વ સનાતન રક્ષા વાહિની અને સર્વ હિન્દુ સમાજ સંગઠન જેવા હિન્દુ સંગઠનોનું કહેવું છે કે આ બંને કલાકારો સોશિયલ મીડિયા પર અશ્લીલતા ફેલાવે છે અને ધાર્મિક મહત્ત્વ ધરાવતા નવરાત્રિ જેવા પવિત્ર આયોજનમાં તેમની હાજરી યોગ્ય નથી. સંગઠનોએ સરગુજાના કલેક્ટર અને એસપીને આવેદનપત્ર આપીને આ આયોજન પર રોક લગાવવાની માગણી કરી છે. આ સાથે જ, તેમણે એલ્વિશ અને અંજલિના પોસ્ટરો સળગાવીને પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો.

એલ્વિશ યાદવ ૨૭ સપ્ટેમ્બરના રોજ હોટેલ પર્પલ આર્કિડમાં અને અંજલિ અરોરા ૨૮ સપ્ટેમ્બરના રોજ સરગવાં પેલેસમાં કાર્યક્રમમાં ભાગ લેવાના હતા. આયોજન સમિતિએ પાસની કિંમત ૮૦૦ રૂપિયાથી ૨૫,૦૦૦ રૂપિયા સુધી રાખી છે અને કલાકારો સાથે ફોટોગ્રાફ માટે ૧૧,૦૦૦ રૂપિયાનો અલગ ચાર્જ નક્કી કર્યો છે. સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ એલ્વિશને ૧૭ લાખ અને અંજલિને ૧૦ લાખ રૂપિયાની ફી ચૂકવવામાં આવી છે. પરંતુ હિન્દુ સંગઠનોનું કહેવું છે કે આવા કલાકારોનું ધાર્મિક આયોજનમાં કોઈ સ્થાન ન હોવું જોઈએ.

પોલીસે પરિસ્થિતિને સંભાળવા માટે સ્થળ પર પહોંચીને આયોજકો અને પ્રદર્શનકારીઓને સમજાવવાના પ્રયાસો કર્યા. તેમજ આ વિવાદના કારણે આયોજનની તૈયારીઓ પર શંકા ઊભી થઈ છે. આ મામલો હવે સ્થાનિક લોકોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. કેટલાક લોકો સંગઠનોના વિરોધનું સમર્થન કરી રહ્યા છે, જ્યારે કેટલાક માને છે કે આ વ્યક્તિગત સ્વતંત્રતાનો મામલો છે. પોલીસે શાંતિ જાળવવાની અપીલ કરી છે અને તપાસ શરૂ કરી છે.

# "સ્વચ્છતા હી સેવા" અભિયાન ૨૦૨૫ ના હેઠળ અમદાવાદ મંડળ દ્વારા વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન



। (રેલવે) અમદાવાદ, તા.૨૮ ।

"સ્વચ્છતા હી સેવા" અભિયાન ૨૦૨૫ અમદાવાદ મંડળ પર ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ ના ગાંધી જયંતિ સુધી ઉજવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવાનો છે. આ દિશામાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ નિરંતર સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે અને સ્વચ્છતા, નવીનતા અને પર્યાવરણીય જાગરૂકતાના ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે.આ ક્રમ માં તારીખ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ અમદાવાદ મંડળના સામુદાયિક ભવન, સાબરમતી ખાતે "સ્વચ્છતા હી સેવા ૨૦૨૫" અભિયાનના હેઠળ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે શાળાના બાળકો અને સ્કાઉટ્સ અને ગાઈડ્ના બાળકો દ્વારા બનાવવામાં આવેલા વેસ્ટ મટેરીયલ માંથી બનાવેલ ઉપયોગી ઉત્પાદનોના પ્રદર્શનીનું અવલોકન કર્યું અને બાળકોની સર્જનાત્મકતા અને સ્વચ્છતા પ્રત્યેના અભિગમની પ્રશંસા કરી હતી.

સ્વચ્છતાનો સંદેશ લોકો સુધી પહોચાવવાના ઉદેશ્ય થી મંડળ દ્વારા અનેક અન્ય કાર્યક્રમોનું પણ આયોજન કર્યું હતું. મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, લોકોમોટિવ શેડ સાબરમતી, લોકોમોટિવ શેડ વટવા, પાલનપુર અને ગાંધીધામ ખાતે રેલ કર્મચારીઓ માટે સ્વચ્છતા પર ક્વિઝ સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અમદાવાદની ત્રણ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ચિત્રકામ, નિબંધ લેખન અને વકતવ્ય સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં કુલ ૧૧૮ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઈનામ આપવામાં આવ્યા હતા.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આ અભિયાન ની શરૂઆત ૧૭ સપ્ટેમ્બરના રોજ વડનગર સ્ટેશન પર એક સાથે ૭૫ છોડ વાવીને શરૂ કર્યું હતું. તે જ દિવસે, એક ખાસ "સ્વચ્છતા વિશેષ ટ્રેન" ચલાવવામાં આવી હતી, જેમાં ૭૫ નિવૃત્ત સૈનિકો, રેલવે કર્મચારીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) ના સભ્યોએ ભાગ લીધો હતો. આ ખાસ ટ્રેન ને સાબરમતી, કલોલ, મહેસાણા અને વડનગર સ્ટેશનો પર રોકાઈને ત્યાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું


કાર્યક્રમ ના દરમિયાન મંડળ રેલ પ્રબંધકે શાળાના બાળકોને સ્વચ્છતા અભિયાન સંબંધિત પ્રશ્નો પૂછ્યા અને સાચા જવાબ આપનારાઓને ચોકલેટનું ઈનામ તરીકે વિતરણ કર્યું. આ વાતચીતથી બાળકોમાં ન માત્ર ઉત્સાહ પૈદા કર્યો પરંતુ તેમને સ્વચ્છતા પ્રત્યે વધુ જાગૃત પણ બનાવવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં અપર મંડળ રેલ પ્રબંધક શ્રી લોકેશ કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીણા, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, અમદાવાદના પ્રમુખ શ્રીમતી શેફાલી ગુપ્તા, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ અને અન્ય રેલવે અધિકારીઓ હાજર રહ્યા હતા.

---

## આમ પણ તન અને મન પર વિજય પ્રાપ્ત થાય ત્યારે જ અભય પદ પ્રાપ્ત થતું હોય છે

# ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, અને સત્ત્યમ, જેવા સપ્ત લોક દરેક જીવમાં કાર્યરત છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કાલરાત્રિ એ મહાકાલિકા સ્વરૂપે છે, એટલે યુદ્ધની રીતે જોઈએ તો યુદ્ધ એ એક ક્રિયા છે અને યુદ્ધ હોય ત્યાં બે પક્ષ સામ સામે લડાઈ કરે, યુદ્ધનાં પરિણામે એકની હાર અને બીજાનો વિજય નિશ્ચિત છે. પરંતુ દરેક વખતે ઘર્ષણ કોઈ અન્યને કારણે થતું નથી, એ વાત પણ સમજવી જરૂરી છે. આપણા જ સ્વભાવના ગુણદોષને કારણે ઘણી વાર આપણો અહમ, આગ્રહ, કે પછી અન્ય કોઈ પૂર્વગ્રહ પણ ઘર્ષણ માટે જવાબદાર હોય છે, અને એટલે પણ આપણે સારું કે ધાર્યું પરિણામ મેળવી શકતા નથી.**

આજે આસો સુદ સાતમ એટલે સાતમું નોરતું નવદુર્ગાના કાલરાત્રિ સ્વરૂપની આરાધનાનો મહિમા ગાવાનો દિવસ. આપણે સૌ જાણીએ છીએ કે મા કાલરાત્રિનું સ્વરૂપ ભયંકર દેખાય છે, અને એનું વાહન ગર્દભ છે. દેવીનો વર્ણ શ્યામ હોવાથી તેને કાલરાત્રિ કહેવાય છે, પરંતુ એ તેના ભક્તોનું શુભ કરનારી હોવાથી તેને મા શુભંકરી પણ કહેવાય છે. મા કાલરાત્રિની આરાધના કરનારને અભય પદની પ્રાપ્તિ થાય છે. શુંભ અને નિશુંભ નામ અસુરનો સંહાર કરવા માટે દેવી પાર્વતીએ કાલ રાત્રીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. શારદીય નવરાત્રીની સપ્તમી સાથે બીજી એક યાદ પણ જોડાયેલી છે, અને એ છે ચિંતનની આ ધારાનું બીજ ૫૭ વર્ષ પહેલાં અંકુરિત થયું હતું એમ કહી શકાય. એટલે કે સપ્તમીની રાત્રીએ બાર વાગ્યે ઉત્તર ફાલ્ગુન નક્ષત્રમાં આ ફાલ્ગુનીનો જન્મ થયો હતો, અને કદાચ એટલે જ ગૌ ગંગા ગાયત્રી જેવો પવિત્ર ભાવ સહજ છે. જેને પાછળથી સદગુરુ કૃપા પ્રાપ્ત થઈ, અને સદગુરુ દેવના યુગ પરિવર્તન અભિયાન અંતર્ગત જન જાગરણની આ પ્રવૃત્તિ યજ્ઞમાં આહુતિ રૂપે ચિંતનની ક્ષણે શરૂ થયું. મા કાલરાત્રિ અભય પદના વરદાન આપે છે. પણ કાળના સંદર્ભમાં અત્યારે સહનશક્તિ ખૂટતી જાય છે, અને એટલે જ આપણે માતાનું કલ્યાણકારી કે શુભંકરી સ્વરૂપ જોઈ શકતા નથી .ઉપરાંત આપણા પોતાના કર્મો પણ એવાં હોય, એટલે કાલરાત્રિનાં ભયંકર લાગે.

કાલરાત્રિ એ મહાકાલિકા સ્વરૂપે છે, એટલે યુદ્ધની રીતે જોઈએ તો યુદ્ધ એ એક ક્રિયા છે અને યુદ્ધ હોય ત્યાં બે પક્ષ સામ સામે લડાઈ કરે, યુદ્ધનાં પરિણામે એકની હાર અને બીજાનો વિજય નિશ્ચિત છે. પરંતુ દરેક વખતે ઘર્ષણ કોઈ અન્યને કારણે થતું નથી, એ વાત પણ સમજવી જરૂરી છે. આપણા જ સ્વભાવના ગુણદોષને કારણે ઘણી વાર આપણો અહમ, આગ્રહ, કે પછી અન્ય કોઈ પૂર્વગ્રહ પણ ઘર્ષણ માટે જવાબદાર હોય છે, અને એટલે પણ આપણે સારું કે ધાર્યું પરિણામ મેળવી શકતા નથી. તન, એટલે કે રુપ અને મન, એટલે સ્વરૂપ તેમજ આત્મા એ ત્રિકોણમાં આવું ઘર્ષણ સદાય ચાલતું રહ્યું છે. માનવીય તન (રુપ ) એ શુંભ અને નિશુંભ ( સ્વરૂપ) એ મન છે, અને મન તેનું ધાર્યું કરાવવા માટે આત્મા સાથે સતત સંઘર્ષ કરે છે, એની



પર વિજય પ્રાપ્ત કરવા આત્મ શક્તિનું જોર લગાડવું પડે. દેખીતી રીતે તો હવે એવા અસૂરો બહાર નથી, આપણી અંદર જ છે, અને એની પર વિજય પ્રાપ્ત કરવા માટે આપણે સતત સંઘર્ષ કરતા હોઈએ છીએ, ત્યારે મા કાલરાત્રિની આરાધના થકી, આપણે એની પર વિજય પ્રાપ્ત કરવાનો છે. આમ પણ તન અને મન પર વિજય પ્રાપ્ત થાય ત્યારે જ અભય પદ પ્રાપ્ત થતું હોય છે.

★★ શક્રાદય સ્તુતિ★★

સૌમ્યાનિ યાનિ રૂપાણિ ત્રૈલોક્યેવિચરન્તિ તે

યાનિ ચાત્યર્થઘોરાણિ તૈરક્ષાસ્માંસ્તથા ભુવમ્ ૨૫

આ ત્રણે લોકમાં તમારા પરમ સુંદર તેમજ અત્યંત ભયંકર એવા જે રૂપો વિચરતા રહે છે તેમના થકી પણ તમે અમારું અને આ પૃથ્વીલોકમાં રક્ષણ કરો. (૨૫)

ખડ્ગશૂલગદાદીનિ યાનિ ચાસ્ત્રાનિ તેડમ્બિકે

કરપલ્લવસઙ્ગીનિ તૈરસ્માન્રક્ષ સર્વતઃ ૨૬

હે અંબિકા! તમારા કરપલ્લવોમાં શોભતા ખડ્ગ, શૂળ,ગદા વગેરે જે જે અસ્ત્રશસ્ત્રો છે તે બધા થકી તમે બધી બાજુએથી અમારું રક્ષણ કરો. (૨૬)

ઋષિરુવાચ ૨૭

એવં સ્તુતા સુરૈર્દિવ્યૈઃ કુસુમૈર્નન્દનોદ્ભવૈઃ

અર્ચિતા જગતાં ધાત્રી તથા ગન્ધાનુલેપનૈઃ ૨૮

ભક્ત્યા સમસ્તૈસ્ત્રિદશૈર્દિવ્યૈર્ધૂપૈસ્તુધૂપિતા

પ્રાહ પ્રસાદસુમુખી સમસ્તાન્પ્રણતાન્સુરા ૨૯

આ પ્રમાણે દેવતાઓએ જ્યારે જગતજનની દુર્ગાની સ્તુતિ કરી અને નંદનવનના દિવ્ય પુષ્પ તેમજ ગંધ, ચંદન વગેરે વડે તેમનું પૂજન કર્યું તથા એ પછી બધાએ મળીને જ્યારે ભક્તિપૂર્વક દિવ્ય સુગંધ સમર્પિત કરી ત્યારે દેવી પ્રસન્ન થયા અને પ્રણામ કરી રહેલા તે બધા દેવતાઓને તેમણે કહ્યું.(૨૮-૨૯)

દેવ્યુવાચ ૩૦

વ્રિયતાં ત્રિદશાઃ સર્વેયદસ્મત્તોડભિવાઞ્છતમ્ ૩૧

હે દેવતાઓ! તમે બધા મારી પાસેથી જે વસ્તુ મેળવવાની ઈચ્છા રાખતા હો તે માગો,(૩૧)

ઈન્દ્ર આદિ દેવતાઓ દેવીને કહે છે કે હવે અમને કંઈ જ જોઈતું નથી. પણ આજે સાતમ છે તો એક વિશિષ્ટ ચિંતન કરીએ. કહેવાય છે કે પૃથ્વી લોક મધ્યમાં છે, અને ઉપર પણ સાત લોક આવેલ છે, અને પાતાળમાં પણ સાત લોક આવેલ છે, અને એટલે જ આપણે ત્યાં ચૌદ બ્રહ્માંડની વાત આવી, અને તિથિની રીતે જોઈએ તો પણ સપ્તમી એટલે મધ્ય સુધી પહોંચી ગયાં,કે સાધનાના મુખ્ય પડાવ પર જીવ આવીને ઉભો છે એમ પણ કહી શકાય.

અજવાળી સાતમનું મહત્વ બતાવતાં લખે છે કે જેમ બ્રહ્માંડમાં સપ્ત પાતાળ યાને કે સપ્તલોકની તથા તેમના અધિષ્ઠાતા દેવ-દેવીની વાત જણાવા મળે છે, એ જ રીતે આપણાં દેહમાં પણ સપ્તલોક કાર્યરત છે, અથવા સમાયેલા છે. જેમ કે ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, અને સત્ત્યમ જેના અધિષ્ઠાતા ગૌરી, ગૌ, ગંગા, ગીતા, ગાયત્રી, સંધ્યા સાવિત્રી છે. જેનું વિશિષ્ટ વિવરણ નીચે મુજબ છે.

૧) ભૂઃ -સ્વર્ગલોક- આકાશતત્ત્વનું અધિષ્ઠાતા દેવી સાવિત્રી છે, અને એટલે જ આપણે ગાયત્રી અનુષ્ઠાનમાં સૂર્ય સામે બેસીએ છીએ, સૂર્ય ઉપાસના દ્વારા સતિ સાવિત્રીએ સત્ત્યવાન માટે જીવનદાન મેળવ્યું હતું, યાને કે જીવની અધોગતિમાંથી ઊધ્વગતિ તરફ જવા માટે કેવળ એકમાત્ર, સાવિત્રી અર્થાત્ સૂર્ય ઉપાસના જ મહત્ત્વની છે.

૨) ભુવઃ એટલે કે મર્ત્યલોક પૃથ્વી તત્ત્વ જીવનો મધ્યાહન સમય છે,અને અધિષ્ઠાતા દેવી 'સંધ્યા' છે.ત્રિકાળ સંધ્યા, સંધ્યા વંદન, જપ ધ્યાન કરવાથી જીવનની ત્રણેય અવસ્થામાં ક્રમશઃ સુધારો થવાથી જીવનું મુક્તિ માર્ગે પ્રયાણ થાય.

૩) સ્વઃ પાતાળલોક એટલે જીવન અધોગતિ તરફ ચાલ્યું ગયું છે, ત્યારે અધિષ્ઠાતા દેવી તરીકે ગૌ-ગાયની પૂજા દ્વારા જેમાં ત્રેતીસ કરોડ દેવતાઓનો નિવાસ ગણાય છે, એનું પૂજન એટલે પશુધનની રક્ષા,અને હજી સુક્ષ્મ અર્થ કરીએ તો ગૌનો બીજો અર્થ ઈન્દ્રિય દોહન કરી, જીવાત્માએ પોતે કરેલા પાપનું વિવેચન કરી સર્વ સાથે સમભાવ રાખી સારા આચાર વિચાર, કર્મો, ભક્તિનું દોહન કરવાથી અધોગતિમાંથી મુક્તિ મળે છે. સ્વનો બીજો અર્થ પોતાનો જીવ પોતાનામાં જ મગ્ન રહે, પોતાને સ્વને ઓળખે, અને જાણે, સમજે, તો ચોક્કસ જીવમાત્રની ઊર્ધ્વગતિ થાય જ થાય.

૪) મહ એટલે મનનું આત્માલોક, અથવા સત્ય તરફ માનસિકતા પ્રખર કરવી. ગંગા જેમ મનને પવિત્ર કરવું આતમને ઉજાળવો, દિલમાં દિવો કરવો, એટલે કે આત્મદીપને પેટાવવો. જેમ સ્વર્ગમાંથી ગંગાનું પૃથ્વી પર અવતરણ થયું તેમ ચંચળ મનની બધી ક્રિયાને વિકાર રહીત બનાવવી,અને પવિત્રતા અર્જીત કરવી.

૫) જનઃ ગાયત્રી માની એટલે કે શુદ્ધ બુદ્ધિ રૂપ ગાયત્રીની ઊપાસના કરવી. જેના આશિર્વાદ, કૃપાથી લોક કલ્યાણના કાર્યો થઈ શકે. રિદ્ધિ-સિદ્ધિ મળે,અને જીવન પર્યંત લોક કલ્યાણના કાર્યો કરવાં.

૬) છઠ્ઠુ લોક એટલે તપ,કે જેમાં ઈન્દ્રિય નિગ્રહ કરીને મા ગૌરી કે પાર્વતીએ તપ કરીને જેમ શિવજીને મેળવ્યા, જન્મો જન્મ શિવ શક્તિનું મિલન થયું. જ્યારે જીવ શિવનાં ઐક્ય માટે વિચારે તો તપની આવશ્યકતા પડે છે.

૭) સાતમું લોક એટલે સત્ત્યલોક, જેમાં ગીતાના જ્ઞાનથી એકનિષ્ઠતા, સત્ત્યતા સાતત્ત્યતા કર્મ, જ્ઞાન, ભક્તિ, યોગ દ્વારા સત્ત્યનું ધારણ કરવું.

બધી રીતે જીવ મધ્યાહનને અનુભવી રહ્યો છે, ત્યારે આપણી અંદરનાં આ સપ્ત લોકને ઉર્ધ્વગામી કરવા મા અંબાને શરણે જઈએ. જય અંબે.

---

## નવલાં નોરતાંની રમઝટ - ૮

# યા દેવી સર્વભૂતેષુ કાલરાત્રી રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યે નમસ્તસ્યે નમસ્તસ્યે નમોનમ :



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**બીજી એક દંતકથા કહે છે કે ચામુંડા (કાલિ) કાલરાત્રિની રચનાકર્તા હતી. એક શક્તિશાળી ગધેડા પર સવાર થઈને, કાલરાત્રિ એ ચંડ અને મુંડ રાક્ષસોનો પીછો કર્યો અને તેમને પકડીને કેદ કર્યા પછી કાલિ પાસે લાવ્યા. ચામુંડા દ્વારા આ રાક્ષસો નો વધ કરવામાં આવ્યો.આ વાર્તા ચાંદમારીનામની બીજી દેવી સાથે ગાઢ રીતે સંબંધિત છે .તે સૌથી અંધારી રાતની શક્તિ છે.**

હિન્દૂ માન્યાતાઓનુસાર નવરાત્રી નાં ૯ નવ દિવસોમાં દેવી દુર્ગાનાં ૯ નવ વિવિધ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.શક્તિની સાધના સાથે જોડાયેલા આ પાવન પર્વનાં સાતમાં નોરતે દેવી દુર્ગાનું સ્વરૂપ મહાકાળીનું પૂજન કરવામાં આવે છે.ખુલ્લા કેશ અને કાળા રંગનું શરીર ધારણ કરેલ દેવી કાળીનાં સ્વરૂપને જોઈને આસુરી શક્તિઓ કાંપી ઊઠે છે. તેમની સાધના કરવાથી ઘરમાં નકારાત્મક ઊર્જાઓ પ્રવેશ નથી કરી શકતી. એટલું જ નહીં માંના આશીર્વાદ મેળવવાથી શનિ દોષ પણ દૂર થાય છે.

મહાકાળીનાં પૂજનની વિધિ

મહાકાળીનું પૂજન કરવા માટે સાધકે તન અને મનથી પવિત્ર થઈને દેવીકાળીની પ્રતિમા અથવા ચિત્રને ગંગાજળથી સ્નાનકરાવવું આ બાદ તેના પર પુષ્પ,અક્ષત, ચંદન,ધૂપ-દીપથી પૂજા કરવી.

મહાકાળીને ગોળ અથવા શીરાનો ભોગ લગાડવો.

એક સમયે શુંભ અને નિશુંભ નામના બે રાક્ષસો હતા,જેમણે દેવલોક પર આક્રમણ કર્યું અને દેવતાઓને હરાવ્યા. દેવતાઓના શાસક ઈન્દ્ર,અન્ય દેવતાઓ સાથે શિવની મદદ મેળવવા માટે હિમાલય ગયા . તેઓએ સાથે મળીને પાર્વતીને પ્રાર્થના કરી. પાર્વતી સ્નાન કરતી વખતે તેમની પ્રાર્થના સાંભળી, તેથી તેમણે બીજી દેવી,ચંડી(અંબિકા) બનાવી જે દેવતાઓને હરાવીને તેમને મદદ કરે.ચંડી-મુંડ,શુંભ અને નિશુંભ દ્વારા મોકલવામાં આવેલા બે રાક્ષસોના સેનાપતિ હતા. જ્યારે તેઓ તેની સાથે યુદ્ધ કરવા આવ્યા, ત્યારે ચંડીએ એક કાળીદેવી,કાલી(કેટલાકઅહેવાલો માં, કાલરાત્રી)બનાવી.કાલરાત્રી એ તેમને મારી નાખ્યા,જેના કારણે ચામુંડા નામ પડ્યું. ત્યારબાદ,રક્તબીજ નામનો એક રાક્ષસ આવ્યો.રક્તબીજને વરદાન મળ્યું હતું કે જો તેના લોહીનું એક ટીપું પણ જમીન પર પડે, તો તેનો એક ક્લોન ઉત્પન્ન થશે. જ્યારે કાલરાત્રીએ તેના પર હુમલો કર્યો, ત્યારે તેના વહેતા લોહીથી તેના ઘણા ક્લોન ઉત્પન્ન થયા. તેથી,તેને હરાવવાનું અશક્ય બન્યું. તેથી યુદ્ધ કરતી વખતે, ગુસ્સે થઈને, કાલરાત્રીએ તેનું લોહી પીધું જેથી તે નીચે ન પડે,આખરે રક્તબીજને મારી નાખ્યો અને દેવી ચંડી તેના સેના પતિઓ,શુંભ અને નિશુંભને મારવામાં મદદ કરી.તે એટલી ઉગ્ર અને વિનાશક બની ગઈ કે તે તેની સામે આવનાર દરેકને મારવા લાગી. બધા દેવતાઓએ તેને રોકવા માટે શિવની સામે પ્રાર્થના કરી, તેથી શિવે તેને રોકવાનો પ્રયાસ કરતા તેના પગ નીચે આવવાનું નક્કી કર્યું. જ્યારે તે બધાને મારવામાં વ્યસ્ત હતી, ત્યારે શિવ તેના પગ નીચે દેખાયા. તેના પ્રિય પતિને પગ નીચે જોઈ ને,તેણીએ તેની જીભ કરડી,શિવ ને ઊભા રહેવામાં મદદ કરી અને અપરાધ ભાવમાં, તે લડાઈ ભૂલી ગઈ, તેથી શિવે તેને શાંત કરી.

બીજી એક દંતકથા કહે છે કે ચામુંડા (કાલિ) કાલરાત્રિની રચનાકર્તા હતી. એક શક્તિશાળી ગધેડા પર સવાર થઈને, કાલરાત્રિ એ ચંડ અને મુંડ રાક્ષસોનો પીછો કર્યો અને તેમને પકડીને કેદ કર્યા પછી કાલિ પાસે લાવ્યા. ચામુંડા દ્વારા આ રાક્ષસો નો વધ કરવામાં આવ્યો. આ વાર્તા ચાંદમારીનામની બીજી દેવી સાથે ગાઢ રીતે સંબંધિત છે .તે સૌથી અંધારી રાતની શક્તિ છે. રાત્રે, પ્રાણી સામ્રાજ્ય કામથી વિરામ લે છે અને બધા પ્રાણીઓ સૂઈ જાય છે. જેમ જેમ તેઓ સૂઈ જાય છે, તેમનો થાક દૂર થાય છે. અંતિમ વિસર્જન સમયે, વિશ્વના બધા જીવો માતા દેવીનાખોળામાં આશ્રય, રક્ષણ અને આશ્રય શોધે છે.તે અંધારી રાત્રિ, મૃત્યુ- રાત્રિનો સમય છે.તે મહા રાત્રિ છે, (સામયિક વિસર્જનની મહાન રાત્રિ) તેમજ મોહરાત્રિ (ભ્રમની રાત્રિ). સમયના અંતે, જ્યારે વિનાશ આવે છે, ત્યારે દેવી પોતાને કાલરાત્રિમાં રૂપાંતરિત કરે છે, જે કોઈ પણ અવશેષ છોડ્યા વિના બધા સમયને ભસ્મ કરે છે. બીજી એક દંતકથા કહે છે કે, દુર્ગાસુર નામનો એક રાક્ષસ હતો, જે વિશ્વનો નાશ કરવા માંગતો હતો, તેણે સ્વર્ગમાંથી બધા દેવોને હાંકી કાઢ્યા અને ચાર વેદ છીનવી લીધા.પાર્વતીને આ વાતની ખબર પડી અને તેણે કાલરાત્રિની રચના કરી,તેને દુર્ગાસુરને હુમલા સામે ચેતવણી આપવાનો આદેશ આપ્યો. જોકે, દુર્ગાસુરના રક્ષકોએ કાલરાત્રિને સંદેશવાહક તરીકે દેખાડતાં તેને પકડવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ કાલરાત્રિએ એક વિશાળ સ્વરૂપ ધારણ કર્યું અને તેને ચેતવણી આપી. ત્યારબાદ, જ્યારે દુર્ગાસુર કૈલાસ પર આક્રમણ કરવા આવ્યો, ત્યારે પાર્વતીએ તેની સાથે યુદ્ધ કર્યું અને તેને મારી નાખ્યો, જેના કારણે તેનું નામ દુર્ગા પડ્યું. અહીં કાલરાત્રિ એક એજન્ટ તરીકે કામ કરે છે જે પાર્વતીથી દુર્ગાસુરને સંદેશ અને ચેતવણી આપે છે.કાલરાત્રિનો રંગ સૌથી કાળી રાત્રિ જેવો છે,તેના વાળ ખૂબજભરેલા છેઅને તેનું સ્વરૂપ સ્વર્ગીય છે. તેના ચાર હાથ છેડાબા બે હાથ માં તીર અને વજ છેઅને જમણા બે હાથમાં વરદ (આશીર્વાદ) અને અભય (રક્ષણ) મુદ્રા છે.તે ચંદ્રની જેમ ચમકતો હાર પહેરે છે. કાલ રાત્રિને ત્રણ આંખો છેજે વીજળી જેવા કિરણો નીકળે છે. જ્યારે તે શ્વાસ લેછે.અથવા બહાર કાઢે છે ત્યારે તેના નાકમાંથી જ્વાળા ઓ નીકળે છે.તેનો સવાર ગધેડો છે, જેને ક્યારેક શબ તરીકે ગણવામાં આવે છે.આ દિવસે વાદળી, લાલ અને સફેદ રંગો પહેરવા જોઈએ. કાલરાત્રિનો દેખાવ દુષ્ટો માટે વિનાશ લાવનાર માનવામાં આવે છે.પરંતુ તે હંમેશા તેના ભક્તો માટે સારા ફળ આપે છે અને તેનો સામનો કરતી વખતે ભય ટાળવો જોઈએ,કારણકે તે આવા ભક્તોના જીવનમાંથી ચિંતાના અંધકાર ને દૂર કરે છે. નવરાત્રિના સાતમા દિવસે તેની પૂજાને યોગીઓ અને સાધકો દ્વારા ખાસ મહત્વ આપવામાં આવે છે.

પ્રાર્થનાઓ.મંત્ર.ૐ દેવી કાલરાયૈ નમઃ ઓં દેવી કાલરાત્ર્યાય નમઃ

માં કાલરાત્રી મંત્ર-મા કાલરાત્રી મંત્રઃ યા દેવી સર્વભૂતેષુ મા કાલ રાત્રિ રૂપેણ સંસ્થિતા !

નમસ્તસ્યે નમસ્તસ્યે નમસ્તસ્યે નમો નમઃ !!

ઐં હીં કલીં ચામુંડાયે વિચ્ચૈ નમઃ

સપ્તમં કાલરાત્રિ.સપ્તમંકાલરાવ્યે નમ :

આ દરમિયાન મહાકાળીની કથા બોલવી અથવા સાંભળવી.કથા બાદ દેવીની પૂજા કરવા માટે મંત્રોનો જાપ કરવો.

અંતમાં માંની આરતી કરવી અને થયેલ ભૂલ-ચૂકની માફી માંગવી.

મહાકાળીનો સિદ્ધમંત્ર

'ૐ ઐં હીં કલીં ચામુંડાયે વિચ્ચૈ ૐ કાલરાત્રિ દેવ્યે નમઃ ! અસ્તુ.

### ઐશ્વર્યા રાય 'ચલતે ચલતે' દરમિયાન સલમાન ખાનને ડેટ કરી રહી હતી

# શાહરૂખની ફિલ્મ ચલતે ચલતે પહેલા ઐશ્વર્યા રાયને ઓફર થઈ હતી




શાહરૂખ ખાનની હિટ ફિલ્મ ચલતે ચલતેમાં રાની મુખર્જી પહેલા ઐશ્વર્યા રાય બચ્ચનને કાસ્ટ કરવામાં આવી હતી. જોકે, પાછળથી તેણીને ફિલ્મમાંથી દૂર કરવામાં આવી હતી અને રાની મુખર્જીને કાસ્ટ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૩માં શાહરૂખ ખાન અને રાની મુખર્જીની બોક્સ ઓફિસ પર હિટ ફિલ્મ ચલતે ચલતે રીલિઝ થઈ હતી. હવે ફિલ્મના દિગ્દર્શકે ઐશ્વર્યાને દૂર કરીને રાની મુખર્જીને કાસ્ટ કરવાની વાત કરી.એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં, ફિલ્મના દિગ્દર્શક અઝીઝ મિર્ઝાને જ્યારે પૂછવામાં આવ્યું કે ઐશ્વર્યા રાયને ફિલ્મમાંથી કેમ દૂર કરવામાં આવી, ત્યારે તેમણે કહ્યું, ‘‘મને ખબર નથી. અમે ફક્ત એક દિવસ માટે શૂટિંગ કર્યું. કમનસીબે, બધું અમારી ઈચ્છા મુજબ ન થયું અને પછી રાની ફિલ્મનો ભાગ બની ગઈ. આ પહેલી વાર હતું જ્યારે અઝીઝ મિર્ઝાએ શાહરુખ ખાનની સામે જુહી ચાવલાને કાસ્ટ ન કરી. આ પહેલા, જુહી ચાવલા અને શાહરૂખ ખાન તેની પહેલી ત્રણ ફિલ્મોમાં જોવા મળ્યા હતા. જ્યારે અઝીઝને પૂછવામાં આવ્યું કે તેમણે ફિલ્મમાં જુહી ચાવલાને કેમ ના લીધી? તેમણે કહ્યું, ‘‘મને લાગ્યું કે લોકો કંઈક અલગ જોવા માંગે છે. જુહી બીજા કોઈની જેમ સારી હોત. એવું નથી કે રાની ખરાબ હતી, રાની પહેલા જેટલી જ સારી હતી. ઘણા જૂના સમાચાર અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે.

# ફવાદ ખાનની 'અબીર ગુલાલ'ના ગીતો યુટ્યુબ પરથી હટાવી દેવાયા

**ફવાદ ખાન અને વાણી કપૂર અભિનીત ફિલ્મ 'અબીર ગુલાલ' ૯ મેના રોજ રિલીઝ થવાની હતી**





પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાન અને વાણી કપૂર અભિનીત ફિલ્મ 'અબીર ગુલાલ' ૯ મેના રોજ રિલીઝ થવાની હતી. પરંતુ ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનની આગામી ફિલ્મનો બહિષ્કાર કરવાની માંગ વધી ગઈ હતી, ત્યારબાદ સરકારે પણ નિર્ણય લીધો હતો અને ભારતમાં ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ બધા વચ્ચે, હવે નિર્માતાઓએ તેમની યુટ્યુબ ઈન્ડિયા ચેનલ પરથી ફિલ્મના ગીતો પણ દૂર કરી દીધા છે.'અબીર ગુલાલ' ના નિર્માતાઓએ ફિલ્મના બે ગીતો, ખુદાયા ઈશ્ક નામનો રોમેન્ટિક ટ્રેક અને અંગ્રેજી રંગરસિયા નામનો એક પેપી ડાન્સ નંબર રિલીઝ કર્યા હતા. જોકે, બંને ગીતો યુટ્યુબ પરથી દૂર કરવામાં આવ્યા છે.



આ હવે પ્રોડક્શન હાઉસ, અ રિચર લેન્સ એન્ટરટેઈનમેન્ટની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ નથી. ફિલ્મના સત્તાવાર સંગીત અધિકારો હોવા છતાં, ગીતો સારેગામાના યુટ્યુબ હેન્ડલ પરથી પણ દૂર કરવામાં આવ્યા છે. આ ગીતને દૂર કરવાનો નિર્ણય સોશિયલ મીડિયા પર તીવ્ર પ્રતિક્રિયા બાદ લેવામાં આવ્યો છે, જેમાં ઘણા વપરાશકર્તાઓએ પહેલગામ આતંકવાદી હુમલાને પગલે ભારતીય અને પાકિસ્તાની કલાકારો વચ્ચેના સહયોગની ટીકા કરી હતી. તમને જણાવી દઈએ કે આ અઠવાડિયાની શરૂઆતમાં, નિર્માતાઓએ જાહેરાત કરી હતી કે ફિલ્મ તૈન તૈનનું નવું ગીત બુધવારે રિલીઝ થશે, પરંતુ તે હજુ સુધી રિલીઝ થયું નથી. જોકે, યુટ્યુબ પરથી ગીતો દૂર કરવા અંગે નિર્માતાઓ અને સ્ટાર્સે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.આ પહેલા ફવાદ ખાને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને શોક વ્યક્ત કર્યો હતો. ફવાદે પોતાની પોસ્ટમાં લખ્યું, ‘‘પહલગામમાં થયેલા જઘન્ય હુમલાના સમાચાર સાંભળીને ખૂબ દુઃખ થયું. અમારી સંવેદના અને પ્રાર્થનાઓ આ ભયાનક ઘટનાના પીડિતો સાથે છે અને અમે આ મુશ્કેલ સમયમાં તેમના પરિવારો માટે શક્તિ અને સ્વસ્થતા માટે પ્રાર્થના કરીએ છીએ.’’વધતી જતી ટીકા અને અબીર ગુલાલના બહિષ્કાર વચ્ચે, વાણી કપૂરે પણ પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી. તેણીએ પોતાની ઈન્સ્ટાગ્રામ વાર્તાઓ પર એક ભાવનાત્મક નોંધ શેર કરતા લખ્યું, ‘‘જ્યારથી મેં પહેલગામમાં નિર્દોષ લોકો પર હુમલો જોયો છે, ત્યારથી હું આઘાતમાં છું, મારી પાસે કહેવા માટે કોઈ શબ્દો નથી. હું ખૂબ જ દુઃખી છું. હું ભાંગી પડી છું.

### હું ફક્ત રણબીર કપૂરને પડદા પર જોવા માંગુ છું : નુસરત ભરૂચા

# કાર્તિક આર્યન નહીં, રણબીર કપૂર માટે મારા દિલમાં ખાસ જગ્યા




પ્યાર કા પંચનામા અભિનેત્રી નુસરત ભરુચાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેના કો-સ્ટાર કાર્તિક આર્યન વિશે વાત કરી હતી. તેમણે એ પણ જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં કોનું તેમના હૃદયમાં ખાસ સ્થાન છે.છોરી ૨ ની અભિનેત્રી નુસરત ભરૂચાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં બોલિવૂડ અભિનેતા કાર્તિક આર્યન વિશે વાત કરી હતી. નુસરત ભરૂચા અને કાર્તિકી આર્યન એક જ સમયે તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. બંને ઘણી ફિલ્મોમાં સાથે દેખાયા છે. નુસરતે ઈન્ટરવ્યુમાં એ પણ જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં કયા અભિનેતાનું તેના દિલમાં ખાસ સ્થાન છે. નુસરતે તે વ્યક્તિનું નામ લીધું અને કહ્યું કે આ સંપૂર્ણપણે વ્યક્તિગત છે.નુસરત ભરૂચાએ જણાવ્યું કે રણબીર કપૂર તેના દિલમાં ખાસ સ્થાન ધરાવે છે. તેણીએ કહ્યું કે તે મોટા પડદા પર રણબીર કપૂરને જોઈને મોટી થઈ છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે રણબીર કપૂર માટે તેમના હૃદયમાં ખાસ સ્થાન કેમ છે, ત્યારે તેમણે કહ્યું કે તે સંપૂર્ણપણે વ્યક્તિગત છે. નુસરતે વધુમાં કહ્યું કે તે રણબીરની કુશળતા અને કારીગરીથી ખૂબ જ પ્રેમમાં છે.તેણીએ કહ્યું, ‘‘હું ફક્ત રણબીર કપૂરને પડદા પર જોવા માંગુ છું.’’ પોતાની વાત આગળ વધારતા, તેણીએ કહ્યું કે તે તેને અભિનય કરતો જોવા માંગે છે અને તેની ફિલ્મ જોવા માંગે છે. નુસરતે સ્પષ્ટતા કરી કે તે રણબીરને એક વ્યક્તિ તરીકે કરતાં તેના કૌશલ્ય અને કારીગરી માટે વધુ પસંદ કરે છે.

### પ્રીતિ સિંહાએ કહ્યું, 'આમિર ખાન ક્યારેય ફિલ્મના નિર્માતા નહોતા'

# આમિર અને સલમાનની 'અંદાજ અપના અપના'ની સિક્વલ બનાવવા પર હોબાળો

**આમિરે કહ્યું હતું કે, 'આપણે બધા ઈચ્છીએ છીએ કે 'અંદાજ અપના અપના ૨' બને'**

આમિર ખાને તાજેતરમાં જાહેરાત કરી કે 'અંદાજ અપના અપના' ની સિક્વલ બનાવવામાં આવશે અને તે સલમાન ખાન સાથે તેના પર કામ કરી રહ્યો છે, ત્યારે ચાહકો ખૂબ જ ખુશ થયા હતા. પરંતુ હવે સિક્વલને લઈને વિવાદ ઉભો થયો છે. ફિલ્મના નિર્માતા વિનય કુમાર સિંહાના બાળકોએ કહ્યું છે કે તેઓ આમિરને ફિલ્મના અધિકારો ક્યારેય વેચશે નહીં. તેમણે એમ પણ કહ્યું કે 'અંદાજ અપના અપના' ના અધિકારો ન તો આમિર પાસે છે અને ન તો દિગ્દર્શક રાજકુમાર સંતોષી પાસે. અધિકારોના વાસ્તવિક માલિક ફક્ત તેમના પિતા વિનય કુમાર સિંહા છે.એક ઈન્ટરવ્યુમાં પ્રીતિ સિન્હા, આમોદ અને નમ્રતા સિન્હાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે 'અંદાજ અપના અપના' ફિલ્મના અધિકારો ફક્ત તેમના પિતા વિનય કુમાર સિન્હાના છે. તેમણે આ અધિકારો અન્ય કોઈ અભિનેતા કે ફિલ્મ નિર્માતાને વેચ્યા નથી.તેમણે જણાવ્યું કે રાજકુમાર સંતોષીએ ઘણી વાર તેમના પિતા વિનય કુમાર સિંહા સાથે 'અંદાજ અપના અપના' ની સિક્વલ પર કામ કરવા વિશે વાત કરી હતી, પરંતુ વાત ક્યારેય આગળ વધી શકી નહીં. આ સ્ક્રિપ્ટ પર વર્ષો સુધી ચર્ચા થઈ, વચનો આપવામાં આવ્યા અને મીટિંગો પણ થઈ, પણ કંઈ બહાર આવ્યું નહીં.પ્રીતિ સિંહાએ કહ્યું, 'આમિર ખાન ક્યારેય ફિલ્મના નિર્માતા નહોતા.' તે ફક્ત એક અભિનેતા હતો. અમે ક્યારેય તેમને કે રાજકુમાર સંતોષીને અધિકારો વેચીશું નહીં. જો કે આમિરે તાજેતરમાં દાવો કર્યો છે કે રાજકુમાર સંતોષી આ સિક્વલ પર કામ કરી રહ્યા છે, પરંતુ એક નિર્માતા તરીકે તે જ આ વિશે સત્તાવાર જાહેરાત કરી શકે છે. દરેક વ્યક્તિ કહી શકે છે કે તેઓ ફિલ્મ લખી રહ્યા છે. પણ જો નિર્માતાઓ ફિલ્મની જાહેરાત ન કરે, તો તે ફક્ત ચર્ચા જ રહે છે. પ્રીતિ, અમોદ અને નમ્રતાને પૂછવામાં આવ્યું કે શું તેઓ 'અંદાઝ અપના અપના'ની સિક્વલનું નિર્દેશન કરવા માટે રાજકુમાર સંતોષીને સાઈન કરશે? તો તેમણે કહ્યું કે આ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમણે આગળ કહ્યું, 'જો આમિર અને સલમાન સાથે સિક્વલ બનાવવામાં આવે છે, તો તે નિર્માતા તરીકે તેનો ભાગ બનશે કારણ કે તેના પિતા અને સંતોષી વચ્ચે હંમેશા સમજણ હતી.' તે જ સમયે, આમિરે તાજેતરમાં મીડિયાને કહ્યું હતું કે, 'આપણે બધા ઈચ્છીએ છીએ કે 'અંદાજ અપના અપના ૨' બને.' અમે રાજજીને સ્ક્રિપ્ટ પર કામ કરવા કહ્યું છે. તેની સ્ક્રિપ્ટ તૈયાર થતાંની સાથે જ, સલમાન અને હું ચોક્કસપણે તેના પર કામ કરવા માંગીએ છીએ.'અંદાજ અપના અપના' ૧૯૯૪માં રિલીઝ થઈ હતી. સલમાન અને આમિર ઉપરાંત, તેમાં કરિશ્મા કપૂર, રવિના ટંડન, પરેશ રાવલ, શક્તિ કપૂર અને શહઝાદ ખાન જેવા કલાકારો હતા. હવે 'અંદાજ અપના અપના' ૨૫ એપ્રિલના રોજ સિનેમાઘરોમાં ફરીથી રિલીઝ થઈ છે.




# 'જો મારે પર્યટન કે શૂટિંગ માટે કાશ્મીર જવું પડે તો હું જઈશ': અભિનેતા સુનીલ શેટ્ટી

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, જ્યારે પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનની ફિલ્મ 'અબીર ગુલાલ' પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, ત્યારે સુનીલ શેટ્ટીની ફિલ્મ 'કેસરી વીર'ના નિર્માતાઓએ પણ તેને પાકિસ્તાનમાં રિલીઝ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આને પાકિસ્તાનને યોગ્ય જવાબ માનવામાં આવતો હતો, અને હવે સુનીલ શેટ્ટીએ આ હુમલાનો જોરદાર અને નીડર જવાબ આપ્યો છે. સુનિલ શેટ્ટીએ લોકોને તેમની આગામી રજા કાશ્મીરમાં ઉજવવા અને આતંકવાદીઓને બતાવવાનું કહ્યું કે તેઓ તેમનાથી ડરતા નથી.સુનિલ શેટ્ટીએ લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ્સ ૨૦૨૫માં મીડિયા સાથે વાત કરતા આ વાત કહી હતી. ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે દેશનો દરેક નાગરિક ગુસ્સાથી ભરેલો છે અને તેની સખત નિંદા કરવામાં આવી રહી છે. આ હુમલાને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ફરી એકવાર કડવાશભર્યા બન્યા છે. પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા માટે અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.સુનિલ શેટ્ટીએ પહેલગામ આતંકવાદી હુમલા પર ગુસ્સો વ્યક્ત કર્યો અને દેશના નાગરિકોને અપીલ કરતા કહ્યું કે, 'આપણે નાગરિકો વતી પણ આવું જ કરવું પડશે.' આપણે નક્કી કરવું પડશે કે આજથી આપણી આગામી રજા ફક્ત કાશ્મીરમાં જ રહેશે, બીજે ક્યાંય નહીં. આપણે તેમને બતાવવું પડશે કે આપણે ડરતા નથી, અને આપણે ખરેખર ડરતા નથી.સુનીલ શેટ્ટીએ આગળ કહ્યું, 'મેં પોતે ફોન કરીને કહ્યું હતું કે જો કાલે તમને લાગે કે અમારે ત્યાં આવવું પડશે, પ્રવાસીઓ તરીકે કે કલાકારો તરીકે, અમારે ત્યાં શૂટિંગ કરવું પડશે અથવા ત્યાં ફરવા જવું પડશે, તો અમે આવીશું.'સુનિલ શેટ્ટીએ બધાને એકતા જાળવવા અને એકતા જાળવવા અપીલ કરી. તેમણે કહ્યું, 'હવે આપણે એકતામાં રહેવાની જરૂર છે.' ભય અને નફરત ફેલાવવાનો પ્રયાસ કરી રહેલા લોકોથી ગેરમાર્ગે દોરાયા વિના, આપણે સાથે મળીને તેમને બતાવવું જોઈએ કે કાશ્મીર આપણું હતું, આપણું છે અને હંમેશા આપણું જ રહેશે. તો સેના, નેતાઓ, દરેક જણ આ પ્રયાસમાં સામેલ છે.

### વધુ એક અભિનેત્રીએ ગેરવર્તણૂકના ગંભીર આરોપ લગાવ્યો

# સાજિદ ખાન પર ગેરવર્તણૂકના ગંભીર આરોપ લગાવ્યો




ઈન્ડસ્ટ્રીમાંથી રોજ કાસ્ટિંગ કાઉચના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે. તેથી, ઘણીવાર નિર્માતાઓ આવી બાબતોમાં ફસાઈ જાય છે જેના કારણે તેમની ઘણી ટીકા પણ થાય છે. દરમિયાન 'ઈશ્કબાઝ' અને 'મિલે જબ હમ તુમ' જેવા શોમાં પોતાની ભૂમિકાઓ માટે પ્રખ્યાત નવીના બોલેએ તાજેતરમાં જ દિગ્દર્શક સાજિદ ખાન સાથેના પોતાના આઘાતજનક અનુભવ વિશે પહેલીવાર ખુલીને વાત કરી હતી. જેમાં સાજિદે તેને પોતાના ઘરે બોલાવી અને 'કપડા ઉતારવા' કહ્યું હતું એની સાથે નવીનાએ સાજિદ ખાન પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે અને ચોંકાવનારા ખુલાસા કર્યા છે. એક મુલાકાતમાં નવીનાએ સાજિદ ખાનને 'ઘૃણાસ્પદ માણસ' કહ્યો અને યાદ કર્યું કે તે ઈન્ડસ્ટ્રીના અન્ય લોકો સાથે મળીને મહિલાઓનું અપમાન કરતો હતો. ૨૦૧૮માં ભારતમાં #MeToo આંદોલન દરમિયાન સાજિદ ખાન પર અનેક મહિલાઓ દ્વારા જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો, દિગ્દર્શક સાથેની પોતાની મુલાકાતને યાદ કરતાં નવીના બોલેએ કહ્યું કે સાજિદ ખાને 'હે બેબી' પર કામ કરતી વખતે તેને ફોન કર્યો હતો. તેણે યાદ કરતાં કહ્યું હતું કે હું ૨૦૦૪ અને ૨૦૦૬ની વાત કરી રહી છું જ્યારે હું ગ્લેડરેગ્સમાં કામ કરતી હતી. એ વખતે મારી મુલાકાત સાજિદ ખાનની ઓફિસમાં નહીં, પરંતુ તેમના ઘરે થઈ હતી. તમે કલ્પના પણ ન કરી શકો કે જ્યારે તેણે મને ફોન કર્યો ત્યારે હું બહુ ઉત્સાહી હતી અને જયારે હું ગઈ ત્યારે તેણે મને કહ્યું કે તું તારા કપડાં ઉતારીને કેમ નથી બેસતી હું જોવા માંગુ છું કે તું કેટલી કમ્ફર્ટેબલ છો.'પોતાની વાત આગળ ધપાવતા નવીનાએ આગળ કહ્યું કે 'તેણે કહ્યું હતું કે જો તું સ્ટેજ પર બિકીની પહેરી શકે છે, તો અહીં શું વાંધો છે?' એના પછી જેમ તેમ કરીને હું ત્યાંથી નીકળવામાં સફળ રહી અને તે પછી તેણે મને ઓછામાં ઓછા ૫૦ વાર ફોન કરીને પૂછ્યું હશે કે હું કેમ નથી આવતી, હું ક્યાં પહોંચી છું. ૨૦૧૮માં ભારતમાં #MeToo આંદોલન દરમિયાન સાજિદ ખાન પર અનેક મહિલાઓ દ્વારા જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

# બોલિવૂડના કિંગ શાહરૂખ ખાને એક વચન પાલન માટે કાશ્મીરમાં પગ પણ નથી મુક્યો



**'આપણે આ સમયે એક થવું જોઈએ' મારી પ્રાર્થના અને ઊંડી સંવેદના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે છે**

બોલિવૂડના કિંગ શાહરૂખ ખાને દેશ અને વિદેશમાં ઘણી જગ્યાએ ફિલ્મોનું શૂટિંગ કર્યુ છે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે આ અભિનેતા આજ સુધી ક્યારેય કાશ્મીર ગયા નથી. બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાન માત્ર તેની ફિલ્મો માટે જ નહીં પરંતુ તેના અંગત જીવન માટે પણ ચાહકોમાં ચર્ચાનો વિષય બને છે. તેમણે પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલા પર પણ દુઃખ વ્યક્ત કર્યું. બહુ ઓછા લોકો જાણતા હશે કે આ અભિનેતાનો કાશ્મીર સાથે ખૂબ જ ઊંડો સંબંધ છે. આમ છતાં, તે આજ સુધી ક્યારેય ત્યાં ગયો નથી.ખરેખર શાહરૂખ ખાનના દાદી કાશ્મીરી હતા. આ જ કારણ છે કે અભિનેતાને તે સ્થાન પ્રત્યે ઊંડો લગાવ છે. પણ હજુ સુધી શાહરુખે તે કાશ્મીર આજ સુધી જોયું નથી.આ પાછળનું કારણ એક વાર અભિનેતાએ પોતે કૌન બનેગા કરોડપતિના સેટ પર જાહેર કર્યું હતું. અભિનેતાએ કહ્યું હતું કે, તેના પિતાના વચનને કારણે, તે આજ સુધી કાશ્મીરની સુંદરતા જોઈ શક્યો નથી.શાહરુખે કહ્યું હતું કે, 'મારા પિતાએ મને કહ્યું હતું કે તમારે જીવનમાં ત્રણ સ્થળોની મુલાકાત લેવી જ જોઈએ - ઈસ્તંબુલ, રોમ અને કાશ્મીર.' મારા વગર તમે બીજી બે જગ્યાઓ જોઈ શકો છો, પણ મારા વગર કાશ્મીર નહીં જુઓ, હું તમને જાતે બતાવીશ.અભિનેતાએ કહ્યું કે તેના પિતા દ્વારા કહેવામાં આવેલી આ વાત તેના હૃદયમાં ઘર કરી ગઈ છે. પછી અચાનક અભિનેતાના પિતાનું અવસાન થયું. આ વાતને વર્ષો થઈ ગયા. પરંતુ આજ સુધી અભિનેતા ક્યારેય કાશ્મીર ગયા નથી. શાહરૂખ ખાને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પર એક પોસ્ટ શેર કરી હતી. જેમાં અભિનેતાએ કહ્યું, 'પહલગામમાં બનેલી આ ઘટના એક અમાનવીય કૃત્ય છે, જે વિશ્વાસઘાતને વ્યાખ્યાયિત કરે છે.' હાલમાં, ગુસ્સો શબ્દોમાં વ્યક્ત કરી શકાતો નથી કે તેને કાબૂમાં રાખી શકાતો નથી.અભિનેતાએ આગળ લખ્યું, 'આપણે આ સમયે એક થવું જોઈએ.'



## પ્રાકૃતિક હોવાના કારણે પાકના વેચાણમાં પણ કોઇ તકલીફ નથી પડતી. ગ્રાહકો ઘર બેઠા આવી પાક લઇ જાય છે : પ્રગતિશિલ ખેડુત પ્રજ્ઞાબેન પટેલ



નવસારી જિલ્લામાં આત્મા અંતર્ગત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે ખેડૂત મહિલાઓની ભાગીદારી નવસારી જિલ્લાના લક્ષ્યને હાંસલ કરવામાં મદદરૂપ બની રહી છે. નવસારી જિલ્લાના ચંદ્રવાસણસુપા ગામના પ્રજ્ઞાબેન પટેલ ફકત એક વિંધામાં આઠથી વધુ શાકભાજી અને ત્રણ ફળોની ખેતી કરી રહ્યા છે.

પ્રજ્ઞાબેન પટેલ પોતાના ઘરની બાજુમાં જ આવેલા પોતાના નાનકડા ખેતરમાં છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ત્રણ વર્ષ પહેલા આત્મા પ્રોજેક્ટ અંતર્ગત પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી હતી. જેમાં અધિકારી કર્મચારીઓને ખેડૂત ભાઈબહેનો પોતાના ઘર પરિવાર માટે પ્રાકૃતિક ખેતી કરવા શરૂઆત કરવા આગ્રહ કર્યો હતો. જેના પરિણામે પ્રજ્ઞાબેન સહિત ચંદ્રવાસણસુપા ગામના ઘણા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

પ્રાકૃતિક ખેતી અપનાવતા તેમણે પાકમાં આવેલા બદલાવ અંગે જાત અનુભવ કર્યો અને આજે ત્રણ વર્ષથી સતત પ્રાકૃતિક ખેતી કરી પોતાના પરિવાર અને વેચાણ માટે અનાજ, શાકભાજી અને ફળોનું ઓર્ગેનીક ઉત્પાદન કરી રહ્યા છે. આજે તેઓના ખેતરમાં ફ્લાવર, કોબી, લાલકોબી, રીંગણ, મુળા, કાંદા, ગાજર, હળદળ, પાલક, તાંદળજાની ભાજી, રાઈ, બેબી કોર્ન, લીંબુ, કેરી, ચીકુ, સફેદ જાંબુ વગેરે પાક પોતાના પરિવાર અને વેચાણ અર્થે ઉગાડે છે.

પ્રજ્ઞાબેનના શબ્દોમા કહીએ તો, "પ્રાકૃતિક ખેતીથી શાકભાજી અને ફળોને સ્વાદ મીઠો લાગે છે. સ્વાદમાં ફર્ક અનુભવી શકાય છે. ઉપરાંત ખાતર અને નિંદામણનો ખર્ચ નથી આવતો જેના કારણે આવક વધારે મળે છે. પ્રાકૃતિક હોવાના કારણે પાકના વેચાણમાં પણ કોઈ તકલીફ નથી પડતી. ગ્રાહકો ઘર બેઠા આવી પાક લઈ જાય છે. પ્રાકૃતિક ખેતી ખરેખર ઓછા ખર્ચે વધુ નફો આપે છે."

આ ઉપરાંત તેઓ પાસે ૩૩ જેટલી ગાયો છે. જેમાંથી ૩ ગીર ગાય છે. જેના નિભાવ માટે સરકારશ્રી તરફથી વાર્ષિક રૂપોયા ૧૦,૮૦૦/-ની સહાય મળે છે. ૩૩ ગાયોના દુધ થકી પણ ખર્ચ બાદ કરતા ૧૫ થી ૨૦ હજારની માસિક આવક મેળવી પરિવારને આર્થીક મદદરૂપ બન્યા છે.

નવસારી જિલ્લામાં ૨૧૭૩૯ ખેડૂતો દ્વારા કુલ-૭૦૭૪ એકરમાં વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ વિસ્તારી છે. આત્મા (એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી) પ્રોજેક્ટ હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ અને આર્થિક સહાય આપી રહી છે. રાજ્ય કક્ષાએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના સીધા માર્ગદર્શન હેઠળ આત્મા પ્રોજેક્ટ નવસારી દ્વારા ખેડૂત ભાઈબહેનો વિવિધ તાલીમમા સહભાગી થઈ પ્રાકૃત્તિક ખેતીની વિધિવત જાણકારી મેળવી નવસારી જિલ્લાને પ્રાકૃતિક ખેતી તરફ આગળ ધપાવી રહ્યા છે.

### મોટા સપનાની સાથે સરકારી સહાય હેઠળ મળેલા સાધનોના સહારે પાયલબેને પોતાની ઉડાન ભરી અન્ય મહિલાઓ માટે બન્યા પ્રેરણારૂપ

# સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઈશનપોર ગામની પાયલબેન પટેલ 'ડ્રોન દીદી' તરીકે બની પ્રેરણારૂપ







### એકાઉન્ટની નોકરી છોડી ડ્રોન ઓપરેટર તરીકે કારકિર્દી શરૂ કરી મેળવી સફળતાઃ બે વર્ષમાં ડ્રોન મશીનથી ખેતરમાં દવાનો છંટકાવ કરી રૂ.૫.૫૦ લાખની આવક પ્રાપ્ત કરી



ટેકનોલોજીના માધ્યમથી આત્મનિર્ભરતાની ઉડાન ભરતી મહિલા શક્તિ એવા પાયલબેન પટેલ.

ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલા સશક્તિકરણને ટેકનોલોજી સાથે સંકલિત કરીને રાજ્ય સરકાર દ્વારા પરિવર્તન લાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્દઢ નેતૃત્વ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત "નમો ડ્રોન દીદી યોજના" અંતર્ગત અનેક ગામડાની મહિલાઓ આજે આત્મનિર્ભર બનવાની યાત્રા પર આગળ વધી રહી છે. ત્યારે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં નાનકડા ગામ એવા ઈશનપોરમાંથી નીકળેલી પાયલબેન પટેલ આજે 'ડ્રોન દીદી' તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. ટેકનોલોજી અને આત્મનિર્ભરતા સાથે ગ્રામિણ જીવનમાં ક્રાંતિ લાવનારી પાયલબેનની સફર એ ગુજરાતના મહિલા સશક્તિકરણની જીવતી ઝાંખીરૂપ બન્યા છે.

ખેતી આધારિત પરિવારમાંથી આવતા પાયલબેને સુરતના અઠવાલાઈન્સ ખાતે આવેલી ગર્લ્સ પોલીટેકનિક કોલેજમાંથી ડિપ્લોમા કોમર્શિયલ પ્રેક્ટિસનો અભ્યાસ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ તેમણે એક ખાનગી કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરી, જ્યાં તેમને મહિને રૂ.૧૨ હજારનું વેતન મળતું. પરંતુ જીવનમાં કંઈક નવું કરવાનો વિચારથી તેમણે નોકરી છોડીને ટેકનોલોજીના ક્ષેત્રમાં પગ મૂક્યો અને ડ્રોન ઓપરેટર તરીકે પોતાના વ્યવસાયની શરૂઆત કરી. વર્ષ ૨૦૨૩માં પાયલબેને પુણે ખાતે યોજાયેલી ૧૫ દિવસની વિશિષ્ટ તાલીમ મેળવી. આ તાલીમમાં તેમને ડ્રોન ઉડ્ડયન, સંચાલન તથા તેના નિયમો અંગે ટેકનિકલ જ્ઞાન આપવામાં આવ્યું. તાલીમ પૂર્વે IFFCO દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યૂ અને લેખિત પરીક્ષા સફળતાપૂર્વક પાસ કર્યા બાદ તેમને સરકારી સહાય હેઠળ રૂ.૧૫.૩૦ લાખના સાધનોમાં મિડિયમ સાઇઝનો ડ્રોન, ઈ-વ્હીકલ ટેમ્પો અને જનરેટર વિનામુલ્યે પ્રાપ્ત થયાં. તાલીમ પૂર્ણ કર્યા બાદ પાયલબેને ઓલપાડ તાલુકાના ૩૯ થી વધુ ગામોમાં ખેતીવાડી પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરી. માત્ર બે વર્ષમાં તેઓએ રૂ.૫.૫૦ લાખથી વધુની આવક હાંસલ કરી છે, જે અગાઉની નોકરી કરતા અનેકગણી વધુ છે. પાયલબેન જણાવે છે કે, ડ્રોન ઓપરેટ કરવું અત્યંત જવાબદારીભર્યું કાર્ય છે. ખેતરનો નકશો ડ્રોનમાં ફીડ કરીને કમ્પાસ કેલિબ્રેશન દ્વારા ચોકસાઈથી ડ્રોનને નિર્ધારિત વિસ્તારમાં ઉડાડવો પડે છે. તેમણે પોતાના અનુભવ વર્ણાવતા કહે છે કે, ડ્રોન મશીનથી દવાના છંટકાવથી સમય, દવા અને પાણીની બચત થાય છે અને ખેતર પર વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઊંચા પાકોમાં જેમ કે શેરડીના પાકમાં આ ટેક્નિક ખૂબ અસરકારક સાબિત થઈ છે. એક એકર જમીન પર માત્ર સાત મિનિટમાં છંટકાવ શક્ય બને છે. આજે પાયલબેન ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં લોકપ્રિયતા મેળવી ચૂકયા છે અને તેમની પાસે સતત નવા કાર્ય માટે સંપર્ક થઈ રહ્યો છે. ઘરનાં કામકાજ, પતિ અને ચાર વર્ષની દિકરીની જવાબદારી નિભાવતાં તેઓ પોતાની કાર્યક્ષમતા અને નિષ્ઠાથી ટેકનોલોજી સાથે શાનદાર સંકલન સ્થાપી રહ્યા છે. પાયલબેનના પ્રયાસોએ આજની ગ્રામીણ મહિલાઓ માટે નવી દિશા બતાવી છે. તેઓ માત્ર પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકયા છે તેવું નહી પણ આસપાસની મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. પાયલબેન પટેલ એક એવી "ડ્રોન દીદી", જેણે ખેતરમાં ટેકનોલોજીની દિશામાં નવો ઈતિહાસ રચ્યો છે અને આજે ગુજરાતના ગ્રામિણ વિકાસ યાત્રામાં એક દ્રઢ પગથિયાં સમાન સાબિત થઈ રહી છે.

ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલા સશક્તિકરણને ટેકનોલોજી સાથે સંકલિત કરીને રાજ્ય સરકાર દ્વારા પરિવર્તન લાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્દઢ નેતૃત્વ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત "નમો ડ્રોન દીદી યોજના" અંતર્ગત અનેક ગામડાની મહિલાઓ આજે આત્મનિર્ભર બનવાની યાત્રા પર આગળ વધી રહી છે. ત્યારે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં નાનકડા ગામ એવા ઈશનપોરમાંથી નીકળેલી પાયલબેન પટેલ આજે 'ડ્રોન દીદી' તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. ટેકનોલોજી અને આત્મનિર્ભરતા સાથે ગ્રામિણ જીવનમાં ક્રાંતિ લાવનારી પાયલબેનની સફર એ ગુજરાતના મહિલા સશક્તિકરણની જીવતી ઝાંખીરૂપ બન્યા છે.

ખેતી આધારિત પરિવારમાંથી આવતા પાયલબેને સુરતના અઠવાલાઈન્સ ખાતે આવેલી ગર્લ્સ પોલીટેકનિક કોલેજમાંથી ડિપ્લોમા કોમર્શિયલ પ્રેક્ટિસનો અભ્યાસ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ તેમણે એક ખાનગી કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરી, જ્યાં તેમને મહિને રૂ.૧૨ હજારનું વેતન મળતું. પરંતુ જીવનમાં કંઈક નવું કરવાનો વિચારથી તેમણે નોકરી છોડીને ટેકનોલોજીના ક્ષેત્રમાં પગ મૂક્યો અને ડ્રોન ઓપરેટર તરીકે પોતાના વ્યવસાયની શરૂઆત કરી. વર્ષ ૨૦૨૩માં પાયલબેને પુણે ખાતે યોજાયેલી ૧૫ દિવસની વિશિષ્ટ તાલીમ મેળવી. આ તાલીમમાં તેમને ડ્રોન ઉડ્ડયન, સંચાલન તથા તેના નિયમો અંગે ટેકનિકલ જ્ઞાન આપવામાં આવ્યું. તાલીમ પૂર્વે IFFCO દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યૂ અને લેખિત પરીક્ષા સફળતા પૂર્વક પાસ કર્યા બાદ તેમને સરકારી સહાય હેઠળ રૂ.૧૫.૩૦ લાખના સાધનોમાં મિડિયમ સાઇઝનો ડ્રોન, ઈ-વ્હીકલ ટેમ્પો અને જનરેટર વિનામુલ્યે પ્રાપ્ત થયાં. તાલીમ પૂર્ણ કર્યા બાદ પાયલબેને ઓલપાડ તાલુકાના ૩૯ થી વધુ ગામોમાં ખેતીવાડી પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરી. માત્ર બે વર્ષમાં તેઓએ રૂ.૫.૫૦ લાખથી વધુની આવક હાંસલ કરી છે, જે અગાઉની નોકરી કરતા અનેકગણી વધુ છે.

પાયલબેન જણાવે છે કે, ડ્રોન ઓપરેટ કરવું અત્યંત જવાબદારીભર્યું કાર્ય છે. ખેતરનો નક્શો ડ્રોનમાં ફીડ કરીને કમ્પાસ કેલિબ્રેશન દ્વારા ચોકસાઈથી ડ્રોનને નિર્ધારિત વિસ્તારમાં ઉડાડવો પડે છે. તેમણે પોતાના અનુભવ વર્ણાવતા કહે છે કે, ડ્રોન મશીનથી દવાના છંટકાવથી સમય, દવા અને પાણીની બચત થાય છે અને ખેતર પર વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઊંચા પાકોમાં જેમ કે શેરડીના પાકમાં આ ટેક્નિક ખૂબ અસરકારક સાબિત થઈ છે. એક એકર જમીન પર માત્ર સાત મિનિટમાં છંટકાવ શક્ય બને છે.

આજે પાયલબેન ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં લોકપ્રિયતા મેળવી ચૂકયા છે અને તેમની પાસે સતત નવા કાર્ય માટે સંપર્ક થઈ રહ્યો છે. ઘરનાં કામકાજ, પતિ અને ચાર વર્ષની દિકરીની જવાબદારી નિભાવતાં તેઓ પોતાની કાર્યક્ષમતા અને નિષ્ઠાથી ટેકનોલોજી સાથે શાનદાર સંકલન સ્થાપી રહ્યા છે.

પાયલબેનના પ્રયાસોએ આજની ગ્રામીણ મહિલાઓ માટે નવી દિશા બતાવી છે. તેઓ માત્ર પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકયા છે તેવું નહી પણ આસપાસની મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

પાયલબેન પટેલ એક એવી "ડ્રોન દીદી", જેણે ખેતરમાં ટેકનોલોજીની દિશામાં નવો ઈતિહાસ રચ્યો છે અને આજે ગુજરાતના ગ્રામિણ વિકાસ યાત્રામાં એક દ્રઢ પગથિયાં સમાન સાબિત થઈ રહી છે.

# પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિ દ્વારા સિંચાતી-સચવાતી ખેતીઃ નવસારીના પ્રગતિશીલ ખેડૂત પરિમલ દેસાઈ

**{પ્રાકૃતિક પેદાશના વેચાણકરનાર ખેડૂત મિત્રોએ GOPCAમાં રજીસ્ટ્રેશન જરૂરથી કરાવવું} {સરકારના અથાગ પ્રયત્નો થકી આજે લોકોમાં પ્રાકૃતિક ખેતીની જાગૃતા ઘણી વધી છે} મનવસારી કૃષિ યુનીવર્સીટી તથા સરકારના કૃષિ વિભાગમાંથી સતત ટેકનીકલ માર્ગદર્શન અને વેચાણના પ્લેટફોર્મ મળી રહે છે : પ્રગતિશીલ ખેડૂત પરિમલભાઈ દેસાઈ**

દેશના નાગરીકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે. જેનો હકારાત્મક પ્રતિસાદ આપતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકાર દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી અનેક પહેલો કરવામાં આવી રહી છે. લોકોના સ્વાસ્થ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. ઝીરો બજેટની ખેતીથી જમીનનું રક્ષણ પણ થશે અને લોકોની આરોગ્ય ગરિમા પણ જળવાઈ રહેશે એ ખેડૂતોને સમજાયું છે, ત્યારે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના હાંસાપોરગામનાખેડૂતશ્રીપરીમલભાઈદેસાઈએ ૨૦૧૦ થી પ્રાકૃતિક ખેતી અપનાવીને આત્મનિર્ભર બન્યા છે. પ્રાકૃતિક ખેતીના પંચસ્તરીય મોડેલનો ઉપયોગ કરીને ખેડુતે કેરી ,ચીકુ શેરડી, ચોખા જેવા પાકોનું ઉત્પાદન કરીને તેનું મૂલ્યવર્ધન કરીને ડબલ આવક મેળવી છે.

પરિમલભાઈ દેસાઈ કહે છે કે, આજના સમયમાં પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. વધતા જતા રાસાયણિક ખાતરો- પેસ્ટીસાઈડ્ઝ, દવાઓના પરિણામે કેન્સર જેવા રોગોનું પ્રમાણ સતત વધી રહ્યુ છે. ત્યારે ગાય, ગામડુ અને ખેતી વિના ઉદ્ધાર નથી.

પરિમલભાઈ જણાવે છે કે, ૨૦૧૦ ના વર્ષથી પ્રાકૃતિક ખેતી કરવાની શરૂઆત કરી હતી. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામોનું સંપુર્ણ પાલન કરીને ખેતીમાં અદભુત પરિણામો મેળવ્યા છે. ખેતીપાકોમાં બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાપસા, મિશ્રપાક એમ પાંચ આયામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતીમાં વિવધ પ્રયોગો કરીને પોતાની જમીનને રસાયણયુકત ખેતીમાંથી મુક્ત કરી છે. આ




પ્રગતિશીલ ખેડૂત કહે છે કે, પંચસ્તરીય મોડેલના ઉપયોગથી અનેકગણું પરિણામ મળ્યું છે. પ્રાકૃતિક કૃષિથી મારી જમીનમાં અળસિયાની સંખ્યા વધી છે જેથી જમીનની ભેજ તારણશક્તિ વધવાના કારણે પિયતની સંખ્યા પણ ઘટી છે. સરવાળે વીજળી બિલ પણ ઘટ્યું, પાણીની બચત થઈ, જમીનમાં પણ સુધારો થયો અને એકંદરે અમારો ખેતીનો ખર્ચ પણ ઘટ્યો છે. તેઓએ પ્રાકૃતિક ખેતીનો પ્રસાર-પ્રચાર થાય તે માટે મંદિર ગામમાં આવેલ 'શાંતિ નીલયમ' પ્રાકૃતિક કૃષિ ફાર્મનું GOPCA હેઠળ રજીસ્ટ્રેશન કરાવી ગામના આસપાસના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન આપી રહ્યા છે. તેઓ નવસારી કૃષિ યુનીવર્સીટીના કૃષિ સેમીનાર અને વર્કશોપમાં અચૂક હાજર રહે છે અને જણાવે છે કે આજે સરકારશ્રીના અથાગ પ્રયત્નોથી પ્રાકૃતિક ખેતી પ્રત્યે લોકોની જાગૃતામાં વધારો થયેલ છે અને નવસારી કૃષિ યુનીવર્સીટી તથા કૃષિ વિભાગના જિલ્લા ખેતીવાડી કચેરી , બાગાયત કચેરી અને આત્મા પ્રોજેક્ટ દ્વાર ખેડૂતોને પ્રાકતિક ખેતીનું સતત માર્ગદર્શન અને તમામ પ્રકારની સહાય મળી રહે છે. પરિમલ ભાઈ કહે છે કે, આજે જે પ્રમાણે રોગનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે આપણે પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે. રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગના પરિણામે જમીનની ફળદ્રુપતા ઘટી છે. જેથી ધરતીમાતાને પુનઃ ફળદ્રુપ બનાવવા અને લોકોને સ્વસ્થ, સશક્ત બનાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે. પરિમલ ભાઈ કહે છે કે, પ્રાકૃતિક ખેતીમાં બહારથી કોઈ વસ્તુ લાવવાની જરૂર નથી. ગામનો પૈસો ગામમાં, શહેરનો શહેરમાં અને દેશનો પૈસો દેશમાં રહેશે. આ ખેતીમાં રોજગારીની પણ વિપુલ તકો રહેલી છે. પ્રગતિશીલ યુવાનો આ ખેતીને ઉન્નત બનાવી શકે છે. સૌ ખેડૂતોએ વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વસ્થ અને સમૃદ્ધ સમાજ તથા રાષ્ટ્રનિર્માણ માટે કટિબદ્ધ બનવાનો અનુરોધ કર્યો હતો.

## બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળના ૪૭ ઘટકોમાં ઓનલાઈન નવી અરજીઓ કરવા આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાયું




વર્ષ ૨૦૨૫-૨૬માં નવસારી જિલ્લાના ખેડૂતો માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળના ૪૭ ઘટકોમાં ઓનલાઈન નવી અરજીઓ મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ તા.૨૪/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. જેમાં લાભ લેવા માંગતા ખેડૂતોએ અરજી કરતાં પહેલા ખેડૂત નોંધણી કરવી ફરજિયાત છે. તેમજ નોંધણી કરવા માટે મોબાઈલ નંબર નાખવો ફરજિયાત રહેશે. એક મોબાઈલ નંબર થી એક જ નોંધણી શક્ય બનશે ત્યારબાદ લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે.તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રીન્ટ લઈ ખેડૂતોએ પોતાની પાસેજ રાખવાની રહેશે તથા પોર્ટલ પર અરજી મેળવવાની સમય મર્યાદા પુર્ણ થયા બાદ તમામ અરજીઓનો ડ્રો કરવામાં આવશે અને અગ્રતા યાદી તૈયાર કરવામાં આવશે જે મુજબ પુર્વમંજૂરી આપવામાં આવશે, મંજૂરી મળ્યા બાદ ક્લેઈમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સહિત અત્રેની કચેરી ખાતે જમાં કરાવવાના રહેશે જેની નોંધ લેવા સૌ ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે. મુખ્ય ઘટકો જેવા કે ફળ પાક વાવેતર આંબા,ટીસ્યુ કેળ, કમલમ, પપૈયા,નાળિયેરી,જામફળ. લીંબુ, વગેરે, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ (વનબંધુ),પ્લગ નર્સરી (વનબંધુ), શાકભાજીની પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી વાવેતર, સરગવાની ખેતી, પાણીના ટાંકા, બાગાયતી પાકોના પ્રોસેસીંગના નવા યુનિટ,પેકિંગ મટીરિયલ,ક્રોપ કવર/ બંચ કવર/ ગ્રો કવર, જુના બગીચાઓનું નવીનીકરણ, કાચા / અર્ધપાકા / પાકા ટ્રેલીઝ-મંડપ, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ, ટુલ્સ, ઈક્યુપમેન્ટ, શોર્ટીંગ, ગ્રેડીગના સાધનો તથા પી.એચ.એમ ના સાધનો માટે નો સહાયનો કાર્યક્રમ,મહિલા તાલીમાર્થીઓને વૃતિકા (સ્ટાઈપેડ) જેવા ઘટકોમાં અરજી કરી શકાશે.

## UKમાં ગેરકાયદે કામ કરનારા લોકો પર તવાઈ આવશે, ડિજિટલ ID અપાશે

### લોકો આ સેવાને હાલમાં યુકેની રાષ્ટ્રીય આરોગ્ય સેવા (એનએચએસ) તથા મોબાઈલ પેમેન્ટ એપની જેમ તેમના સ્માર્ટફોનમાં રાખી શકશે

। (એજન્સી) લંડન, તા.૨૮ ।

બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટારમરે યુકેમાં ગેરકાયદે પ્રવાસીઓ દ્વારા કામકાજ સામે કડક કાર્યવાહી હાથ ધરવાની યોજના ઘડી છે. યુકે સરકાર ટૂંક સમયમાં ફરજિયાત નિઃશુલ્ક ડિજિટલ આઈડી યોજના અમલમાં લાવશે. પીએમએ જણાવ્યું કે, જો કોઈ ગેરકાયદે કામ કરનાર પાસે આ દસ્તાવેજ નહીં હોય તો તે યુકેમાં રોજગારી મેળવી શકશે નહીં. આ યોજના નાગરિકો અને યુકેના કાયદેસરના રહેવાસીઓ બધા માટે જ હશે. આ યોજનાથી સરકારને જરૂરી પેપર દસ્વેજો ચકાસવાની અટપટી પ્રક્રિયામાંથી મુક્તિ મળશે અને સમય પણ બચશે. વૈશ્વિક સ્તરે આ પ્રકારની સમાન યોજનાનો ઉલ્લેખ કરતા પીએમ કીર સ્ટારમરે ભારતનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે ભારતમાં અમલી આધાર કાર્ડ યોજનાની પ્રશંસા કરી અને ભારત સરકારે આધાર થકી કલ્યાણકારી યોજનામાં થતો ભ્રષ્ટાચાર રોકીને ૧૦ અબજ ડોલર બચાવ્યા હોવાનું જણાવ્યું હતું. વર્તમાન સંસદના અંત (૨૦૨૯) પહેલા જ કામ કરવાના અધિકાર હેઠળ તમામને ફરજિયાત નિઃશુલ્ક ડિજિટલ આઈડી આપવાની કામગીરી પૂર્ણ કરાશે તેમ લંડન ખાતે ગ્લોબલ પ્રોગ્રેસ એક્સન સમિટમાં બોલતા સ્ટારમરે જણાવ્યું હતું.લોકો આ સેવાને હાલમાં યુકેની રાષ્ટ્રીય આરોગ્ય સેવા (એનએચએસ) તથા મોબાઈલ પેમેન્ટ એપની જેમ તેમના સ્માર્ટફોનમાં રાખી શકશે. જો તમારી પાસે ડિજિટલ આઈડી નહીં હોય તો તમે યુકેમાં કામ કરી શકશો નહીં. સ્ટારમરે વધુમાં ઉમેર્યુ કે, અત્યાર સુધી ગેરકાયદે વસવાટ કરનારા લોકો પ્રત્યે સ્પષ્ટ વાત કરવામાં લેબર પાર્ટી સંકોચ અનુભવતી હતી પરંતુ હવે કોઈને છોડાશે નહીં. જીવના જોખમે લોકો યુકેમાં ગેરકાયદે ઘુસતાં હોય છે. પીએમના મતે આપણાં દેશમાં કોણ રહે છે તે આપણે જાણવું પડશે. જો તેમ નહીં થાય તો સરકાર પ્રત્યે લોકોમાં વિશ્વાસ નબળો પડી શકે છે. આ નવી યોજનામાં સુનિશ્ચિત કરાશે કે, જે લોકો સ્માર્ટફોનનો વપરાશ નથી કરતા તેમને પણ આવરી લેવાશે. ઓનલાઈન આઈડીથી બોગસ દસ્તાવેજોને આધારે ગેરકાયદે વસતા લોકોને ઠાલા વચનો આપતી ગુનાહિત ટોળકીઓને નાથવામાં મોટી મદદ મળશે. પીએમના મતે આપણાં દેશમાં કોણ રહે છે તે આપણે જાણવું પડશે. જો તેમ નહીં થાય તો સરકાર પ્રત્યે લોકોમાં વિશ્વાસ નબળો પડી શકે છે. આ નવી યોજનામાં સુનિશ્ચિત કરાશે કે, જે લોકો સ્માર્ટફોનનો વપરાશ નથી કરતા તેમને પણ આવરી લેવાશે. ઓનલાઈન આઈડીથી બોગસ દસ્તાવેજોને આધારે ગેરકાયદે વસતા લોકોને ઠાલા વચનો આપતી ગુનાહિત ટોળકીઓને નાથવામાં મોટી મદદ મળશે.

### અગાઉ H-1B વિઝા અરજીની ફી ૨,૦૦૦થી ૫,૦૦૦ ડોલર હતી

## USના H-1B વિઝાની ફીમાં જંગી વધારો અટકાવવા ભારતે પ્રયાસ શરૂ કર્યા

### છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમેરિકાના H-1B મેળવનારા લોકોમાં ૭૦% ભારતીય : વિદેશ મંત્રાલય

। (માહિતી) નવી દિલ્હી, તા.૨૮ ।




ટ્રમ્પ સરકારે ભારતને દબાણમાં લાવવા માટે H-1B વિઝાની એપ્લિકેશન ફી વધારીને એક લાખ ડોલર કરવાનો નિર્ણય લીધો છે. યુએસ સરકારની આ તજવીજ સામે ભારત દ્વારા ટ્રમ્પ સરકાર તથા અન્ય સ્ટેકહોલ્ડર્સ સાથે વાટાઘાટો ચાલી રહી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, અમેરિકા અને બારત બંને દેશમાં આર્થિક વૃદ્ધિ તથા સંપત્તિ સર્જનમાં કુશળ ટેલેન્ટની મોબિલિટીનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વીકલી મીડિયા બ્રિફિંગમાં જણાવ્યું હતું કે, યુએસ ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સીક્યુરિટીની નોટિસ તેમણે વાંચી છે, જેમાં વિઝા ફી વધારવાનો નિયમ લાગુ કરવાની તજવીજ છે. ઉદ્યોગો સહિતના સ્ટેક હોલ્ડર્સ પાસે આ બાબતે અભિપ્રાય આપવા એક મહિનાનો સમય છે. ભારત અને અમેરિકામાં ટેકનોલોજી ડેવલપમેન્ટ, ઈનોવેશન, આર્થિક વૃદ્ધિ અને સંપત્તિ સર્જનમાં સ્કિલ્ડ ટેલેન્ટના એક્સચેન્જે મોટો ફાળો આપ્યો છે. જયસ્વાલે વધુમાં કહ્યુ હતું કે, ભારત સરકાર આ બાબતે ઉદ્યોગો સહિત તમામ સંબંધિત સ્ટેક હોલ્ડર્સ સાથે વાટાઘાટો કરી રહી છે અને આ કવાયતની ઉચિત નોંધ લેવાશે તેવી અપેક્ષા છે. દરમિયાન અમેરિકાએ નવી H-1B વિઝા અરજીઓ સંદર્ભે સ્પષ્ટતાઓ જાહેર કરી છે. જ્યારે ભારત દ્વારા વિઝા ફીમાં વધારાની અસરનો અભ્યાસ શરૂ કર્યો છે. યુએસ સ્થિત ભારતીય એમ્બેસી અને ટ્રમ્પ સરકાર વચ્ચે વાતચીત સંદર્ભે માહિતી આપતા જયસ્વાલે કહ્યું હતું કે, હજુ સ્થિતિ ઉતાર-ચડાવ ધરાવે છે અને વિવિધ સ્તર પર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. દ્વિપક્ષી સંબંધોમાં કડવાશ ઊભી થયા બાદ અમેરિકાએ ભારતીય સામાન પર ૫૦ ટકા ટેરિફ લાગુ કરી હતી અને ત્યારબાદ H-1B વિઝાની ફી વધારવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પ સરકારના આ નિર્ણયની સીધી અસર ભારતીયો પર પડવાની છે. ભારતીયો મોટી સંખ્યામાં H-1B વિઝા પર યુએસ જતા હોવાથી ટ્રમ્પે ફી વધારવાનો નિર્ણય લીધો છે.

### હવે આ શોર્ટ વીડિયો એપ પર ચીની કંપનીનો અંકુશ નહીં રહે

## છેવટે US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે $14 અબજમાં ટિકટોકનો ખેલ પાડી દીધો

### અમેરિકામાં આ એપના યુઝર્સની સંખ્યા ૧૭ કરોડ છે. ટ્રમ્પ ના અંગત ટિકટોક એકાઉન્ટ પર ૧.૫ કરોડ ફોલોઅર્સ છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ચીની કંપનીના લોકપ્રિય શોર્ટ વીડિયો એપ ટિકટોકના અમેરિકી યુનિટના વેચાણ માટે ગુરુવારે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતાં. ટિકટોકના અમેરિકી યુનિટનું વેચાણ અમેરિકા અને વૈશ્વિક રોકાણકારોને કરાશે અને તેનું મૂલ્ય આશરે ૧૪ અબજ ડોલર આંકવામાં આવ્યું છે. હવે ડેલ ટેકનોલોજીના સ્થાપક માઈકલ ડેલ અને ફોક્સ કોર્પના ચેરમેન ઈમેરિટસ રુપર્ટ મર્ડોક તથા ચાર કે પાંચ વર્લ્ડ ક્લાસ રોકાણકારો તેને ખરીદે તેવી ધારણા છે. ટિકટોક અમેરિકા અને ચીન વચ્ચેનો એક લાંબા વિવાદનું કારણ છે. ટ્રમ્પ ઘણીવાર તેને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો જાહેર કરી ચુક્યા છે. ટ્રમ્પે આ એપ પરના પ્રતિબંધ મુકતા કાયદાના અમલને ૨૦ જાન્યુઆરી સુધી મોકૂફ રાખ્યો હતો. જોકે આ ડીલના ભાગરુપે ચીની કંપનીએ તેના અમેરિકા યુનિટને અલગ કરીને તેનું વેચાણ કરવું પડશે. અમેરિકાના વાઈસ પ્રેસિડન્ટ જે ડી વાન્સે ઓવલ ઓફિસ બ્રીફિંગમાં જણાવ્યું કે ચીન તરફથી થોડો પ્રતિકાર થયો હતો, પરંતુ અમે ટિકટોકને કાર્યરત રાખવા માંગતા હતાં, પરંતુ અમે અમેરિકનોના ડેટાની ગોપનીયતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માગતા હતાં. ટ્રમ્પના આદેશ મુજબ અમેરિકાની કંપનીના ભાગીદારો અલ્ગોરિધમને પર દેખરેખ રાખશે અને અલ્ગોરિધમનું સંચાલન નવા સંયુક્ત સાહસના નિયંત્રણ હેઠળ રહેશે.

### ભારતીય અધિકારીઓએ તેલ આયાતના મુદ્દા પર ટ્રમ્પ વહીવટીતંત્ર સમક્ષ પોતાનો કેસ મજબૂતીથી રજૂ કર્યો હતો

## રશિયા પાસેથી ક્રૂડ ઓઇલની આયાત બંધ કરવા તૈયાર છે ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સ પાસેથી ૫૦ ટકા ટેરિફ લગાવવામાં આવે છે. આમાં ૨૫ ટકા બેઝ ટેરિફનો સમાવેશ થાય છે, જેમાં રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવા બદલ દંડ તરીકે વધારાના ૨૫ ટકા લગાવવામાં આવે છે. ભારતે અમેરિકાને કહ્યું કે યુએસ આ કામ કરે છે, તો ભારત મોસ્કો પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનો કારણે રશિયાએ સસ્તું તેલ આપ વાનું શરૂ કર્યું. ભારત તેની તેલની જરૂરિયાતનો લગભગ ૯૦ ટકા બિજા દેશ પાસેથી ખરીદી કરે છે. તેથી, રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ ખરીદવાથી ભારતને તેના આયાત બિલમાં




નોંધપાત્ર ઘટાડો કરવામાં મદદ મળી છે. જોકે, ભારત પણ ઈરાન અને વેનેઝુએલાથી સમાન સસ્તું તેલ મેળવી શકે છે. એક ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, આ અઠવાડિયે અમેરિકાની મુલાકાત દરમિયાન, ભારતીય અધિકારીઓએ તેલ આયાતના મુદ્દા પર ટ્રમ્પ વહીવટીતંત્ર સમક્ષ પોતાનો કેસ મજબૂતીથી રજૂ કર્યો હતો. તેમણે સૂચવ્યું હતું કે રશિયા પાસેથી તેલ ખરીદી ઘટાડવા માટે, ભારતીય રિફાઈનરોને ઈરાન અને વેનેઝુએલામાંથી તેલ આયાત કરવા માટે વોશિંગ્ટનની ૫ રવાનગીની જરૂર પડશે, કારણ કે આ બંને દેશો હાલમાં આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હેઠળ છે. નોંધનીય છે કે ભારતીય અધિકારીઓની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે વોશિંગ્ટને નવી દિલ્હી પર ૫૦ ટકાનો ભારે ટેરિફ લગાવ્યો છે. જોકે, દંડ છતાં, ભારત રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવાનું ચાલુ રાખે છે.

### કાફલામાં અજાણી કાર ઘૂસતા સુરક્ષાકર્મીઓ થયાં દોડતા

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સુરક્ષામાં ગંભીર ચૂક

। (એજન્સી) પટણા, તા.૨૮ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બિહારના પ્રવાસે છે. તેમની સાથે જોડાયેલા એક મોટા સમાચાર સામે આવ્યા છે. તેમની સુરક્ષામાં ગંભીર ચૂક થઈ છે. તેમના કાફલામાં અચાનક એક અજાણી કાર ઘૂસી ગઈ હતી. પછી સૂરક્ષાકર્મીઓએ તે કારને સાઈડમાં કરી હતી. નોંધનીય છે કે, બિહારમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, આવા સમયે દિગ્ગજ નેતાઓની રાજ્યમાં અવરજવર ચાલુ છે. દેશના ગૃહમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહ પણ બિહારના પ્રવાસે છે. તેઓ પ ટના એરપોર્ટ જવા નીકળ્યા હતા, ત્યારે તેમની સુરક્ષામાં ચૂક થઈ હતી. જોકે, સુરક્ષા દળની ટીમે તાત્કાલિક એક્શન લઈને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. મળતી માહિતી મુજબ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બિહારની રાજધાની પટનામાં હતા. ત્યાંથી તેઓ સરાય રંજન જવા માટે નીકળ્યા હતા. અમિત શાહનો મોટરકેડ એટલે કે વાહનોનો કાફલો પટના એરપોર્ટની નજીક પહોંચ્યો હતો, ત્યારે અચાનક એક અજાણી કાર તેમના કાફલામાં ઘૂસી ગઈ હતી. અજાણી કારને ગૃહમંત્રીના કાફલામાં જોઈને સુરક્ષા દળોના હાથ-પગ ફૂલી ગયા. ત્યાં હાજર પોલીસકર્મીઓને જ્યારે આ ચૂકનો અહેસાસ થયો, ત્યારે તેઓ બૂમો પાડવા લાગ્યા. આ પછી સુરક્ષા ગાર્ડ્સે તાત્કાલિક પગલાં લઈને તે કારને ત્યાં જ સાઈડમાં ઉભી રાખી દીધી હતી.

### યુક્રેન સામેના યુદ્ધમાં ૧૨ ભારતીયો મોત થયા

## ૨૭ ભારતીય નાગરિકોને રશિયાએ યુદ્ધ લડવા મોકલી દીધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

રશિયાએ યુક્રેન યુદ્ધમાં ઘણાં ભારતીયોને પણ તહેનાત કર્યા છે. ભારતે રશિયાને અપીલ કરી છે કે તે તાજેતરમાં રશિયાની સેનામાં ભરતી થયેલા ૨૭ વધુ ભારતીય નાગરિકોને મુક્ત કરે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'ભારતીયો રશિયાની સેનામાં સેવા આપી રહ્યા છે અને તેમના પરિવારો પાસેથી આ માહિતિ મેળી છે.'પ્રેસ કોન્ફરન્સમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'અમારી માહિતી મુજબ ૨૭ ભારતીય નાગરિકો હાલમાં રશિયાની સેનામાં સેવા આપી રહ્યા છે. અમે આ બાબતે તેમના પરિવારો સાથે પણ સતત સંપ ર્કમાં છીએ. અમે ફરી એકવાર બધાં ભારતીય નાગરિકોને રશિયાની સેનામાં સેવા આપવાની ઓફરોથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ કારણ કે આ જોખમી છે.'ભારતીયોને મુક્ત કરવા અંગે રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'અમે મોસ્કોમાં રશિયન અધિકારીઓ અને નવી દિલ્હીમાં રશિયાના દૂતાવાસ સમક્ષ આ મુદ્દો મજબૂતીથી ઊઠાવ્યો છે અને તેમને (ભારતીયોને) શક્ય તેટલી વહેલી તકે મુક્ત કરવા અપીલ કરી છે.'રશિયાની સેનામાં બળજબરીથી ભરતી કરવા અંગે રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થી અને બિઝનેસ વિઝા પર કેટલાક ભારતીયોને યુક્રેનમાં યુદ્ધ મોરચે તહેનાત રશિયાની સેનામાં બળજબરીથી ભરતી કરવામાં આવ્યા છે. ભારતે વારંવાર રશિયાને અપીલ કરી છે કે રશિયાની સેનામાં રસોઈયા અને મદદગારો જેવા સહાયક કર્મચારીઓ તરીકે કામ કરતા તમામ ભારતીયોને મુક્ત કરવામાં આવે.'ઉલ્લેખનીય છે કે, ૨૦૨૪માં રશિયાની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ મુદ્દો ઊઠાવ્યો હતો. સત્તાવાર આંકડાઓ અનુસાર, રશિયાની સેનામાં ભરતી થયેલા ભારતીયોની સંખ્યા હવે ૧૫૦થી વધુ થઈ ગઈ છે. યુક્રેનમાં સંઘર્ષની આગળની હરોળમાં લડતા ઓછામાં ઓછા ૧૨ ભારતીયો માર્યા ગયા છે.

## નણંદ રૂપકડી ભાભીના પ્રેમમાં પડી ગઈ, બધુ છોડીને ભાગી ગયા

। (એજન્સી) જબલપુર, તા.૨૮ ।

સામાન્ય રીતે નણંદ ભાભી વચ્ચે પ્રેમ અને સારાસારીની વાતો તો આપણે સાંભળતા જ હોઈએ છીએ. આ સંબંધ જ એવો છે. બને તો ખુબ બને પરંતુ જબલપુરમાં એક એવો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે કે જાણીને દંગ રહી જશો. નણંદ અને ભાભી વચ્ચે પ્રેમ સંબંધ એવો તે બંધાયો કે બંને બધુ છોડીને ભાગી ગયા. મીડિયા રિપોર્ટ મુજબ આ મામલો અમર પાટણ વિસ્તારનો છે. જ્યાં આશુતોષ નામના યુવકે લગભગ ૭ વર્ષ પહેલા સંધ્યા નામની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. બંનેનું લગ્ન જીવન સામાન્ય હતું અને તેમને ૫ વર્ષનો પુત્ર પણ છે. આ દરમિયાન આશુતોષ બાળકના અભ્યાસ માટે પત્ની સહિત જબલપુર શિફ્ટ થઈ ગયો. જબલપુરમાં ઘરમાં આશુતોષની મામાની છોકરીની પણ અવરજવર રહેવા લાગી. નણંદ ભાભીનું સારું બનતું હતું. ખુબ વાતચીત કરતા હતા. સાથે બજાર પણ જતા હતા. નણંદ ભાભીના આ સંબંધ પર કોઈને શક પણ નહતો.

### અમેરિકાએ ટેરિફ ઝીંક્યા પછી

## PM મોદીએ પુતિનને યુક્રેન યુદ્ધની યોજના પૂછી હતી : રૂટ્ટ

### ભારતની આકરી પ્રતિક્રિયા : NATOના વડા માર્કનું નિવેદન બેજવાબદારીયુક્ત, પુતિન-મોદી વચ્ચે આ મુદ્દે ક્યારેય વાત થઈ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।


રશિયા-યુક્રેન યુદ્ધમાં યુક્રેનને સમર્થન આપી રહેલા NATO સંગઠનની ભારત વિરોધી માનસિકતા ઉજાગર થઈ છે. ટ્રમ્પે ભારત પર ઝીંકેલા ટેરિફની પ્રશંસા કરતાં NATOના વડા માર્ક રૂટ્ટેએ જણાવ્યુ હતું કે, ટ્રમ્પે દંડનાત્મક પ ગલાના ભાગરૂપે ભારત પર ટેરિફ ઝીંકી છે અને તેમના આ પગલાની અસર યુક્રેન યુદ્ધમાં દેખાઈ રહી છે. ટ્રમ્પની આ કાર્યવાહી બાદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તરત જ રશિયન પ્રમુખ પુતિનને ફોન કર્યો હતો અને યુક્રેન સંદર્ભે આગામી યોજનાની વાત કરી હતી. યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભા અંગે વાતચીત દરમિયાન માર્ક દ્વારા ટ્રમ્પની પ્રશંસા કોઈ કચાશ રખાઈ ન હતી. વારંવાર ડેડલાઈન બદલવાની ટ્રમ્પની આદતનો ઉલ્લેખ કરીને માર્કને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, શું ટ્રમ્પ ખરેખર સેન્ક્શન્સ લાગુ કરશે? જવાબમાં માર્કે કહ્યુ હતું કે, ટ્રમ્પ સેન્કશન્સ લાગુ કરી ચૂક્યા છે. આપણને મોટા પગલાં નથી લાગતાં પરંતુ ભારત માટે ટ્રમ્પના નિર્ણય મોટા છે. વધુમાં તેમણે પોતાના આ નિવેદનને સમજાવતા કહ્યુ હતું કે, તેઓ રશિયા અંગે વાત કરી રહ્યા છે.

**વિશેષ** "સાયબર ગુનેગારો પાતાળમાં પણ છુપાયા હશે તો શોધી કાઢીશું": ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

# સાયબર ઠગ સામે ગુજરાત પોલીસની મેગા સ્ટ્રાઇક : ₹૫.૫૧ કરોડ નાગરિકોને પરત, ₹૮૦૪ કરોડનું આંતરરાષ્ટ્રીય સાયબર કૌભાંડ ઝડપાયું

। (માહિતી) અમદાવાદ ।

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું કે, "ગુજરાતના નાગરિકોની પરસેવાની કમાણી પર તરાપ મારનારા સાયબર ઠગ સામે ગુજરાત પોલીસે જંગ છેડી છે." તેમણે જણાવ્યું કે ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમ સામે બેવડી સફળતા મેળવી છે, જેમાં છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને ₹૫.૫૧ કરોડથી વધુની રકમ પરત અપાવવામાં આવી છે અને ₹૮૦૪ કરોડના આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમ સિન્ડિકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સ્ટેટ સાયબર ક્રાઈમ સેલના અધિકારી કર્મચારીશ્રીઓને અભિનંદન પાઠવતા શ્રી હર્ષ સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું કે ગુજરાત પોલીસની સયબર ફ્રોડ વિરુદ્ધની કામગીરીને રાષ્ટ્રીય સ્તરે પણ બિરદાવવામાં આવી છે. પોલીસની સફળતાની વિગતો આપતા શ્રી સંઘવીએ જણાવ્યું કે, "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ દ્વારા નાગરિકોને તેમના ઐતિહાસિક રકમ પરત અપાવવામાં આવી છે. એક મોટા કિસ્સામાં, વડોદરાના એક સિનિયર સિટીઝનને પ્રતિષ્ઠિત ઈન્સ્યોરન્સ કંપનીઓના નામે જંગી નફાની લાલચ આપી છેતરવામાં આવ્યા હતા, જેમના ₹૪.૯૧ કરોડ પોલીસે સફળતાપૂર્વક ફ્રિઝ કરાવી પરત અપાવ્યા. અન્ય એક ભયાનક કિસ્સામાં, અમદાવાદની એક સિનિયર સિટીઝન મહિલાને નકલી પોલીસ અધિકારી બની "ડિજિટલ અરેસ્ટ" કરી, ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપી ૧૨ દિવસ સુધી જીદ્ધરૂૈંઈ પર નજરકેદ રાખી ₹૪૮ લાખ પડાવી લેવાયા હતા, તે રકમ પણ પોલીસે પરત અપાવી છે. આ ઉપરાંત, "ROCKCREEAK" નામની નકલી ટ્રેડિંગ એપ દ્વારા એક પરિવાર સાથે થયેલી ₹૧૨.૭૦ લાખની છેતરપિંડીના નાણાં



પણ પોલીસે રિકવર કરી પરત કર્યા છે.

આંતરરાષ્ટ્રીય નેટવર્ક પરની કાર્યવાહી અંગે શ્રી સંઘવીએ માહિતી આપી કે ગુજરાત પોલીસે દુબઈ, વિયેતનામ અને કંબોડિયાથી ઓપરેટ થતા એક વિશાળ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ સામાન્ય નાગરિકોને દોઢ-બે ટકા કમિશનની લાલચ આપી તેમના બેંક ખાતા અને સિમકાર્ડ મેળવી, તેનો ઉપ યોગ દેશભરમાં સાયબર ફ્રોડ આચરવા માટે કરતી હતી. આ ગેંગ દ્વારા દેશભરમાં ૧૫૪૯ ગુના આચરી અંદાજે ₹૮૦૪ કરોડની ઠગાઈ કરવામાં આવી છે, જે ૫ કી ગુજરાતમાં ૧૪૧ ગુનામાં ₹૧૭.૭૫ કરોડની છેતરપિંડીનો સમાવેશ થાય છે. આ ઓપરેશનમાં સુરતમાંથી ૧૦ મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી ગુનાની ગંભીરતા દર્શાવતો મુદ્દામાલ મળી આવ્યો છે, જેમાં ૬૫ મોબાઈલ ફોન, ૪૪૭ ડેબિટ કાર્ડ, ૫૨૯ બેંક એકાઉન્ટ કીટ, ૬૮૬ સિમકાર્ડ અને ૧૬ POS મશીન સામેલ છે. ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ નાગરિકોને "સાયબર સુરક્ષા કવચ" અપનાવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે કોઈપણ સાયબર ફ્રોડનો ભોગ બન્યાના "ગોલ્ડન અવર" એટલે કે પ્રથમ કલાકમાં જ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફોન કરવો અત્યંત જરૂરી છે. તેમણે સ્પષ્ટતા કરી કે ભારતમાં "ડિજિટલ અરેસ્ટ" જેવી કોઈ કાયદાકીય જોગવાઈ નથી, અને આવા નકલી કોલ્સથી ડરવાની જરૂર નથી. તેમણે સોશિયલ મીડિયા પર રાતોરાત કરોડપતિ બનાવતી સ્કીમ અને અજાણી લિંકથી સાવચેત રહેવા જણાવ્યું. શ્રી સંઘવીએ નાગરિકોને ચેતવ્યા કે પૈસાની લાલચમાં પોતાનું બેંક ખાતું કે સિમકાર્ડ કોઈને પણ વાપરવા આપવું એ ગંભીર ગુનો છે અને આમ કરનાર ફ્રોડનો ભાગીદાર ગણાશે. અંતમાં, શ્રી સંઘવીએ સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ અને CID ક્રાઈમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે નાગરિકોને ખાતરી આપતા જણાવ્યું કે, "ગુજરાત સરકાર તમારી સુરક્ષા માટે કટિબદ્ધ છે. તમે સાવચેત રહો, અમે સતર્ક છીએ." આ સાથે જ તેમણે સાયબર ગુનેગારોને કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, "ગુજરાતની ધરતી પર સાયબર ગુનેગારો માટે કોઈ સ્થાન નથી. તમે દુનિયાના કોઈપણ ખૂણામાં કે પાતાળમાં પણ છુપાયા હશો, તો પણ ગુજરાત પોલીસ તમને શોધી કાઢશે અને કાયદાના હવાલે કરશે."

## પાંડવકાલીન ગુફામાં દેખાયા ડાયનાસોરના પંજા!, તનિશાન જોઈ સરવેની ટીમ પણ ચોંકી ગઈ

। દાહોદ, તા.૨૮ ।

દાહોદમાંથી ડાયનાસોરના પગલાંના નિશાન મળ્યાનો દાવો કરાયો છે. દાહોદના ઝાલોદના જૂના ચાલકિયામાં ઘૂઘરદેવ મહાદેવની પાંડવકાલીન ગુફામાં ડાયનાસોરના પંજાના નિશાન જોવા મળ્યાનો દાવો કરાયો છે. પગલાંના નિશાન ડાયનાસોરના હોવાનો દાવો છે. ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની સર્વે ટીમ ગુફામાં હતી, ત્યારે તેઓને હેરિટેજ ઈમારતોનો સર્વે કરતી ટીમને ગુફામાં પગલાંના નિશાન દેખાયા હતા. પાંચ હજાર વર્ષ જૂના પૌરાણિક ઘૂઘરદેવ મંદિરની ગુફામાંથી અવશેષો મળતા લોકોમાં કૂતુહલ ફેલાયું છે. આ બાદ મંદિર ખાતે કલેક્ટરે રાત્રિ ગ્રામ સભા કરી હતી. કલેક્ટરે ગુફાની મુલાકાત પણ લીધી. જોકે, હજી સુધી આ ચિન્હો કોના છે તે ચકાસણી કરાયા બાદ જ માલૂમ પડશે. કચ્છની પાનધ્રો પાસેની લિગ્નાઈટ ખાણમાં અત્યાર સુધીના સૌથી મોટા સાપના અવશેષો મળી આવ્યાછે.ઈન્ડિયન



ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી રૂરકી (IITR) માં પેલિયોન્ટોલોજીમાં પોસ્ટડોક્ટરલ સંશોધક અને સાયન્ટિફિક રિપોર્ટ્સ જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસના મુખ્ય લેખક દેબાજીતે દત્તાએ આ અંગેનો રિપોર્ટ રજૂ કર્યો હતો.જે અનુસાર જે સાપના અવશેષો મળી આવ્યા છે તેની લંબાઈ ૪૯ ફૂટ એટલે કે ૧૫ મીટર સુધીની છે અને આ અવશેષો ૪૭ મિલિયન વર્ષો પહેલાના હોવાનું માનવામાં આવી રહ્યું છે. આમ, ગુજરાતની ભૂમિમાં અનેક પ્રાચીન અવશેષો મળી આવ્યા છે. ગુજરાતના બાલાશિનોરમાં પણ ડાયનાસોરના અવશેષો મળી આવ્યા છે. ૧૯૮૦ના દાયકામાં બાલાસિનોરના રૈયોલી ગામમાં પ ેલિયોન્ટોલોજિસ્ટ્સ આકસ્મિક રીતે અવશેષો અને હાડકાં શોધી કાઢ્યા હતા. ત્યારથી આ સ્થળ સંશોધકોથી ભરેલું છે અને આ વિસ્તારમાં અનેક ખોદકામ થયા છે, જેના તારણો પરથી જાણવા મળ્યું છે કે લગભગ ૬૪ મિલિયન વર્ષો પહેલા ડાયનાસોરની ૧૩ થી વધુ પ્રજાતિઓ હતી. આમ, ગુજરાતની ભૂમિમાં અનેક પ્રાચીન અવશેષો મળી આવ્યા છે. ગુજરાતના બાલાશિનોરમાં પણ ડાયનાસોરના અવશેષો મળી આવ્યા છે. ૧૯૮૦ના દાયકામાં બાલાસિનોરના રૈયોલી ગામમાં પેલિયોન્ટોલોજિસ્ટ્સ આકસ્મિક રીતે અવશેષો અને હાડકાં શોધી કાઢ્યા હતા. ત્યારથી આ સ્થળ સંશોધકોથી ભરેલું છે અને આ વિસ્તારમાં અનેક ખોદકામ થયા છે, જેના તારણો પરથી જાણવા મળ્યું છે કે લગભગ ૬૪ મિલિયન વર્ષો પહેલા ડાયનાસોરની ૧૩ થી વધુ પ્રજાતિઓ હતી.

## અમરેલી એરપોર્ટ ઉપર વિમાનનું ક્રેશ લેન્ડિંગ થયું, પાઇલોટ જે ટ્રેનિંગ સ્ટુડન્ટ હતો, તેનો આબાદ બચાવ

। અમરેલી, તા.૨૮ ।

અમરેલી જિલ્લામાં ફરીવાર એક એરક્રાફ્ટ અકસ્માતની ઘટના સામે આવી છે. જિલ્લામાં આવેલા ટ્રેનિંગ સેન્ટરનું પ્લેન વરસાદી માહોલમાં લેન્ડિંગ દરમિયાન રનવે પરથી નીચે ઉતરી ગયું હતું. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. પાઈલોટ જે ટ્રેનિંગ સ્ટુડન્ટ હતો, તેનો આબાદ બચાવ થયો છે. માહિતી અનુસાર, અમરેલી એર પોર્ટ પર ભારે વરસાદ અને પવનના કારણે વિઝિબિલિટી ઘટી ગઈ હતી. પ્લેન લેન્ડિંગ માટે એરપોર્ટની રનવે પર આવી રહ્યું હતું ત્યારે પાઈલોટે વિમાન પરનો કંટ્રોલ ગુમાવ્યો હતો. પરિણામે પ્લેન સીધું રનવે પરથી બહાર જતું રહ્યું અને એરપોર્ટની બહાર આવેલા ખુલ્લા મેદાનમાં ઘુસી ગયું. સદભાગ્યે જાનહાનિ થઈ નથી, પરંતુ એરક્રાફ્ટને નુકસાન થયું છે. આ ઘટના બાદ એરપોર્ટની ટેક્નિકલ ટીમ, ટ્રેનિંગ સેન્ટરના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આ દુર્ઘટનામાં પાયલટનો આબાદ બચાવ થયો હતો. ઘટનાને પગલે એરપોર્ટની ટેકનિકલ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનામાં એરક્રાફ્ટને નુકસાન થયું છે, પ રંતુ સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. એક વર્ષ પહેલા અમરેલી જિલ્લાના ગીરીયા વિસ્તારમાં ટ્રેનિંગ સેન્ટરના પ્લેનનો અકસ્માત થયો હતો જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. આ તાજેતરની ઘટના એ સમયે ફરીવાર ચર્ચામાં આવી છે. સ્થાનિક લોકોએ પાઈલોટને સુરક્ષિત જોઈ રાહતનો શ્વાસ લીધો છે.

### ઈન્ફ્લુએન્ઝરની રીલથી ભડક્યું બજરંગ દળ

## સુરતના ગરબામાં ફિલ્મી ગીત પર ઈન્ફ્લુએન્સરની રીલ પર વિવાદ

### બજરંગ દળના કાર્યકરોએ ગરબા સ્થળે પહોંચીને ફિલ્મી ગીતો ન વગાડવા માટેની આપી સૂચના આપી હતી

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

ગરબા આયોજનમાં હીન્દી ગીત પર મહિલાએ રીલ્સ બનાવતા વિવાદ થયો છે. ગરબામાં લૈલા ઓ લૈલા ગીત પર મહિલા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે બનાવેલી રીલ્સ વાયરલ થઈ હતી. જેના બાદ બજરંગ દળના કાર્યકરો ગરબા સ્થળે પહોંચ્યા હતા અને આયોજકોને ગરબામાં હિન્દી ફિલ્મના ગીતો ન વગાડવા સૂચના અપાઈ. સુરતના પાલ વિસ્તારમાં આવેલા ગ્રીન સિટીના ગરબામાં એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે નવરાત્રિના ગરબાના સ્થળે 'લેલા ઓ લેલા' હિન્દી ફિલ્મ સોંગ પર રીલ્સ બનાવીને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરી હતી. આ રીલ્સ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોએ તેનો સખત વિરોધ કર્યો હતો. બજરંગ દળના કાર્યકરોને આ વીડિયોની જાણ થતાં તેઓ ગ્રીન સિટી પહોંચ્યા હતા અને સોસાયટીના આયોજકો સાથે વાત કરીને આ કૃત્ય સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે આયોજકોને ભવિષ્યમાં નવરાત્રિ દરમિયાન આવા હિન્દી ફિલ્મના ગીતો ન વગાડવા માટે અને લોકોની ધાર્મિક લાગણીઓ ન દુભાય તે માટે સૂચના આપી હતી. આમ, વડોદરા, રાજકોટ બાદ હવે સુરતથી વિવાદ સામે આવ્યો છે. સુરતમાં ગરબામાં હિન્દી ફિલ્મના ગીત પર રીલ બનાવાતા વિવાદ સર્જાયો છે. ગરબામાં લૈલા ઓ લૈલા ગીત પર રીલ બનાવતા લોકો ભડક્યા હતા.

## મહિલાએ લગનના ૭ મહિનામાં જ આપઘાત કરી લેતા ચકચાર મચી, ત્રણ માસના ગર્ભ સાથે મહિલાનો ગળાફાંસો

### પિતાએ ફરિયાદમાં જણાવ્યું કે, લગ્ન થયાના થોડા દિવસમાં જ મોનિકાના સાસરી પક્ષના લોકો તેને દહેજ માટે ત્રાસ આપતા હતા

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં એક પરણિત મહિલાએ લગ્નના ૭ મહિનામાં જ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ પરિણીત મહિલા ત્રણ મહિનાથી ગર્ભવતી હતી. ગર્ભમાં બાળક હોવા છતા મહિલાએ કેમ આવું પગલું ભર્યુ તે ગંભીર બાબત છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અશોકભાઈને સંતાનમાં ચાર દીકરીઓ છે. જેમાંથી ત્રીજા નંબરની દીકરી મોનિકાના લગ્ન હજી છ મહિના પહેલા જ દિલીપ શ્રીવાસ્તવ સાથે થયા હતા. લગ્ન બાદ મોનિકા સાસરિયામાં રહેતી હતી. અમદાવાદના મેમનગર વિસ્તારમાં રહેતી મોનિકાએ અચાનક ગત રોજ આપઘાત કરી લીધો હતો. તેણે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. દીકરીના મોતની ખબર સાંભળીને પિયરવાળાના પગ નીચેથી



જમીન સરકી ગઈ હતી. તો બીજી તરફ, જાણવા મળ્યું કે મોનિકાને ત્રણ મહિનાનો ગર્ભ હતો. પેટમાં ત્રણ મહિનાનું બાળક હોવા છતાં મોનિકાએ આવું પ ગલુ કેમ ભર્યું તે પરિવારજનો માટે શોકિંગ બાબત હતી. ત્યારે મોનિકાના પિતાએ તેના સાસરિયા સામે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે. તેના પિતાએ ફરિયાદમાં જણાવ્યું કે, લગ્ન થયાના થોડા દિવસમાં જ મોનિકાના સાસરી પક્ષના લોકો તેને દહેજ માટે ત્રાસ આપતા હતા. સાસરીવાળા તેને શરીરિક તેમજ માનસિક રીતે ત્રસ્ત કરી દેતા હતા.

મોનિકાના પિતાએ પોલીસ સ્ટેશનમાં મોનિકાના પતિ દિલીપ શ્રીવાસ (નાઈ), સાસુ કિરણબેન તેમજ નણદોઈ રવિના ત્રાસથી કંટાળીને મોનિકાએ આત્મહત્યા કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પિતા અશોકભાઈએ કહ્યું કે, મેં ગમે તેમ રૂપિયા ભેગા કરીને દીકરીના લગ્ન કરાવ્યા હતા. પરંતું છતા તેના સાસરીવાળા મારી દીકરીને ત્રાસ આપતા હતા. મારી દીકરીના પેટમાં ત્રણ મહિનાનું બાળક હતું છતાં પણ તેને આત્મહત્યા કરી દીધી છે. આવા લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

## ચીખલીમાં મેઘરાજાએ બોલાવી ધડબડાટી, ૨૫૦ ટન અનાજ પલળ્યું

। ચીખલી, તા.૨૮ ।

નવસારી અને વલસાડમા મિનિ વાવાઝોડાએ વિનાશ વેર્યો છે. ચીખલી તાલુકામાં વાવાઝોડાની ગંભીર અસર જોવા મળી છે. ચીખલીમાં આવેલા નાગરિક પુરવઠા નિગમનું ૨૫૦ ટન અનાજ પલળ્યું છે. ગોડાઉનના પતરા ઉડી જતા અનાજ બરબાદ થયું છે. સરકારી અનાજ ભીનું થઈ જતા કરોડોનું નુકસાન થયું છે. દિવાળી સમયે આપવા માટે રાખેલું અનાજ ભીનું થઈ ગયું હોવાથી મોટું નુકસાન થયું છે. ગરીબોની દિવાળી બગડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે નવસારીમાં પણ ગત રાતથી જિલ્લામાં મેઘરાજાની ધડબડાટી જોવા મળી છે. ચીખલી, વાંસદા અને ખેરગામમાં વરસાદ સાથે મિની વાવાઝોડું ફૂંકાયું હતુ. ચીખલીના તલાવચોરા અને વાંસદા શીણગઈમાં પણ ભારે નુકસાન થયું છે. ભારે પવનથી ૫૦થી વધુ ઘરોના પતરા ઉડ્યા છે. જેના પગલે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. કેટલાક વિસ્તારોમાં અનેક વૃક્ષો ધરાશાયી થયા છે.

## નવરાત્રિના સાતમા નોરતે વરસાદની ધમાકેદાર એન્ટ્રી

### જીવરાજપાર્ક, વેજલપુર, વાસણા, સેટેલાઈટ, શિવરંજની, એસજી હાઈવે, બોપલ, ઘુમા, થલતેજમાં વરસાદ તૂટી પડ્યો

। અમદાવાદ, તા.૨૮ ।

હવે ખેલૈયાઓના રંગમાં ભંગ પડશે. આગામી બે દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ વરસશે. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી છે. વરસાદને અનેક જિલ્લાઓને એલર્ટ કરાયા છે. ત્યારે હવે ગરબા ગ્રાઉન્ડ પર પાણી ભરાયા છે. ગરબા થશે કે નહિ તે મોટું ટેન્શન ખેલૈયાઓને સતાવી રહ્યું છે.

સામાન્ય રીતે રવિવારે નવરાત્રી ઉત્સવમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘૂમવા માટે જોડાતા હોય છે. પરંતુ ભારે વરસાદના કારણે આજના દિવસના આયોજન પર મોટું સંકટ તોળાયું હતું. આયોજકો હવે પંડાલમાં પ ાણી ન ભરાઈ અને સ્ટેજ તથા સાઉન્ડ સિસ્ટમને નુકસાન ન થાય તે માટેના પ્રયત્નો કરી રહ્યા હતા. ખેલૈયાઓ પણ માહોલ સ્વચ્છ અને રમવાલાયક બને તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાં વરસાદનું આગમન થયું છે. જીવરાજપાર્ક, વેજલપુર, વાસણા, સેટેલાઈટ, શિવરંજની, એસજી હાઈવે, બોપલ, ઘુમા, થલતેજ, વસ્ત્રાપ ુરમાં વરસાદ તૂટી પડ્યો છે. વરસાદ આવતા ખેલૈયાઓમાં નિરાશા વ્યાપી છે. ગરબાની તૈયારી કરતા ખેલૈયાઓ થયા નિરાશ થયા હતા.

ડભોઈમાં વહેલી સવારથી જ વરસાદ વરસી રહ્યો છે. વરસાદને લઈને આજે ગરબા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ગ્રાઉન્ડમાં પાણી ભરાઈ જતા આજે ગરબા બંધ રહેશે. છઁસ્ઝ મેદાન ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦ હજારથી વધારે ખેલૈયાઓ છઁસ્ઝ મેદાનમાં ગરબા રમે છે. ત્યારે આજે ગરબા બંધ રહેતા ખેલૈયાઓ નિરાશ થયા છે.

શહેરમાં વહેલી સવારથી પ ડી રહેલા ભારે વરસાદે નવરાત્રી ઉત્સવના આયોજકો અને ખેલૈયાઓની મુશ્કેલી વધારી દીધી છે. હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જેના કારણે ગરબાના રંગમાં ભંગ પડવાની પૂરેપૂરી સંભાવના છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ખુલ્લા નવરાત્રીના પંડાલ વરસાદી પાણીમાં તરબોળ થઈ ગયા છે. ખાસ કરીને, લીંબાયત વિસ્તારમાં આવેલા ઝણકાર નવરાત્રી પંડાલમાં પાણી ભરવાની શરૂઆત થઈ જવાના કારણે આયોજકોની ચિંતા વધી છે. પંડાલના પરિસરમાં વરસાદી પાણીનો સંગ્રહ થવા લાગ્યો છે. અને જો વરસાદ આ જ રીતે ચાલુ રહેશે તો અનેક પંડાલમાં પાણી ભરાવવાની સંભાવના છે.

## વિફરેલા બનેલીએ રિવોલ્વર કાઢી સાળા પર ત્રણ ગોળી ધરબી દીધી

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના થલતેજ વિસ્તારમાં બનેવીએ સાળા પર ફાયરિંગ કર્યું હોવાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. થલતેજમાં રહેતી એક યુવતીએ પોતાના ભાઈને જાણ કરી કે તેનો પતિ મારઝૂડ કરે છે. જે બાદ બહેનને લેવા માટે ગયેલા ભાઈ પર તેના બનેવીએ મારામારી કરી રિવોલ્વરથી ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું છે. જેમાં યુવતીનો ભાઈ એટલે કે ફાયરિંગ કરનારના સાળાને બે ગોળીઓ વાગી છે, જે બાબતે બોડકદેવ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, અમદાવાદના થલતેજમાં એક ઠક્કર દંપતી રહે છે, જેમાં પતિ મૌલિક ઠક્કર તેની પત્ની સાથે વારંવાર મારઝૂડ કરતો હોવાથી આ પત્નીએ કંટાળીને આખરે તેના ભાઈ સુધીર ઠક્કરને આ સમગ્ર વાતની જાણ કરી હતી. જેથી ભાઈ સુધીર ઠક્કર તરત જ તેની બહેનને લેવા માટે થલતેજ બનેવીના ઘરે પહોંચ્યો હતો. શરુઆતમાં આ સાળા-બનેવી વચ્ચે વાતચિત શરુ થઈ, જેને આગળ જતા ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને ઘટના હિંસક બની હતી. ફરિયાદ અનુસાર, બનેવી મૌલિક ઠક્કરે તેના સાળા સુધીર ટક્કર સાથે મારામારી શરૂ કરી હતી અને બાબતમાં રિવોલ્વર કાઢી ત્રણ રાઉન્ડ ધડાધડ ફાયરિંગ કરી દીધું હતું, જે ફાયરિંગની ઘટનામાં એક ગોળી સુધીરની ગાડીના કાચ પર અથડાતા કાચ ફૂટી ગયો હતો. જ્યારે બે ગોળી સીધી સાળા સુધીરને વાગી જતા તેને ગંભીર ઈજાઓ થઈ છે. ફાયરિંગનો અવાજ સંભળાતા આસપાસના વિસ્તારમાં રહેતા લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સુધીરને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. જે ફાયરિંગની ઘટનામાં એક ગોળી સુધીરની ગાડીના કાચ પર અથડાતા કાચ ફૂટી ગયો હતો. જ્યારે બે ગોળી સીધી સાળા સુધીરને વાગી જતા તેને ગંભીર ઈજાઓ થઈ છે. ફાયરિંગનો અવાજ સંભળાતા આસપ ાસના વિસ્તારમાં રહેતા લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સુધીરને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો.

## અમદાવાદમાં સાતમાં માળેથી ત્રણ મજૂરો નીચે પટકાતા બેનાં મોત, હોર્ડિંગ લગાવતા સમયે બની દુર્ઘટના

। અમદાવાદ, તા.૨૮ ।

શહેરના સાઉથ બોપલ વિસ્તારમાંથી થાંભલાના વાયર સાથે હોર્ડિંગ અડી જતા ધડાકાભેર બ્લાસ્ટ થયાની ગંભીર ઘટના સામે આવી છે. જેમાં સાતમાં માળેથી ત્રણ મજુરો નિચે પટકાતા બે મજુરોનાં દુઃખદ મોત થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સાઉથ બોપલમાં ભાગવત બંગલોની સામે ૭ માળની બિલ્ડીંગ પર ત્રણેય મજુરો હોર્ડિંગ લગાવતા હતા તે સમયે થાંભલાના વાયર સાથે હોર્ડિંગ અડી જતા ધડાકાભેર બ્લાસ્ટ થતા આ દુર્ઘટના બની હતી. જે બાદ પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી છે અને આ મામલે તપાસ શરુ કરી છે. મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના આજે બપોરે અમદાવાદ સાઉથ બોપ લ વિસ્તારના ભાગવત બંગલોની સામેલી ૭ માળની રહેણાંક બિલ્ડિંગ પર બની છે. જ્યાં ત્રણ મજૂરો હોર્ડિંગ લગાવવાનું કામ કરી રહ્યા હતા. તેઓ બિલ્ડિંગના સાતમા માળ પર કામ કરતા હતા, ત્યારે હોર્ડિંગનો એક ભાગ થાંભલાના હાઈ વોલ્ટેજ વાયર સાથે અડી ગયો હતો. જેના કારણે તાત્કાલિક વીજળીના ઝટકાને કારણે તીવ્ર બ્લાસ્ટ થયો હતો અને મજૂરોનું સંતુલન ખોરવાઈ જતા તેઓ સાતમાં માળેથી નીચે પટકાયા હતો. ઘટના બાદ થોડી જ વારમાં લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા અને બોપલ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જે બાદ પોલીસે સાતમાં માળેથી નીચે પટકાયેલા ત્રણમાંથી બે મૃતક મજૂરોના મૃ તદેહનેઁ ર અર્થે હોસ્પિટલ મોકલી આપ્યો હતો



અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બે મજૂરોને તપણ તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે અને ઘટના બાબતે તપાસ શરૂ કરી છે. આ ઘટના અમદાવાદમાં નગરીકરણની ઝડપી ગતિ વચ્ચે મજૂરોની સુરક્ષા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. આ દુર્ઘટનાએ ફરી એક વાર યાદ અપાવી દીધી કે, વિકાસની દોડમાં સુરક્ષાને અવગણવું મોતનું આમંત્રણ છે. જોકે પોલીસ અને વહીવટી વિભાગો દ્વારા તપાસ પૂર્ણ થતાં વધુ વિગતો સામે આવશે. મોત થયેલા મજૂરના પરિવારજનોને શોકમાં ડૂબેલા જોવા મળી રહ્યા છે, અને સમુદાયે તેમને સહાનુભૂતિ વ્યક્ત કરી છે. અને ઘટના બાબતે તપાસ શરૂ કરી છે. આ ઘટના અમદાવાદમાં નગરીકરણની ઝડપી ગતિ વચ્ચે મજૂરોની સુરક્ષા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. આ દુર્ઘટનાએ ફરી એક વાર યાદ અપાવી દીધી કે, વિકાસની દોડમાં સુરક્ષાને અવગણવું મોતનું આમંત્રણ છે. જોકે પોલીસ અને વહીવટી વિભાગો દ્વારા તપાસ પૂર્ણ થતાં વધુ વિગતો સામે આવશે. મોત થયેલા મજૂરના પરિવારજનોને શોકમાં ડૂબેલા જોવા મળી રહ્યા છે, અને સમુદાયે તેમને સહાનુભૂતિ વ્યક્ત કરી છે.

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL


નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393